
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂ. ૧૨૫/-
મે, ૨૦૨૨





## નવા શણગાર સજીને સજ્જ થઈ મહાપ્રાસાદિક

# આંબલીવાળી પોળ

## જ્યાં કાળજે કોતરાઈ છે ઇતિહાસની ચિરંતન પળો



**અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવે જીર્ણોદ્ધાર પામેલી આંબલીવાળી પોળ 'યજ્ઞપુરુષ પોળ'**

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે જ્યાં બિરાજમાન રહીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અનેક મહાન નિર્ણયો લીધા છે, અનેક મહાન કાર્યો કર્યાં છે, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને પાર્ષદદીક્ષા આપીને પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે એ અમદાવાદની મહાપ્રાસાદિક આંબલીવાળી પોળનો તાજેતરમાં જીર્ણોદ્ધાર થયો અને બી.એ.પી.એસ. સંસ્થાનું ઐતિહાસિક આ સ્મારક પુનઃ દર્શનાર્થે ઉદ્ઘાટિત થયું. એ અવસરની સ્મૃતિ છબિઓ. (તા. ૨૭-૩-૨૦૨૨)



# પોળ-સંસ્કૃતિમાંથી વિકસેલા અમદાવાદમાં

## એક નિરાળા આધ્યાત્મિક આંદોલનની ગાથા

આશાવલ્લ, આશાપલ્લી, કર્ણાવતી, અહમદાબાદ અને અમદાવાદની વિવિધ નામાવલિઓમાંથી પસાર થતું અમદાવાદ પશ્ચિમ ભારતનું એક એવું શહેર છે કે જ્યાં ઈતિહાસની અનેક ઘટનાઓ કાળના ચોપડે થીજી ગઈ છે. પુરાતત્ત્વીય અવશેષો એટલું તો જરૂર સાબિત કરે છે કે આ નગર ૫૦૦૦ વર્ષો પુરાણી એક પ્રાચીન વસાહત હતી.[૧] પરંતુ સાબરમતીના તટે, આજથી ૧૦૦૦ વર્ષ પૂર્વે આશાપલ્લી શહેરની ધજાપતાકા ફરફરતી હતી, એ એક ઈતિહાસ છે. કહે છે કે છ લાખ ભીલોના રાજા આશા ભીલે એ વસાવ્યું હતું.[૨] પાટણ અને ખંભાતની જાહોજલાલી સામે આશાપલ્લીનું પણ એક દબદબાભર્યું ગૌરવસ્થાન હતું. શહેર ધર્મભાવનાથી રસાયેલું હતું અને વેપાર-વાણિજ્યમાં કસાયેલું હતું. શહેરનાં દેવમંદિરોમાં

૧. પરીખ રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, સંપાદક (૧૯૭૬), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ ૫. અમદાવાદ : શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન.

૨. મહેતા કપિલરાય મ. (૧૯૪૮), અમદાવાદ સર્વસંગ્રહ. અમદાવાદ : ગુજરાત પબ્લિશર્સ. પૃ. ૨

ઘંટારવ અવિરત ગુંજતો રહેતો હતો, તો ખંભાત-ભરૂચ બંદરેથી પાટણ થઈને દિલ્હી સુધી જતા ધોરીમાર્ગમાં વચ્ચે આવતું આશાપલ્લી, વેપારી મથક તરીકે પણ આગવું મહત્ત્વ ધરાવતું હતું.[૩]

૧૨મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં પાટણ-સમ્રાટ કર્ણદેવ સોલંકીએ આશાપલ્લી પર વિજય મેળવીને પોતાના નામ સાથે જોડાયેલું કર્ણાવતી નગર સ્થાપ્યું, કર્ણેશ્વર મહાદેવનું દેવાલય રચાવ્યું, તેમજ કર્ણાવતીને શોભાવતું વિશાળ કર્ણસાગર સરોવર રચાવ્યું ત્યારે કર્ણાવતીની જાહોજલાલી આસમાને હતી.[૪]

ત્યારબાદ નવાં નવાં રૂપ ધારણ કરતી કર્ણાવતી નગરી એક પછી એક નવા નવા શાસકોના હાથમાં સરકતી રહી. ગુજરાતના છેલ્લા સોલંકી રાજવી કર્ણ વાઘેલા પાસેથી અલ્લાઉદ્દીન ખીલજીએ ગુજરાત જીત્યું. ત્યારબાદ એક સદી સુધી કર્ણાવતીએ અવ્યવસ્થા અને અંધેરયુગનો અનુભવ કર્યો.[૫]

છેક ચૌદમી સદીના અંત ભાગમાં દિલ્હી સલ્તનતનો છેલ્લો સૂબો મુઝફ્ફરશાહ સ્વતંત્ર થઈ ગયો અને તે પાટણની ગાદી ઉપર બેઠો. એનો પૌત્ર અહમદશાહ સન ૧૪૧૦માં પાટણની ગાદીએ આવ્યો ત્યારે, એને કર્ણાવતી-આશાવલનાં હવા-પાણી ખૂબ પસંદ લાગ્યાં. આથી આશાવલ-કર્ણાવતીના ઉત્તર-પશ્ચિમ પડખે તેણે અહમદાબાદ વસાવવાનો નિર્ણય કર્યો.

વિક્રમ સંવત ૧૪૬૮માં પુષ્ય નક્ષત્રમાં (તા. ૨૬ ફેબ્રુઆરી, ૧૪૧૧ના રોજ) અમદાવાદના રાજગઢની પ્રથમ શિલા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર રોપાઈ.[૬] અણહિલવાડ-પાટણના કિલ્લાને ભદ્ર કહેતા હતા એટલે અમદાવાદના આ નવા રાજગઢ-કિલ્લાનું નામ પણ ભદ્રનો કિલ્લો પડ્યું. જ્યાં શહેરના નવનિર્માણની એ પ્રથમ શિલા રોપાઈ ત્યાં માણેક બુરજ નામે બુરજ થયો જે હાલ વિવેકાનંદપુલ (એલિસબ્રિજ)ની પૂર્વ બાજુએ પુલની દક્ષિણે આવેલો છે.[૭]

સન ૧૪૮૭માં અહમદશાહના પૌત્ર મહમદ બેગડાએ અમદાવાદની ચોતરફ ૧૦ કિ.મી. ઘેરાવાનો કોટ ચણાવ્યો, જેમાં ૧૨ દરવાજા અને ૧૮૯ પંચકોણી બુરજોનો સમાવેશ થાય છે.[૮] ત્યારબાદ અમદાવાદમાં મુગલ શાસન આવ્યું, જે દરમ્યાન શાહજહાંએ પણ પોતાનો ઘણો સમય અમદાવાદમાં વિતાવ્યો અને શાહીબાગમાં આવેલો મોતી શાહી મહાલ બનાવડાવ્યો. અમદાવાદ ૧૭૫૮ સુધી મુગલોનું મુખ્યાલય રહ્યું, ત્યારબાદ તેમણે મરાઠા સામે સમર્પણ કર્યું. અને ૧૯મી સદીના આરંભે અમદાવાદનું શાસન આખરે બ્રિટિશરોએ સંભાળ્યું. આમ શાસનની ધુરા એક હાથમાંથી બીજા હાથમાં સરકતી રહી, પરંતુ અમદાવાદની શાન બરકરાર રહી.

૧૫મી સદીનો ઇતિહાસ-લેખક અને 'તારીખે અહમદ-શાહી'નો રચયિતા હુલ્વી શિરાઝ લખે છે કે આ શહેર ધરતીના મુખ પર સુંદર તલ જેવું શોભી ઊઠ્યું છે, જેનો જોટો આસમાને જોયો નથી.[૯]

'તારીખે ફિરિશ્તા'નો લેખક મોહમ્મદ કાશી લખે છેઃ 'અમદાવાદ એકંદરે આખા હિન્દુસ્તાનમાં સર્વથી સુંદર શહેર છે. અને કદાચ તેને આખી દુનિયામાં પણ સર્વથી સુંદર કહી શકાય. એના મુખ્ય માર્ગ એકી સાથે દસ ગાડી પસાર થઈ શકે એટલા પહોળા છે.'[૧૦]

અમદાવાદની વ્યાપારી ખ્યાતિ પણ જગતભરમાં ફેલાયેલી હતી. અમદાવાદનાં કિનખાબ, મશરૂ અને સુતરાઉ કાપડ, ખંભાતથી વિદેશોમાં નિકાસ પામતાં અને છેક કેરોથી લઈને બેજિંગ સુધીનાં શહેરોમાં તેની

૩. મહેતા કપિલરાય મ. (૧૯૪૮), અમદાવાદ સર્વસંગ્રહ. અમદાવાદ : ગુજરાત પબ્લિશર્સ. પૃ. ૨.
૪. ગુ.રા.સાં.ઇ. (૧૯૭૬), ગ્રંથ ૪, પૃ. ૪૨, ૧૬૫.
૫. અમદાવાદ સર્વસંગ્રહ (૧૯૪૮), પૃ. ૨.
૬. પ્રબંધ ચિંતામણિ, પૃષ્ઠ ૫૫, ગુ.રા.સાં.ઇ., ગ્રંથ ૫, પૃ. ૫૯, અમદાવાદ સર્વસંગ્રહ (૧૯૪૮), પૃ. ૨.
૭. ગુ.રા.સાં.ઇ., ગ્રંથ ૫ (૧૯૭૭), પૃ. ૫૯
૮. G Kuppuram (1988). India Through the Ages: History, Art, Culture, and Religion. Sundeep Prakashan. પાનું 739.
૯. જોટ રત્નમણિરાવ ભીમરાવ (૧૯૨૯), ગુજરાતનું પાટનગર અમદાવાદ; ગુ.રા.સાં.ઇ., ગ્રંથ ૫ (૧૯૭૭), પૃ. ૬૨.
૧૦. ફિરિશ્તા મુહમ્મદ કાસીમ (૧૮૩૧-૩૨), તારીખે ફિરિશ્તા, ભાગ ૧-૨, પૂના; ગુજરાતી અનુવાદ : આ.મો.દીવાનજી (૧૯૧૭), ફિરિશ્તા કૃત ગુજરાતના મુસલમાની સમયનો ઇતિહાસ, ગુ.રા.સાં.ઇ. (૧૯૭૭), ગ્રંથ ૫, પૃ. ૬૩



ચિત્ર: રણજિતસિંહ 'મેઘાણી'

અમદાવાદમાં શાહીબાગના આમ્રકુંજમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પધરામણીનું સ્મૃતિચિત્ર...

ખૂબ ખપત થતી. આફ્રિકાના કિનારા પર તો આ કાપડ સોનાના બદલામાં વેચાતું અને તેની સો ગણી કિંમત ઊપજતી. અમદાવાદથી દર ૧૦ દિવસે નિકાસ માટે કીમતી સામાન ભરેલાં ૨૦૦ ગાડાં ખંભાત બંદરે જતાં.[૧૧]

સન ૧૫૮૮માં સીઝર ફ્રેડરિક નામનો મુસાફર લખે છે કે, 'મેં નજરે ન જોયું હોત તો અમદાવાદનો આટલો મોટો વેપાર છે એ હું માનત નહીં.' સન ૧૬૩૮માં મેન્ડેલ્સ્લો નામનો એક યુરોપિયન લખે છે કે, 'આખા એશિયામાં કોઈ પ્રજા કે કોઈ માલ ભાગ્યે જ એવો છે કે જે અમદાવાદમાં જોવા ન મળે.'[૧૨]

૧૬૯૫માં જેમિલિ કેરેરિ નોંધે છે કે, 'અમદાવાદ ઉદ્યોગોનું વડું મથક છે. હિંદમાં સૌથી મોટું શહેર છે અને પંખીઓ તથા ફૂલોની અદ્‌ભુત ભાતવાળા કિનખાબ માટે એ વેનિસથી જરાય ઊતરતું નથી.'[૧૩]

સુતર, રેશમ અને કિનખાબમાં અમદાવાદની આગવી હથોટી હતી. ઔરંગઝેબના સમયમાં અમદાવાદ આવેલો યુરોપિયન લેખક ટેવર્નિયર લખે છે કે, 'અમદાવાદ હિન્દુસ્તાનમાં એક મોટામાં મોટું શહેર છે. ત્યાં રેશમ, મલમલ અને કિનખાબનો જબ્બર વેપાર ચાલે છે.'[૧૪]

સૂતર, રેશમ અને કસબના તાણાવાણાઓમાં ગૂંથાયેલા આ મહાનગર અમદાવાદને મળ્યો – ભગવાન સ્વામિનારાયણનો દિવ્ય સંગ. સન ૧૮૦૩-૦૪માં ભગવાન સ્વામિનારાયણે અમદાવાદને પ્રથમવાર પોતાની ચરણરજથી ધન્ય કર્યું ત્યારે શાહીબાગ તેમની કૃપાથી કૃતાર્થ થયો હતો. દિલ્હી દરવાજે થઈ શહેરની ઉત્તરે સાબરમતીનાં જળમાં સ્નાન કરવા પધારેલા શ્રીહરિની સ્નાનલીલાનું વર્ણન કરીને સંપ્રદાયના ગ્રંથકારો લખે છેઃ 'આ રીતે સ્નાન કરી, કપડાં પહેરી, સૂબાના[૧૫] આમંત્રણથી નજીકમાં ગંગાજી(નદી)ના કિનારે રહેલા તેમના મહેલ(શાહીબાગ મહેલ)માં શ્રીહરિ પધાર્યા. સૂબાએ શ્રીહરિને સત્કારપૂર્વક પધરાવી, પૂજા કરી,

૧૧. જોટ રત્નમણિરાવ ભીમરાવ (૧૯૨૯), ગુજરાતનું પાટનગર અમદાવાદ; ગુ.રા.સાં.ઇ., ગ્રંથ ૫ (૧૯૭૭), પૃ. ૬૮.

૧૨. એજન.

૧૩. એજન. પૃ. ૬૯.

૧૪. એજન. પૃ. ૬૫

૧૫. તે સમયે અમદાવાદના સર સૂબા કાકાસાહેબ રઘુનાથ હતા. આ સૂબાને ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે દ્વેષ નહોતો. કાકાસાહેબના મુખ્ય કારભારી મલ્લબા હતા અને મલ્લબાના ભત્રીજા ચીમનરાવજી શહેરના એક પ્રતિષ્ઠિત કારભારી હતા. તેમને ખુશાલ ભટ્ટના (પછીથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી) સત્સંગથી ભગવાન સ્વામિનારાયણનો નિશ્ચય થયો હતો. આ ચીમનરાવજીના યોગને કારણે સૂબાને શ્રીહરિ પ્રત્યે સદ્‌ભાવ થયો હતો. આ ચીમનરાવજીએ વરતાલનાં વચનામૃત ૬-૭માં શ્રીહરિને પ્રશ્નો પૂછ્યા છે. (અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ, પૃ. ૨૮-૨૯)

ભેટો ધરી, આરતી કરી. સંતોની પણ પૂજા કરી... નદી કિનારાનાં વૃક્ષો, વનવેલીઓ તથા પક્ષીઓની શોભા જોઈ શ્રીહરિએ આ શહેરનાં તથા નદીનાં ઘણાં જ વખાણ કર્યાં. શાહી મહેલની ઇંદ્રપુરી જેવી રચના તથા શોભા જોઈ શ્રીહરિ હાથી ઉપર વિરાજી નવાવાસમાં પોતાના ઉતારે પધાર્યા.'[૧૬]

અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણની આ સર્વપ્રથમ પધરામણી પણ શાહી સન્માન સાથે શાહીબાગમાં થઈ. ત્યારપછી જ્યારે જ્યારે તેઓ અમદાવાદ પધાર્યા ત્યારે શાહીબાગ અવશ્ય પધાર્યા છે.

સન ૧૮૦૯માં તત્કાલીન અમદાવાદના મરાઠી સૂબા વિઠ્ઠલરાવને કારણે સતત ૧૦ વર્ષ સુધી અમદાવાદને શ્રીહરિનો લાભ ન મળ્યો. પરંતુ સન ૧૮૧૮માં મરાઠી શાસનનો અંત આવ્યો અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ખેડા જિલ્લાના બ્રિટિશ કલેક્ટર એન્ડ્રુઝ ડનલોપ વતી અમલદાર એરણ સાહેબે અમદાવાદનો કબજો સંભાળ્યો ત્યારે એ અંગ્રેજ અમલદારોની વિનંતીથી પુનઃ શ્રીહરિનું શાહી સન્માન સાથે અમદાવાદમાં આગમન થયું.

પોતાની બાવીસ-ત્રેવીસ વર્ષની નવયુવાન ચપળ વયે શ્રીહરિએ અમદાવાદમાં પોતાનું આધ્યાત્મિક સાંનિધ્ય આપવાની કૃપા કરી ત્યારે તેઓએ તરવરાટ સાથે તળ અમદાવાદના ભાગ્યે જ કોઈ ખૂણાને વણ સ્પર્શ્યો રાખ્યો હશે! એક પરંપરાગત ઇતિહાસ મુજબ તેઓએ અસંખ્ય વખત અમદાવાદમાં પધરામણી કરી છે તે દરમ્યાન અમદાવાદના પ્રસિદ્ધ કિલ્લાના બારે-બાર




**નાની પગથીઓ, થાંભલી-ઓટલીઓ, ઝરૂખાઓ, કઠેડાઓ સાથેનું પોળનું સ્વાભાવિક હારબંધ ત્રિમંજિલા મકાનનું એક માનચિત્ર**

---

૧૬. મહંત શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસજી(૧૯૭૮), અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ. અમદાવાદ સ્વામિનારાયણ મંદિર, કાલુપુર. પૃ. ૩૬
નોંધ : આ ગ્રંથ સ્વામિનારાયણ સંપ્રદાયના જુદા જુદા સ્રોતોમાંથી તૈયાર કરવામાં આવ્યો છે. અલબત્ત, તેમાં મૂળ સ્રોતોના સંદર્ભો ટાંકવામાં ન આવ્યા હોવાથી માત્ર આ જ ગ્રંથ અત્રે ટાંકવામાં આવ્યો છે.

અમદાવાદની પોળનાં મકાનોનું આડછેદ ચિત્ર.
ઊંચા ઓટલા પર મોટાભાગે ત્રણ મંજિલા મકાનો અને વચ્ચે જતી સાંકડી પોળ




દરવાજાઓ પર ચઢીને કીર્તનોની રમઝટ સાથે સત્સંગલાભ આપ્યો છે, અમદાવાદના લગભગ બધાં જ દેવ-દહેરાંઓમાં દર્શન-નિવાસ કરીને મુમુક્ષુઓને ધન્ય કર્યા છે, અમદાવાદના તમામ પરાંઓની સેંકડો સાંકડી સાંકડી પોળોમાં ઘૂમીને નાત-જાતના ભેદભાવ વિના ઘરોઘર લોકોને કૃતાર્થ કર્યા છે, અમદાવાદની પશ્ચિમે વહેતી સાબરમતીના કાંઠે બધા જ આરાઓ પર સ્નાનલીલાઓ કરીને તેને તીર્થત્વ આપ્યું છે. કાલુપુર અને કાંકરિયાથી લઈને શાહીબાગની પ્રાસાદિક વાડી(જ્યાં આજે શાહીબાગનું બી.એ.પી.એસ. મંદિર ઊભું છે) તેમજ શાહીમહેલ અને નારણઘાટથી લઈને ભદ્રના કિલ્લા સુધી સ્વામિનારાયણીય અસ્મિતાનાં અનેક સીમાચિહ્નો સદા અમર બની રહ્યાં છે.

માત્ર ભગવાન સ્વામિનારાયણ નહીં, પરંતુ તેમના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને સંપ્રદાયના મહાન પરમહંસ સંતોએ આ શહેરને વારંવાર પાવન કરીને શહેરમાં એક આધ્યાત્મિક આંદોલનની હવા પ્રસરાવી હતી. સન ૧૮૫૧માં અમદાવાદના શેઠ મગનલાલ વખતચંદે અમદાવાદના ઈતિહાસનું પ્રથમ ગુજરાતી પુસ્તક પ્રકાશિત કર્યું તેમાં પણ ભગવાન સ્વામિનારાયણના શહેર પરના પ્રભાવને નોંધ્યો છે.[૧૭]

૧૯મી સદીના આરંભથી લઈને અને ૨૦મી સદીના લગભગ સંધ્યાકાળ સુધી અમદાવાદનો સ્વામિનારાયણીય સત્સંગ મુખ્યત્વે મંદિર ઉપરાંત નાની નાની પોળોમાં સચવાઈને ધરબાઈ રહ્યો હતો. એટલે સ્વામિનારાયણ સંપ્રદાયની અનેક ઐતિહાસિક બાબતો આ સેંકડો પોળ સાથે સંકળાયેલી છે. તેમાંય ૨૦મી સદીના આરંભથી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અમદાવાદની અનેક પોળોને પાવન કરીને એ ઈતિહાસને વધુ સંગીન બનાવી દીધો છે - એ કડવા પોળ હોય, રંગીલા પોળ હોય, હવેલીની પોળ હોય, માંડવીની પોળ હોય, બકરી પોળ હોય કે કીડીપાડાની પોળ હોય.

૧૭. મગનલાલ વખતચંદ શેઠ, અમદાવાદનો ઈતિહાસ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના છાપખાનામાં અમરેશ્વર કુબેરે છાપ્યું, સન ૧૮૫૧

તાજેતરમાં પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસની આવી એક અમર પોળ 'આંબલીવાળી પોળ' સૌના આકર્ષણનું વિશેષ કેન્દ્ર બની છે.

મહાપ્રાસાદિક આંબલીવાળી પોળની વાત માંડીને 'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક આપની સમક્ષ આવે છે ત્યારે એક ધાર્મિક-સામાજિક પરિપ્રેક્ષ્યમાં અમદાવાદની પોળ-સંસ્કૃતિ પર પણ એક નજર નાખી લઈએ, જ્યાંથી એવું એક આધ્યાત્મિક આંદોલન પ્રસર્યું છે જે આજે વિશ્વમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના નામથી આદરણીય બન્યું છે.

## અમદાવાદની પોળ-સંસ્કૃતિઃ એક આછી નજર

ઇતિહાસ કહે છે કે અમદાવાદની રચનાના મૂળમાં પાટણ શહેરની રચનાને લક્ષ્યમાં લેવામાં આવી હતી. આથી, જ્યારે સન ૧૪૧૧માં બાદશાહ અહમદશાહે અમદાવાદ વસાવ્યું ત્યારે ભદ્રનો કિલ્લો, માણેક બુરજ વગેરેની સાથે એક સર્વપ્રથમ રહેણાકની પોળનો પણ મંગલ આરંભ કર્યો હતો. જે પ્રથમ પોળમાં રહેવાનું મુહૂર્ત કર્યું, તે પોળ 'મુહૂર્ત પોળ' તરીકે ઓળખાવા લાગી. મુહૂર્ત પોળ એ પાટણની પોળ પરથી આવેલી અમદાવાદની સર્વપ્રથમ પોળ, જે માણેકચોકને અડીને આજેય અસ્તિત્વ ધરાવે છે.

'પોળ' શબ્દના મૂળમાં ક્યાંક વિદ્વાનો સંસ્કૃત શબ્દ 'પ્રતોલી'ને જોડે છે. તો ક્યાંક પાટણમાં પોળને 'પાડા' કહેવામાં આવે છે, તેના પરથી પોળ શબ્દ વિકસ્યો હોવાનું કેટલાક માને છે.

મુહૂર્ત પોળ બન્યા પછી શહેરની વિકાસ યાત્રા શરૂ થઈ ત્યારે અમદાવાદ પર ધીમે ધીમે શાસનના નવા નવા પ્રવાહો આવતા ગયા તેમ તેમ પોળોની સંખ્યા વધવા લાગી, જે ૩૬૦ કરતાં પણ વધી ગઈ! ૧૬મી શતાબ્દીમાં મુઘલ કાળના દસ્તાવેજોમાં હાજા પટેલની પોળ, નિશા પોળ, ભંડેરપુર પોળ વગેરેના ઉલ્લેખો જોવા મળે છે. મરાઠા હકૂમતમાં પોળોની રચનાને ખૂબ વેગ મળ્યો. અમદાવાદની ઘણી ખરી પોળો ૧૭૦૦ થી ૧૮૦૦ના સમયગાળાની વસેલી છે. છ ઘરોની પોળથી માંડીને આશરે ૩૦૦થી ૩૦૦૦ જેટલાં ઘરોની મોટી પોળ આ શહેરમાં છે. પોળનું ભૂગોળ સાપસીડી જેવું છે. એવું કહેવાય છે કે, શહેરની સૌથી વધુ ભુલભુલામણીવાળી પોળ માંડવીની પોળ છે, જે લગભગ ૫૦ એકર જેટલા વિસ્તારમાં વિસ્તરેલી છે. માંડવીની પોળમાં એક લાખ જેટલા લોકો આજે પણ રહેતા હશે. ત્યાં એક લટાર મારો તો ખબર પડે કે, ક્યાંથી દાખલ થયા હતા અને કેવી રીતે બહાર નીકળ્યા!

દરેક પોળના નામનો એક ઇતિહાસ છે. પોળની વચ્ચે નવરાત્રિ વખતે માતાજીની નાની માંડવી મૂકવામાં આવતી અને તેની આજુબાજુ ગોળ વર્તુળમાં બહેનો ગરબા ગાતી, જે પ્રથાને કારણે માંડવી નામ પડ્યું! ક્યાંક પોળમાં રહેતા મહાનુભાવોને કારણે તો ક્યાંક પોળમાં રહેતી વસ્તીને કારણે પોળનાં નામો પડ્યાં. જેમ કે, પખાલીની પોળ, પિંજારાની પોળ, ચુનારાની પોળ, ઘડિયાળીની પોળ, સોનીની પોળ, સુતારની પોળ, શેઠની પોળ, પારેખની પોળ, સાળવીની પોળ, પટવાની પોળ, મોઢ પોળ, ભાટ પોળ, મહેતા, નાગર, માળી કે ધોબી વગેરે. પોળોનાં નામોમાં પશુ, પ્રાણીઓ અને જીવડાંઓનો સમાવેશ થયો છે. તેમાં ચામાચીડિયાની પોળ, જળકૂકડીની પોળ, દેડકાંની પોળ, કાગડા શેરી, લાંબા પાડાની પોળ, મરઘાં વાડ, હરણવાળી પોળ, બકરી પોળ, વાંદરા બુરજ વગેરેનો ઉલ્લેખ થઈ શકે! કળજુગ, ચકાપકા, ભૂખડી, મોલાત અને કીડી-પાડાની પોળ જેવાં ચિત્ર-વિચિત્ર નામો પણ જોવા મળે. મગનલાલ વખતચંદે પોણા બસ્સો વર્ષ પહેલાં આવી સવા સો કરતાં વધુ પોળોની વિગતો લખીને તેની વિશેષતાઓ વર્ણવી છે.[૧૮]


પોળનું જીવન ધાર્મિક-પારિવારિક-સામાજિક દૃષ્ટિએ કંઈક અનોખું હતું. હિન્દુ, જૈન કે ઇતર લોકો પાડોશીઓની જેમ રહેતા.

દરેક પોળને એક મજબૂત દરવાજો હોય, જેના પર એક નાની મેડી પણ હોય. પોળની સલામતી માટે લોકો પોળિયો(ચોકીદાર) પણ રાખતા હતા. મુસ્લિમ અને

---

૧૮. મગનલાલ વખતચંદ શેઠ, અમદાવાદનો ઇતિહાસ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના છાપખાનામાં અમરેશ્વર કુબેરે છાપ્યું, સન ૧૮૫૧

અમદાવાદની પોળોની એક સાધારણ રચનાનો અહીં ચિત્ર દ્વારા પરિચય છે. એક બીજાને અડી અડીને ઊભેલાં હારબંધ મકાનોની વચ્ચે પોળનો મુખ્ય માર્ગ પસાર થાય અને આગળ જતાં સાંકડો થતો જાય. મુખ્યત્વે પોળને એક દરવાજો હોય અને ક્યારેક સામેની બાજુ નીકળવાનો પણ દરવાજો હોય. પોળના દરેક મકાનની રચનામાં વિવિધતા તો હોય જ, પરંતુ મોટાભાગે બાંધણીનું પ્લાનિંગ નીચે મુજબ હોય.







અમદાવાદની પોળોના ઊભાં-ઊંડાં મકાનોની તળરચના મોટે ભાગે આ પ્રકારની હોય

મરાઠા વહીવટ દરમિયાન દરેક પોળનો સમૂહ, સલામતીના ખ્યાલથી પોળના બંને છેડા રાત્રિ દરમિયાન અવર-જવર માટે બંધ થઈ જાય તે રીતની વ્યવસ્થા કરતો. એ દરવાજો બંધ થાય એટલે પોળમાં કોઈનો પ્રવેશ થઈ શકે નહીં. પોળની અંદર જુદી જુદી ખડકીઓની રચના હોય. આ ખડકીઓને પણ સલામતી માટે પોતાનો નાનો કોટ અને બારણું હોય.

આ ખડકીની અંદર બે-ત્રણ મકાન માટેના ચોક હોય. આ ચોક અને ખડકી વચ્ચે પણ એક બારણું હોય. આમ ખૂબ જ રક્ષણાત્મક શૈલીની રચનાવાળી પોળો હતી. પોળમાં કેટલાંક મકાનોમાં પક્ષીઓને રહેવાની બખોલ હોય. આ સામૂહિક જીવનમાં લાલિયો કૂતરો અને કાળૂડી કૂતરી કે ગૌરી ગાયનું પણ સ્થાન હોય.

પોળમાં બહેનોના સામાજિક-સામૂહિક જીવનની, પાપડ વણવાની કે વડીઓ મૂકવાની પ્રવૃત્તિઓ પણ ધમધમતી હોય. પાપડ વણવા આવનાર બહેનોને ત્રણ-ચાર ગુલ્લાં ઘરે લઈ જવા માટે પણ આપવામાં આવે. પોળોનો વાડકી વ્યવહાર જગપ્રસિદ્ધ છે.

પોળની અંદર મોટાભાગે એકાદ મંદિર, કૂવા, ચોગાન તથા ચબૂતરા જોવા મળે. વૃદ્ધોને બેસવાનું તથા બાળકો માટે રમવાનું સ્થળ ચોકઠું કે ઓટલા હોય. પોળોમાં રહેતા લોકો એક પરિવારની જેમ રહેતા હોય છે. નવરાત્રી હોય કે દિવાળી, પોળોમાં ઉત્સવોની સમૂહ ઉજવણી થાય. પોળમાં કોઈનું લગ્ન હોય તો આખી પોળ તેને આનંદપૂર્વક માણે. તે સાથે પોળમાં કોઈનું મૃત્યુ થાય ત્યારે એક સમૂહની તાકાત સૌને બળથી છલકાવી દેતી. સમાજ જીવનના એક અભિન્ન ભાગ સમી આ પોળો આઝાદીનાં આંદોલનો હોય કે શહેરમાં હુલ્લડો થાય ત્યારે જાણે રણક્ષેત્ર બની જાય. સુખ-દુઃખના દિવસોમાં લોકો એકબીજાના મદદગાર બનીને રહેતા. જેમ જેમ પોળોમાં વધુને વધુ ઘર બંધાતાં ગયાં તેમ તેમ પોળો સાંકડી થતી ગઈ. અમુક પોળોમાં તો ઘરમાં ઊભા રહીને બીજા ઘરની વ્યક્તિ સાથે હાથ પણ મિલાવી શકાય. એકબીજાનાં છાપરાં પરથી એક પોળમાંથી બીજી પોળમાં આરામથી મહાલી પણ શકાય. ઉત્તરાયણે પોળના ધાબા પર રમતી અમદાવાદની પ્રજાનો આનંદ કંઈક નિરાળો હોય.


**(અનુસંધાન પૃષ્ઠ ૫૬ પર)**





મહાપ્રાસાદિક આંબલીવાળી પોળની તીર્થયાત્રા દરમ્યાન ગુરુસ્મૃતિઓમાં ખોવાયેલા પ્રમુખસ્વામી મહારાજ, તા. ૫-૬-૨૦૦૦

આંબલીવાળી પોળના મહાપ્રાસાદિક હરિમંદિરમાં સંતત્રિપુટીની દુર્લભ તસવીરઃ નિર્ગુણદાસ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ(વચ્ચે), યોગીજી મહારાજ...



## મહાપ્રાસાદિક આંબલીવાળી પોળ, જ્યાં કાળજે કોતરાઈ છે

# ઇતિહાસની ચિરંતન પળો

અમદાવાદના શાહપુર વિસ્તારમાં આવેલી સાંકડી એવી આંબલીવાળી પોળ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ માટે એક અનોખું ગુરુ-ગૌરવ તીર્થ. જ્યારે જ્યારે તેઓ અહીં પધારે ત્યારે આ પોળના કણે કણમાંથી તેઓને પોતાના પ્રાણપ્રિય ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના મહિમાની સરવાણીઓ ફૂટતી અનુભવાય. આંબલીવાળી પોળમાં તેઓ ચરણ માંડે અને અસંખ્ય સ્મૃતિઓનાં ઝરણાં સહેજે વહેવા લાગે. અહીંનું એકે એક ઘર, અહીંનો એકે એક પરિવાર, અહીંની એકે એક વ્યક્તિ એટલે પ્રમુખસ્વામી મહારાજ માટે પ્રાસાદિક અનુભૂતિઓનો ખજાનો. અહીં પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તેમજ નિર્ગુણદાસ સ્વામી જેવા મહાન સંતો સાથે અસંખ્ય વખત પધારીને પ્રમુખસ્વામી મહારાજે જે દિવ્ય ઇતિહાસને નજરે નીરખ્યો-અનુભવ્યો-રચ્યો હતો, તેની સ્મૃતિઓ કરતાં તેઓ ધરાતા નહીં. જ્યાંથી સન ૧૯૫૦ના મે મહિનામાં વિશ્વને 'પ્રમુખસ્વામી મહારાજ' નામ પ્રાપ્ત થયું એ આંબલીવાળી પોળના કાળજે કોતરાઈ ગઈ છે - ઇતિહાસની અનેક ચિરંતન પળો. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે તેનું એક સ્મરણ આપણનેય ગુરુ-ગૌરવથી છલકાવી દે છે...

*વાત એક સદી પુરાણી છે. ૨૦મી સદીનું પરોઢ અનેક સીમાચિહ્ન સમી ઘટનાઓનો આરંભ બની રહ્યું હતું, ત્યારે મધ્ય ગુજરાતમાં નાના એવા બોચાસણ ગામેથી એક એવી ચિનગારી પ્રગટી ઊઠી હતી કે જે ભવિષ્યમાં એક તેજસ્વી જ્યોત બનીને ફેલાવાની હતી.*

*એ હતી – બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ચિનગારી. એક ચિનગારીમાંથી આજે વિશ્વવ્યાપી આધ્યાત્મિક-સામાજિક ચેતના તરીકે ઊભરી રહેલી આ સંસ્થાની છેલ્લાં ૧૧૫ વર્ષની યાત્રામાં એક મહત્ત્વનું સોપાન એટલે અમદાવાદની આંબલીવાળી પોળ.*

*બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના મહાન આર્ષદ્રષ્ટા સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે, અહોરાત્ર વિચરણ કરતાં કરતાં અમદાવાદને પોતાનું કેન્દ્ર બનાવ્યું હતું અને અહીં તેઓએ આ સંસ્થાના વિકાસના અનેક ખૂબ મહત્ત્વના નિર્ણયો લઈને સંસ્થાના પાયા પાતાળે નાંખ્યા છે, માટે સંસ્થાના ઇતિહાસમાં આ પોળ ચિરંતન મહિમાવંતી બની રહેશે.*

*અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજ સર્વપ્રથમ વખત સન ૧૯૧૦ના દાયકામાં પધાર્યા હતા, ત્યારથી તેઓ અહીં જુદા જુદા હરિભક્તોના ઘરે નિવાસ કરતા હતા. ભવાનભાઈ સોલંકી, ખેંગારજીભાઈ ચૌહાણ, મનસુખભાઈ મિસ્ત્રી, અર્જુનભાઈ ચાવડાથી લઈને વસંતરાય પંડ્યા અને ચંપકલાલ બેંકર સુધીના કેટલાય હરિભક્તોનાં ઘરે એમનો નિવાસ થતો. પરંતુ એ બધામાં આંબલીવાળી પોળમાં અહીંના સ્થાનિક કડવા પાટીદાર બબુભાઈ સોમચંદભાઈ કોઠારીનું ઘર મુખ્ય. સન ૧૯૨૦ના દાયકાથી તેઓ નિયમિત રીતે આંબલીવાળી પોળમાં ઊતરતા. આંબલીવાળી પોળ એટલે એમના માટે એક આગવો વિસામો.*

*એ અરસામાં અહીં આ પોળમાં પાટીદાર જેઠાભાઈ નથુભાઈનાં નિઃસંતાન વિધવા પત્ની રૂખમણીબાઈનું પણ મકાન ખાલી હતું. સન ૧૯૨૦માં તેમનું મૃત્યુ થવાથી આ મકાનનો વહીવટ બબુભાઈ તેમજ અમૃતલાલ બહેચરદાસ કરતા હતા. મૃત્યુ પામતાં પૂર્વે રૂખમણીબાઈએ દસ્તાવેજ કરીને પોતાનું આ ઘર મંદિર માટે વાપરવાનું વીલ તા. ૭-૫-૧૯૨૦ના રોજ કરી નાંખ્યું હતું. પરિણામે, તેમના મૃત્યુ બાદ શાસ્ત્રીજી મહારાજ જ્યારે જ્યારે અહીં પધારતા ત્યારે ઘણીવાર અહીં વિસામો કરીને કથાવાર્તાનો લાભ આપતા હતા. વર્ષો સુધી આમ ચાલ્યા બાદ, સન ૧૯૪૦ની ૨૧મી મેના રોજ વહીવટદાર અમૃતલાલ બહેચરદાસે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને દસ્તાવેજ સાથે વિધિવત્ આ મકાન અર્પણ કરી દીધું અને શાસ્ત્રીજી મહારાજે ત્યાં અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારીને હરિમંદિર સ્થાપી દીધું.*

*શાસ્ત્રીજી મહારાજે અહીં એક નાનું હરિમંદિર કર્યું ત્યારે કદાચ કોઈને કલ્પના નહોતી કે આ નાનકડું હરિમંદિર અમદાવાદના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગનું પ્રથમ હરિમંદિર જ નહીં, પરંતુ સંસ્થાના વિરાટ ભાવિ વિકાસનાં કાર્યોનું એક મધ્યસ્થ કાર્યાલય પણ જાણે ઉદ્‌ઘાટિત કરી દીધું છે!*

*જેમ બ્રહ્મપુત્ર જેવા મહાનદનું ઉદ્‌ગમ સ્થાન પણ એક નાનું ઝરણું જ હોય છે, તેમ બી.એ.પી.એસ. સત્સંગવિકાસનું આ ગોમુખ - ગંગોત્રી સ્થાન આ નાનકડી પોળ છે.*


## આંબલીવાળી પોળ એટલે...

- એવી પવિત્ર ભૂમિ, જ્યાં ચાર-ચાર ગુણાતીત સત્પુરુષોએ નિવાસ કર્યો છે: બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ.
- એ પાવન ભૂમિ, જ્યાં શાસ્ત્રીજી મહારાજે અનેક ઉત્સવો કર્યા છે, પારાયણો કર્યાં છે, ઝોળી માંગી છે, આ પોળનાં બધાં ઘરને પાવન કર્યાં છે.
- એ ઉપાસના ભૂમિ, જ્યાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તથા સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી વગેરેએ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાજીથી લઈને અનેક ધુરંધરોને મધરાત સુધી કથાવાર્તા દ્વારા અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની દૃઢતા કરાવી છે.
- એ પ્રાસાદિક દીક્ષા-શિક્ષા ભૂમિ, જ્યાં પ્રમુખસ્વામી

મહારાજે શાસ્ત્રીજી મહારાજના હસ્તે ૧૮ વર્ષની ઉંમરે પાર્ષદી દીક્ષા મેળવીને વિદ્યાભ્યાસ કર્યો હતો.

- એ ઐતિહાસિક ભૂમિ, જ્યાં શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજની ૨૮ વર્ષની ઉંમરે બી.એ.પી.એસ. સંસ્થાના આજીવન પ્રમુખપદ તરીકેની વરણી કરી હતી. (તા. ૨૧-૫-૧૯૫૦, જેઠ સુદ ૪, વિ.સં. ૨૦૦૬, રવિવાર, સાંજે ૫-૦૦ વાગે)
- એ સમર્પણ ભૂમિ, જ્યાં બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખપદે નિયુક્તિ થઈ ત્યારે પ્રમુખસ્વામી મહારાજે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ કૃષ્ણાર્પણ થઈ જવાની અજોડ પ્રતિજ્ઞા કરી હતી, જેનું જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓએ પાલન કર્યું હતું.
- એ સેવામય ભૂમિ, જ્યાં પ્રમુખ-વરણી બાદ પ્રમુખસ્વામી મહારાજે અહીં ચોકડીમાં હરિભક્તોનાં એઠાં વાસણ ઊટક્યાં હતાં.
- એ નિર્ણય ભૂમિ, જ્યાંથી ગઢડા મંદિર-નિર્માણ તેમજ શાહીબાગ મંદિર-નિર્માણના નિર્ણયોથી લઈને સંસ્થાના અનેક નિર્ણયો લેવાયા છે.
- એ જ્ઞાન ભૂમિ, જ્યાંથી શાસ્ત્રીજી મહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયના અદ્વિતીય સામાયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’નો આરંભ કરીને એક આંતરરાષ્ટ્રીય પ્રકાશન પ્રવૃત્તિનું બીજારોપણ કર્યું હતું.
- એ દાન ભૂમિ, જ્યાંથી અમદાવાદના હરિભક્તોનો વિશાળ પાયે દાન-સહયોગ લઈને, શાસ્ત્રીજી મહારાજે ગોંડલમાં અક્ષરદેરી પર ભવ્ય શિખરબદ્ધ મંદિર રચ્યું છે.
- એ શાસ્ત્રીય ભૂમિ, જ્યાંથી શાસ્ત્રીજી મહારાજે પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ જેવા પ્રકાંડ વિદ્વાન પાસે અક્ષરપુરુષોત્તમ ચરિતમ્ જેવા શાસ્ત્રીય ગ્રંથોનો આરંભ કરાવીને પ્રસ્થાનત્રયીના ભાવિ સ્વામિનારાયણીય ભાષ્યોની અદૃશ્ય પીઠિકા રચી હતી. અહીં રચાયેલું ‘અનન્તકોટીન્દુ’ સ્તોત્ર સંપ્રદાયના ઇતિહાસમાં અમર બની રહ્યું છે.
- એ સત્સંગ ભૂમિ, જ્યાંથી શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આદિ ‘અક્ષરપુરુષોત્તમ યુવક મંડળ’નાં બીજ રોપ્યાં હતાં.
- એ કીર્તન ભૂમિ, જ્યાં શાસ્ત્રીજી મહારાજે મહિનાઓ સુધી શોભાયાત્રાઓ અને યુવકો દ્વારા કીર્તનયાત્રાઓ કરીને સ્વામિનારાયણીય નાદ ગુંજાવ્યો છે. આ પોળના હરિમંદિરમાં શાસ્ત્રીજી મહારાજ સમક્ષ કીર્તનો ગવાય ત્યારે તાલીઓ વગાડીને તેમાં ગુલતાન થઈ જતા શાસ્ત્રીજી મહારાજ સ્વયં પણ સાથે ભજનો લલકારીને સૌને આનંદ પમાડી દેતા, જેની પવિત્ર ગુંજ આજેય અનુભવાય છે.
- એ ઉત્સવ ભૂમિ, જ્યાં શાસ્ત્રીજી મહારાજે કાર્તિકી એકાદશી, મકરસંક્રાંતિ, હરિજયંતી, ગુરુપૂર્ણિમા, શ્રાવણ પારાયણોથી લઈને સમયે સમયે તમામ ઉત્સવોનો દિવ્ય રંગ ઉડાડ્યો છે.
- એ પવિત્ર વ્યાસ ભૂમિ, જ્યાં વ્યાસપીઠ પર બિરાજીને શાસ્ત્રીજી મહારાજની સાથે પ્રમુખસ્વામી મહારાજે શ્રીમદ્ ભાગવતની કથાઓનો લાભ આપીને મોટા મોટા મિલ માલિકોને પણ પ્રભાવિત કર્યા છે.
- એ સમાધિ ભૂમિ, જ્યાં રહ્યા રહ્યા શાસ્ત્રીજી મહારાજે અમદાવાદમાં યોગ વિના ઐતિહાસિક સમાધિ પ્રકરણ ચલાવીને અસંખ્ય લોકોને ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રગટ સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો હતો.
- એ લીલા ભૂમિ, જ્યાં શાસ્ત્રીજી મહારાજે હૃદયરોગની લીલા ગ્રહણ કરીને પોતાના ભાવિ ગુણાતીત સૂત્રધાર યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની સૌને ઓળખ કરાવી હતી.
- તા. ૬-૫-૧૯૫૦ થી લઈને તા. ૪-૯-૧૯૫૦ સુધી સતત ચાર મહિના સુધી અહીં બિરાજીને શાસ્ત્રીજી મહારાજે અમદાવાદના શાહીબાગ મંદિરની યોજના પણ ઘડી અને પોતાના જીવનનાં અંતિમ કાર્યો સાકાર કર્યાં.
- એ દિવ્ય ભૂમિ, જ્યાં પ્રમુખસ્વામી મહારાજે આશીર્વાદ ઉચ્ચાર્યા હતા કે ‘અહીં જે કોઈ ચાદર ઓઢાડશે તેના શુભ મનોરથ પૂર્ણ થશે. અહીં અડસઠ તીરથ બિરાજે છે. અહીં ગંગા, યમુના વગેરેનાં દર્શન આવી ગયાં. અહીં આવીને ડૂબકી મારી જવી.’
- એ શિષ્યપ્રેમની ભૂમિ, જ્યાં પ્રમુખસ્વામી મહારાજે પોતાના ભાગની રોટલીઓ નવયુવાન સેવક વિનુભગત (મહંત સ્વામી મહારાજ)ને જમાડી દઈને પોતાનો અનોખો શિષ્યપ્રેમ છલકાવ્યો હતો.
- આવી અનંત સ્મૃતિઓના ખજાના સમી આંબલીવાળી પોળના કાળજે કંઈક અવિસ્મરણીય ક્ષણો સદાને માટે કોતરાઈ ગઈ છે. તે પૈકીની કેટલીક અજોડ સ્મૃતિઓને હવે પછીનાં પૃષ્ઠોમાં સચિત્ર માણીએ...

(તૈલચિત્રઃ શુભમ બાવિસ્કર) ◆



ચિત્ર: શુભમ ખાવિસ્કર

# ત્યાગના આદર્શ પ્રમુખસ્વામી મહારાજની

# દીક્ષા ભૂમિ આંબલીવાળી પોળ

## સન ૧૯૩૯

બબુભાઈ પટેલનું એ ઘર, જેના મેડા પર શાસ્ત્રીજી મહારાજે શાંતિભગતને દીક્ષા આપી હતી...



આંબલીવાળી પોળનું આ તીર્થસ્થાન એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ઐતિહાસિક દીક્ષા ભૂમિ.

તા. ૨૨-૧૧-૧૯૩૯ના રોજ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આ પવિત્ર સ્થળે, એક નાના મકાનના મેડા પર ૧૮ વર્ષીય શાંતિલાલને પાર્ષદી દીક્ષા આપી ત્યારે કોઈને કલ્પના નહોતી કે આ ભૂમિમાંથી પ્રગટેલી આ તેજસ્વી જ્યોતિ ત્યાગ-તપસ્યા-સેવા અને સમર્પણનાં અજવાળાં જગતભરમાં વિસ્તારશે. આંબલીવાળી પોળ આજે તેનો હરખ કરે છે.

તા. ૭-૧૧-૧૯૩૯નો દિવસ હતો. પોતાની જન્મભૂમિ ચાણસદની ભાગોળમાં મિત્રો સાથે ક્રિકેટનો સામાન ખરીદવાની તૈયારી કરી રહેલા ૧૮ વર્ષીય શાંતિલાલને ગુરુ શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠી મળી, અને તે જ ક્ષણે સાપ કાંચળી ઉતારે તેટલી સહજતાથી ગૃહત્યાગ કરીને એ કિશોર વયના શાંતિલાલ શાસ્ત્રીજી મહારાજની સેવામાં સમર્પિત થવા માટે નીકળી પડ્યા. પરંતુ બોચાસણ થઈને ફરતાં ફરતાં સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી સાથે શાંતિલાલ નડિયાદ પહોંચ્યા ત્યાં શાંતિલાલને બે-ત્રણ દિવસ તાવ આવી ગયો. તાવમાં કાંઈ ખાધું-પીધું નહોતું. એવી હાલતમાં જ નિર્ગુણદાસ સ્વામીએ કહ્યું: 'ચાલો અમદાવાદ, ત્યાં બધું સારું થઈ જશે. ત્યાં દવા કરાવીશું.'

અને વિક્રમ સંવત ૧૯૯૬ની કાર્તિક સુદ દશમીની રાત્રે નડિયાદથી ટ્રેન દ્વારા તેઓ અમદાવાદમાં આંબલીવાળી પોળે આવી પહોંચ્યા. વર્ષો પછી એ અવસરની સ્મૃતિ કરતાં શાંતિલાલમાંથી પ્રમુખસ્વામી મહારાજ તરીકે જગવિખ્યાત બનેલા સ્વામીશ્રીએ કહ્યું હતું:

*'તે વખતે આમલીવાળી પોળમાં બબુભાઈ કોઠારીના મેડે અમે ઊતર્યા હતા. નીચે બબુભાઈ રહેતા હતા ને ઉપર ઢાળિયો માળ હતો. સ્વામી અને બીજા સંતો આવે તે ત્યાં રહેતા હતા. એક જ ઢાળિયું, તેમાં સ્વામીનો ખાટલો રહે ને થોડાક હરિભક્તો બેસે ને કથાવાર્તા થાય. દશમની રાત્રે શાસ્ત્રીજી મહારાજ સારંગપુરથી અન્નકૂટની પ્રસાદી લઈને આવ્યા એટલે હરિભક્તો પણ દર્શને આવ્યા. હું તો ખૂણામાં એક બાજુ માંદો થઈને પડી રહેલો. સ્વામીએ ત્યાં સમાચાર પૂછ્યા: 'તાવ છે પણ મટી જશે.' એમ કહીને માથે હાથ ફેરવ્યો ને હું સૂવા ગયો. તે વખતે ત્યાં જૂદા રૂમ જેવું નહોતું. એટલે ખૂણામાં એક બાજુ સુવાડી દીધો.*


*રાત્રે પાછા સૂતી ઘડીએ મોડા સ્વામી ફરી પાસે આવ્યા ને કહ્યું: 'હવે તાવ તને મટી જશે.' મને કડવું મોઢું થઈ ગયેલું, તેથી કાંઈ ભાવે નહીં. એટલે સ્વામીએ, કોઈ ઉકાળો લઈને આવેલું, તે મને પાયો. પછી આખા શરીરે હાથ ફેરવ્યો. સ્વામીને એવું અંગ હતું કે કોઈ માંદો હોય એને આખા શરીરે હાથ ફેરવીને આશીર્વાદ આપે. મનેય શરીરે બધે હાથ ફેરવ્યો. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરીને લગભગ પાંચ-દસ મિનિટ મારા શરીરે હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા. પછી કહે: 'સારું થઈ જશે. કાંઈ વાંધો નહીં આવે.'*

*તાવ તો બે-ત્રણ દહાડાથી ઊતરતો નહોતો પણ સવારે અચાનક સારું થઈ ગયું ! સવારે ગરમ પાણી કરીને નવડાવ્યો. નાહ્યા પછી પૂજાપાઠ કરીને બોલાવ્યો ને કહ્યું: 'આજે એકાદશી છે એટલે આપણે તને પાર્ષદની દીક્ષા આપીએ.' મેં કહ્યું: 'સારું, આપની જેમ ઇચ્છા હોય એમ.'*

*પછી મને સામે બેસાડીને બબુભાઈને કહ્યું: 'કંકુ લાવો ને ચોખા લાવો, સાકર લાવો.' પાટલૂન ને ખમીસ જેવું મેં પહેર્યું હતું. બીજાં વસ્ત્રો આપી સ્વામી કહે: 'હવેથી આ ધોતિયું પહેરવાનું ને આ ચાદર(ઉપવસ્ત્ર) ઓઢવાની.'*

અને એ ગુરુ-આજ્ઞા અધ્ધર ઝીલીને ક્ષણના પણ વિલંબ-વિચાર વિના શાંતિલાલ દીક્ષા માટે સજ્જ થઈ ગયા. કાર્તિક સુદ ૧૧, તા. ૨૨-૧૧-૩૯, બુધવારનો એ મંગલ દિન ઇતિહાસના લલાટે લખાઈ ગયો. હરખભેર શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને શ્વેત ઉત્તરીય ઓઢાડ્યું, કપાળમાં ચાંદલો કર્યો અને નવદીક્ષિત પાર્ષદવર્યને 'શાંતિભગત' એવું નામાભિધાન કરી પ્રસન્નતાભર્યા ખૂબ આશીર્વાદ આપ્યા.

થોડા સમય પછી શાંતિભગત બન્યા વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજ. પ્રમુખસ્વામી મહારાજના ૭૬ વર્ષના એ આદર્શરૂપ અને અદ્વિતીય ત્યાગી જીવનની માંગલિક શરૂઆત આ આંબલીવાળી પોળમાંથી થઈ હતી. પ્રસ્તુત ચિત્ર એ ઐતિહાસિક અવસરની ઝાંખી કરાવે છે. ◆



**ત્યાગાશ્રમની દીક્ષા બાદ બે-ત્રણ મહિના પછી લેવાયેલી સ્વામીશ્રીની ઐતિહાસિક છબી, ૧૯૪૦.**



ચિત્ર: શુભમ બાવિસ્કર

## નવયુવાન પ્રમુખસ્વામી મહારાજના વિદ્યાભ્યાસની

# ગુરુકુળ ભૂમિ આંબલીવાળી પોળ

### સન ૧૯૪૨-૪૯

આંબલીવાળી પોળ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ઐતિહાસિક શિક્ષણ ભૂમિ. પોતાના આ લાડકવાયા શિષ્યને આ પોળમાં દીક્ષિત કરીને તેને સુશિક્ષિત કરવાનું કાર્ય પણ શાસ્ત્રીજી મહારાજે અહીં કર્યું હતું. સન ૧૯૪૨ અને ૧૯૪૯માં શાસ્ત્રીજી મહારાજે અહીં તેમને સંસ્કૃતનો અભ્યાસ કરાવ્યો હતો. તેઓની તેજસ્વી વિદ્યાપ્રતિભાની સાક્ષી બનેલી આ પોળમાંથી આજે લાખો વિદ્યાર્થીઓના તેજસ્વી શિક્ષણની જ્યોતિ પ્રગટી ઊઠી છે. આંબલીવાળી પોળ તેનું ગૌરવ કરે છે.

પોળનો એ પ્રાસાદિક ઓરડો, જ્યાં ગુરુચરણે બેસીને પ્રમુખસ્વામી મહારાજે વિદ્યારંભ કર્યો હતો...




ગુરુચરણે સમર્પિત થયા પછી પ્રમુખસ્વામી મહારાજે ગુરુના વચને જીવનને પળે પળે નવો મોડ આપ્યો હતો. દીક્ષા પછી તુરંત જ શાસ્ત્રીજી મહારાજે તેમને સંસ્કૃતનો અભ્યાસ કરવાની આજ્ઞા કરી, તેથી શરૂઆતમાં ગોંડલ, ભાદરણ, ખંભાત વગેરે સ્થળોએ અભ્યાસ કર્યો. ત્યારબાદ સન ૧૯૪૨માં શાસ્ત્રીજી મહારાજે તેમને અમદાવાદમાં આંબલીવાળી પોળમાં રહીને સંસ્કૃત-અભ્યાસ કરવાનો આદેશ આપ્યો.


નવયુવાન સંત નારાયણસ્વરૂપદાસજી તરીકે તેમને અહીં આંબલીવાળી પોળમાં શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઘરમાં રહીને, પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી અને અક્ષરજીવનદાસ સ્વામી સાથે રહીને સેવા કરતાં કરતાં દોઢેક વર્ષ સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. અહીંના અભ્યાસ દરમ્યાન તેઓએ સન ૧૯૪૩માં પેટલાદની પાઠશાળામાં કાશીની લઘુકૌમુદી ને રઘુવંશની પરીક્ષા આપી હતી.


નારાયણસ્વરૂપદાસજીને સંસ્કૃત ભણાવી-ગણાવીને વિદ્વાન કરવા એવો શાસ્ત્રીજી મહારાજનો ખૂબ આગ્રહ હતો. આથી વચ્ચે ત્રણેક વર્ષ માટે શાસ્ત્રીજી મહારાજે તેઓને સારંગપુરના કોઠારી પદે સેવા સોંપી હતી, તેમ છતાં તા. ૨૩-૪-૧૯૪૯ના રોજ રાત્રે દોઢ વાગે દરેડમાં તેઓએ સારંગપુર મંદિરનું કોઠારીપદ છોડીને પુનઃ અમદાવાદ ખાતે વિદ્યાભ્યાસની આજ્ઞા કરી હતી. ત્યારે તેમણે કહ્યું હતું, 'આપને રાજી કરવા તે જ જીવનનું સાચું ધ્યેય છે. તો હું જરૂરથી આપની આજ્ઞાનુસાર વિદ્યાભ્યાસ કરીશ.' આથી ગુરુ-આજ્ઞા શિરે ચઢાવીને નારાયણસ્વરૂપદાસજી અમદાવાદ ખાતે પુનઃ અભ્યાસમાં જોડાયા હતા. તા. ૧-૫-'૪૯ના રોજ રવિવારે નારાયણસ્વરૂપદાસજીનો વિદ્યાભ્યાસ શરૂ કરવાના માંગલિક વિધિમાં ભાગ લેવા અને આશીર્વાદ આપવા શાસ્ત્રીજી મહારાજ ખાસ સારંગપુરથી અહીં આંબલીવાળી પોળમાં પધાર્યા હતા. સવારમાં ૯-૩૦ વાગે શાસ્ત્રી ગિરજાશંકર મહેતાની ઉપસ્થિતિમાં નારાયણસ્વરૂપદાસજીએ પુસ્તકની અને શાસ્ત્રીજી મહારાજની પૂજા કરીને વિદ્યારંભ કર્યો હતો. શાસ્ત્રીજી મહારાજે ગિરજાશંકરજી પાસે તેમને શ્રીમદ્ભાગવત ભણાવવાની શુભ શરૂઆત કરાવી હતી. શાસ્ત્રીજી મહારાજના ખાટલાના પાયા પાસે બેસીને વ્યાકરણના શબ્દો, તેની વ્યાખ્યાઓ, વ્યુત્પત્તિ વગેરે બહુ જ સારી રીતે સચોટ શૈલીમાં શીખતા નારાયણસ્વરૂપદાસજીને નીરખતા શાસ્ત્રીજી મહારાજ અત્યંત પ્રસન્ન થતા હતા.

પ્રસ્તુત ચિત્ર પ્રમુખસ્વામી મહારાજના એ વિદ્યાભ્યાસની ઐતિહાસિક પળોની એક સ્મૃતિ કરાવે છે. ◆







**પ્રમુખસ્વામી મહારાજના વિદ્યાર્થીકાળની વિરલ સ્મૃતિ : સ્વહસ્તે લખેલાં તેમનાં નામ અને નોંધ સાથેનું લઘુસિદ્ધાંત કૌમુદીનું પુસ્તક. સ્વામીશ્રીએ સ્વહસ્તે પૂંઠું ચડાવીને અભ્યાસ કરેલું ચાણક્ય સૂત્રનું પુસ્તક અને શાસ્ત્રીજી મહારાજે લખાવેલા શ્રીમદ્ભાગવતના શ્લોકોની ડાયરી...**



ચિત્ર: શુભમ બાવિસ્કર

## નવયુવાન પ્રમુખસ્વામી મહારાજની

# ભિક્ષા ભૂમિ આંબલીવાળી પોળ

**સન ૧૯૪૨-૪૯**

આંબલીવાળી પોળનું આ પવિત્ર તીર્થસ્થાન એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દીક્ષા, શિક્ષા અને ભિક્ષા ભૂમિ. આ પોળના ઘરે ઘરમાં આજેય પ્રમુખસ્વામી મહારાજે નવયુવાન વયે લગાવેલી ભિક્ષાની આહ્‌લેક ગુંજે છે અને તેમના અકિંચન ત્યાગ-તપસ્યામય જીવનની સાક્ષી પૂરે છે...


સન ૧૯૪૨માં શાસ્ત્રીજી મહારાજે પોતાના વહાલસોયા નવયુવાન શિષ્ય નારાયણસ્વરૂપદાસજીને એટલે કે પ્રમુખસ્વામી મહારાજને અમદાવાદની આ આંબલીવાળી પોળમાં રહીને સંસ્કૃતના વિશેષ અભ્યાસ માટે આજ્ઞા કરી હતી, ત્યારે એ એવો સમય હતો કે જ્યારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા પાસે આ તેજસ્વી વિદ્યાર્થી સંતને ભણાવવાના પૂરતાં નાણાં નહોતાં. એવી ખૂબ નબળી આર્થિક સ્થિતિમાં શાસ્ત્રીજી મહારાજે તેઓને વિદ્યા આપનાર વિદ્વાન શ્રી ગિરિજાશંકર શાસ્ત્રીજીના ખર્ચની વ્યવસ્થા તો કરી આપી હતી, પરંતુ ભોજનની વ્યવસ્થા જાતે કરવાની હતી. આથી, શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી સન ૧૯૪૨-૪૪ દરમ્યાન અને સન ૧૯૪૯નાં વર્ષોમાં પોતાના આ અભ્યાસકાળ દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજે આ આંબલીવાળી પોળમાં ઘરોઘર ભિક્ષાની આહ્‌લેક લગાવીને નિર્વાહ કર્યો હતો.

આંબલીવાળી પોળ આજેય એ દૃશ્ય સંગૃહીને બેઠી છે. સાંકડી પોળમાં નીચી નજર કરીને નવયુવાન ખભે ભગવી ઝોળી ભરાવી નારાયણસ્વરૂપદાસજી ભિક્ષા માંગવા નીકળે ત્યારે એમની નમ્રતા અને પવિત્રતાથી સહેજે સૌને ભિક્ષા આપવાનો ઉમંગ થઈ આવતો. મોટે ભાગે આ પોળનાં બધાં જ ઘરોમાં તેઓ ઝોળી માંગવા જાય. દરેક ઘરના બારણે જઈને તેઓ મધુર હલકે 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...'ની આહ્‌લેક લગાવે. આ આહ્‌લેક સાંભળતાં જ સૌને ખ્યાલ આવે કે સંતો ઝોળી માંગવા આવ્યા છે. એટલે સૌ યથાશક્તિ ઝોળીમાં પધરાવે. ઝોળી આપનારામાં તો બહેનો પણ હોય! તેથી આહ્‌લેક જગાવી સ્વામીશ્રી પોળમાં બહારના ફળિયે દૂર ઊભા રહે. મહિલાઓ ઝોળી આપવા ઘરની બહાર આવે ત્યારે સાથે રહેલા યુવકો-સત્સંગીઓ ઝોળીમાં સીધું લઈ આવે.


સ્વામીશ્રી આ રીતે ઝોળી માંગવા નીકળે ત્યારે ક્યારેક કોઈ મશ્કરી પણ કરે, પરંતુ મૃદુ સ્વભાવના સ્વામીશ્રી તો અપમાન કે ઉપહાસથી સહેજ પણ પાછા પડ્યા સિવાય ખુમારીથી ઝોળીની આહ્‌લેક લગાવતા. આ આંબલીવાળી પોળના નભોમંડળમાં આજેય સ્વામીશ્રીની એ મધુર આહ્‌લેક ગુંજે છે.

ત્યારપછી, વિશ્વવંદનીય મહાપુરુષ બન્યા પછી પણ લોકકલ્યાણ માટે જીવનભર દર ઉત્તરાયણે ખભે ઝોળી ભરાવીને ભિક્ષા માંગતા પ્રમુખસ્વામી મહારાજ કાયમ તેની અવશ્ય સ્મૃતિ કરતા રહેતા.

નવયુવાન સંત નારાયણસ્વરૂપદાસજીની સાથે આંબલીવાળી પોળમાં ઘરોઘર ભિક્ષા માટે પધારેલા શાસ્ત્રીજી મહારાજ અને ભિક્ષા અર્પણ કરતા ભક્તરાજ બબુભાઈ સોમનાથ કોઠારીનું એક ઐતિહાસિક સ્મૃતિચિત્ર તે સમયને આપણી નજર સમક્ષ તાદૃશ કરે છે. ◆



એ પ્રાસાદિક સાંકડી આંબલીવાળી પોળ, જ્યાં આજેય પ્રમુખસ્વામી મહારાજની આહ્‌લેક ગુંજે છે...



ચિત્ર: શુભમ ખાવિસ્કર

## આંબલીવાળી પોળ, જ્યાંથી વિશ્વને ચિરંતન ભેટ મળી

# પ્રમુખસ્વામી મહારાજની...

**સન ૧૯૫૦**

આંબલીવાળી પોળ એટલે એક એવું તીર્થ કે જ્યાંથી વિશ્વને 'પ્રમુખસ્વામી મહારાજ'નું પવિત્ર નામ પ્રાપ્ત થયું. આ ઐતિહાસિક પોળમાં ૨૮ વર્ષના નારાયણસ્વરૂપદાસજીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્ત કરીને શાસ્ત્રીજી મહારાજે સંસ્થાના પાયા પાતાળે નાખ્યા છે...

દિન હતો – તા. ૨૧-૫-૧૯૫૦ અને રવિવારનો. તિથિ હતી – વિ.સં. ૨૦૦૬, જેઠ સુદ ચોથની. સ્થળ હતું – આંબલીવાળી પોળના સ્વામિનારાયણ હરિમંદિરની બહારની ખુલ્લી ઓસરી.

પોતાની સાધુતા અને પવિત્ર પ્રતિભાથી સત્સંગીઓના પ્રીતિપાત્ર, સંતોના આદરપાત્ર અને ગુરુ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર બનેલા નવયુવાન સંત શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને, આ દિવસે સાંજે અહીં સંસ્થાની વ્યવસ્થાપક કમિટીના સભ્યોની ઉપસ્થિતિમાં શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આજીવન પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા હતા. તે પૂર્વે બપોરના ચારેક વાગ્યે અંદરના ઓરડામાં શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીને બોલાવીને પોતાની ચાદર સ્વામીશ્રીને ઓઢાડીને કહ્યું હતુંઃ 'આ સત્સંગ સોંપ્યો. અમે સેવા કરી તેમ કરજો. મહારાજ-સ્વામી બળ આપશે.' એમ કહી શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીના મસ્તકે પોતાના અભય હસ્ત સ્થાપ્યા અને ભેટીને પ્રસન્નતા વરસાવી. ત્યારબાદ તેઓએ યોગીજી મહારાજને કહ્યુંઃ 'તમો એના માથે હાથ મૂકો. તમારા જેવા ગુણ આવે અને તમો (એની) ખબર રાખજો.'

ત્યારબાદ, પાંચ વાગ્યે અહીં સંસ્થાકીય મીટિંગ શરૂ થઈ તેમાં શાસ્ત્રીજી મહારાજે ઐતિહાસિક વક્તવ્ય આપતાં કહ્યું કે 'જેમ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને નાની ઉંમરમાં ગાદી સોંપી હતી, તેમ હું પણ આજથી મારા પ્રમુખ તરીકેની જગ્યાએ, મારા સ્થાને સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની નિમણૂક કરું છું.' આમ, આ અવસરથી નારાયણસ્વરૂપદાસજી 'પ્રમુખસ્વામી' સૌનાં મનમંદિરમાં બિરાજી ગયા. આ પ્રસંગે સંબોધન કરતાં નવનિયુક્ત પ્રમુખસ્વામીજીએ ખૂબ વિનમ્રતાપૂર્વક પ્રાર્થનાઓ કરીને સંસ્થાના વિકાસ અને સૌની સેવા માટે સમર્પિત થવાની ઐતિહાસિક પ્રતિજ્ઞા લેતાં કહ્યું હતુંઃ 'હું આજે આપ ગુરુશ્રી તેમ જ આ સભા સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે મારું કર્તવ્ય બરાબર બજાવી, આપની સંસ્થાને મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર રહી આપનો કૃતકૃત્ય બનીશ. આપે આ અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનરૂપી બગીચો ખીલવ્યો છે તેની પૂરતી રીતે અભિવૃદ્ધિ થાય તેના માટે હું દરરોજ સંપૂર્ણ કાળજી અને ખંત રાખી, સેવા કરી, સમગ્ર સત્સંગના આશીર્વાદ મેળવવા અભિલાષા રાખું છું તે પણ આપશ્રી પૂર્ણ કરશો.' ૨૮ વર્ષની ઉંમરે તેઓએ લીધેલી આ પ્રતિજ્ઞાનું જીવનના છેલ્લા શ્વાસ સુધી, દેહની પરવાહ છોડીને અક્ષરશઃ પાલન કર્યું હતું.

આજે વિશ્વના ખૂણે-ખૂણે જે નામ ગુંજી રહ્યું છે, આજે કરોડો હૈયાંમાં જે નામ ધબકી રહ્યું છે, તે 'પ્રમુખસ્વામી' નામની ભેટ વિશ્વને આ પોળમાં પ્રાપ્ત થઈ હતી. યુગો સુધી આ પોળ તેનું ગૌરવ માણતી રહેશે. ◆

જ્યાં ઇતિહાસ રચાયો એ ઐતિહાસિક સ્થળ અને
નવનિયુક્ત પ્રતિજ્ઞાબદ્ધ પ્રમુખસ્વામીજીની તે સમયની દુર્લભ વિનમ્ર છબિ...







ચિત્ર: શુભમ બાવિસ્કર

## નવનિયુક્ત પ્રમુખસ્વામી મહારાજની

# સેવા ભૂમિ આંબલીવાળી પોળ

### સન ૧૯૫૦

આંબલીવાળી પોળ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની વિનમ્રતાપૂર્ણ સેવાની સાક્ષી-ભૂમિ. એક મહાન સંસ્થાના સર્વોચ્ચ પ્રમુખ પદે નિયુક્ત થયાની થોડી જ પળો પછી, એ સંસ્થાના હરિભક્તોનાં એઠાં વાસણ ઊટકવાની નાનામાં નાની સેવા, એ જ સ્થળે, એ જ સમયે કરનારા પ્રમુખસ્વામી મહારાજ એક નમ્ર સેવક બનીને જીવનભર જીવ્યા હતા. પોળની એ નાનકડી ચોકડી સદા સેવક બની રહેલા એ સ્વામીશ્રીની વિરાટ સેવાઓની ચિરંતન સ્મૃતિ કરાવે છે...

એ ઐતિહાસિક ચોકડીની જૂની છબિ, જ્યાં સ્વામીશ્રીએ વાસણ ઊટક્યા હતા...




તા. ૨૧-૫-૧૯૫૦ની સંધ્યા. સ્વામિનારાયણ સંપ્રદાય જ નહીં, પરંતુ સનાતન હિન્દુ ધર્મની એક શાંત છતાં ઐતિહાસિક ઘટનાની સાક્ષી બની રહી હતી. સનાતન હિન્દુ ધર્મનો જગતમાં ઉદ્‌ઘોષ કરનાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આજીવન પ્રમુખ તરીકે ૨૮ વર્ષીય નવયુવાન શિષ્ય નારાયણસ્વરૂપદાસજીની નિયુક્તિ કરીને આંબલીવાળી પોળમાં શાસ્ત્રીજી મહારાજે એક યુગકાર્ય કર્યું હતું. નવયુવાન નારાયણસ્વરૂપદાસજી માત્ર આ એક સંસ્થાના પ્રમુખ તરીકે જ નહીં, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ તરીકે અસંખ્ય લોકોના હૃદય-પ્રમુખ બની રહેવાના હતા.

આ દિવ્ય પ્રસંગે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી સંસ્થાની કમિટીના સભ્યો તેમજ ૭૦-૮૦ જેટલા અગ્રણી હરિભક્તો ઉપસ્થિત હતા. આ સાદગીભર્યા છતાં અપૂર્વ અને દિવ્ય અવસરે સૌએ નવનિયુક્ત પ્રમુખસ્વામીને બિરદાવીને શિખંડ-પૂરી-કંસારનું ભોજન પણ કર્યું.

ત્યારબાદ સમારોહને વાગોળતાં વાગોળતાં સૌ હરિભક્તો જમી-જમીને પોતપોતાના સ્થાને જવા નીકળી ગયા ત્યારે તેઓનાં એઠાં વાસણોનો મોટો ખડકલો ત્યાં એમ ને એમ પડ્યો રહ્યો હતો. હજુ થોડી પળો પહેલાં જ જેમની આ વિરાટ સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્તિ થઈ હતી અને જેમને હજુ હમણાં જ સૌએ ખૂબ ખૂબ વધામણીઓ આપી હતી, એવા પ્રમુખસ્વામી મહારાજની નજરે આ હરિભક્તોનાં એઠાં વાસણોનો ખડકલો ચઢ્યો. અને ક્ષણનાય વિલંબ વિના, ઉત્સાહ અને ભક્તિ સાથે તેઓએ એઠાં વાસણો ઊટકવા માટે કછોટો વાળ્યો અને કોઈને પણ કહ્યા સિવાય એકલપંડે વાસણો ઊટકી નાખ્યાં! પ્રમુખ તરીકેના પોતાના

પોતાની પ્રમુખ-નિયુક્તિની વિગતોની સાદી નોંધનું આ ઐતિહાસિક ડાયરી પાનું પ્રમુખસ્વામીજીની વિનમ્ર સેવક તરીકેની સહજ સાક્ષી પૂરે છે...




અધિકારનો લેશ પણ હુંકારો કર્યા સિવાય! પ્રમુખ તરીકેના તેઓના સુદીર્ઘ ઇતિહાસનું પ્રથમ પાનું એક વિનમ્ર સેવક તરીકેનું લખાયું.

પ્રમુખ થયાના પ્રથમ દિવસે જ ઊપસી આવેલી તેઓની નમ્ર સેવક તરીકેની છબી જીવનના છેલ્લા શ્વાસ સુધી એવી ને એવી જ તાજગી ભરી રહી હતી. આ પ્રસંગના અનુસંધાનમાં વર્ષો બાદ સ્વામીશ્રીને પૂછવામાં આવેલું: 'પ્રમુખ થયા તો પણ આપે વાસણ ઊટક્યાં! બીજાને ઊટકવા કેમ બોલાવ્યા નહીં?' ત્યારે તેઓ સહજ સ્વભાવે બોલેલા: 'પ્રમુખ થયા એટલે કાંઈ સેવક થોડા મટી ગયા!'

ઉપર અને નીચેની છબિઓ પ્રમુખ તરીકેની નિયુક્તિના એમના ઐતિહાસિક દસ્તાવેજોની સ્મૃતિઓ કરાવે છે, અને બાજુની છબિ એમની સેવામય વિનમ્રતાની... ◆

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને તેમની હયાતી સુધીના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા તેનો ઐતિહાસિક દસ્તાવેજી પત્ર...



### ૩૫૦ વર્ષ પુરાણી ઐતિહાસિક અને મહાપ્રાસાદિક આંબલીવાળી પોળ

# યજ્ઞપુરુષ પોળ સજ્જ થઈ

# નવલા શણગારે...



આંબલીવાળી પોળનું એ મહાપ્રાસાદિક તીર્થરૂપ ભવન - હરિમંદિર નવલા રૂપ સાથે, જ્યાં શાસ્ત્રીજી મહારાજે અનેક ઐતિહાસિક કાર્યો કર્યાં છે.



અમદાવાદની છેલ્લાં ૭૦૦ વર્ષની યાત્રામાં અનેક રાજકીય-સામાજિક-ધાર્મિક-સ્થાપત્યકીય ચઢાવ-ઉતાર આવ્યા છે. સન ૧૪૧૧માં આ શહેરની સ્થાપના વેળાએ બાદશાહ અહમદશાહે ભદ્રનો કિલ્લો, ગણેશબારી, માણેકબુરજ વગેરે રચનાઓથી અમદાવાદનો પાયો નાંખ્યો ત્યારથી એક સુઆયોજિત નગર તરીકે અમદાવાદની એક નવી ઓળખ શરૂ થઈ હતી, જે આજે અનેકવિધ રંગબેરંગી ભાત સાથે ગુજરાતનું હૃદય બની ધબકી રહ્યું છે. પરંતુ સાત સાત સદીની આ સુદીર્ઘ યાત્રામાં અમદાવાદની પોળ-સંસ્કૃતિ હંમેશાં અવિસ્મરણીય બની રહેશે.

સન ૧૪૧૧માં અણહિલવાડ પાટણની શહેર રચનાને અનુસરીને આ શહેરની રચના કરવામાં આવી ત્યારે પ્રારંભથી જ અહીં પોળ-સ્થાપત્યનો પણ આરંભ થઈ ચૂક્યો હતો, જેમાંની સર્વપ્રથમ પોળ એટલે અહમદશાહે માણેકચોકમાં વસાવેલી મુહૂર્ત પોળ. ધીમે ધીમે પરાંઓ અને તેની ધોરી નસ જેવી પોળો એકબીજામાં ગૂંથાઈને વિકસવા લાગ્યાં. તેમાં સન ૧૬૫૭માં ઔરંગઝેબે અમદાવાદનું બાદશાહપદ ધારણ કર્યું ત્યારે તેના મોટા કાજીએ વસાવેલું એવું એક પરું એટલે શાહપુર. અમદાવાદનાં અન્ય પરાંઓની જેમ અહીં પણ નાની-મોટી અનેક પોળોની રચના થઈ, જેમાંની એક ઐતિહાસિક પોળ એટલે આંબલીવાળી પોળ. પોળની મધ્યમાં આવેલા આંબલીના ઝાડ પરથી તેને ‘આંબલીવાળી પોળ’નું નામ મળ્યું છે. હાલ તો એ વૃક્ષ નીરખવા મળતું નથી, પરંતુ લગભગ સન ૧૬૫૦-૬૦ની



૨૬૦ ફૂટ લાંબી મજબૂત દીવાલથી પોળ વધુ સુરક્ષિત બની



સીડી, ઝરૂખાની મૂળ ઓળખ જાળવીને નવીનીકરણ કરાયું.



મૂળ પ્રાસાદિક ખંડની બંને તરફ મકાનોની શોભિત સંયોજના.

આસપાસ વસેલી આ પોળ એ નામ સાથે છેલ્લાં લગભગ ૩૫૦ વર્ષનો એક ઇતિહાસ સંગ્રહીને બેઠી છે.

ઇતિહાસનાં વણખોલ્યાં પૃષ્ઠો ઉપર નજર કરવામાં આવે તો ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવન સ્પર્શથી પણ આ પોળ પાવન થયાનું અવશ્ય જણાઈ આવે. આ ઐતિહાસિક પોળનું વિશેષ સદ્‌ભાગ્ય એ બન્યું કે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આ પોળને ૧૯૩૦ના દાયકાથી પોતાના નિવાસનું એક પ્રિય કેન્દ્ર બનાવી દીધું હતું. અને ત્યારથી આ પોળના લલાટે અનેક ઐતિહાસિક ક્ષણો શાશ્વત બનીને લખાઈ ગઈ છે. આવી આ ઐતિહાસિક પોળ ૩૫૦ વર્ષની લાંબી યાત્રાને કારણે સમયની થપાટો ખાઈ ખાઈને જીર્ણ-શીર્ણ થઈ રહી હતી. એમાંય જ્યાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ખૂબ નિવાસ કર્યો હતો તે પવિત્ર હરિમંદિર અને આસપાસનાં મકાનો એવાં જીર્ણ બની ગયાં હતાં કે તેની યોગ્ય મરમ્મત કરાવવામાં ન આવે તો તે ગમે ત્યારે ધરાશાયી બની જાય તેમ હતાં. આથી, તેના જીર્ણોદ્ધારની એક અભૂતપૂર્વ પ્રવૃત્તિ શરૂ થઈ, અને ટૂંક સમયમાં પોળ નવલા શણગારે સજ્જ થઈ ગઈ.

૩૫૦ વર્ષના ઇતિહાસમાં આ પોળમાં નાના-મોટા અનેક ફેરફારો થયા હશે, સન ૨૦૦૦માં અમદાવાદ મહાનગર-પાલિકાએ તેને શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિમાં 'યજ્ઞપુરુષ પોળ' નામ આપ્યું, આમ છતાં તેના સ્થાપત્યકીય વારસા કે હેરિટેજની ઓળખ એવી ને એવી જ જળવાઈ રહી છે. લગભગ ૧૬, ૨૪ કે ૩૨ ફૂટની પહોળાઈવાળાં ઊંડાં બે-ત્રણ મંજિલા હરોળબંધ મકાનો, નાની ઊંચી ઓટલી, બહારની તરફ ઝરૂખાઓ, મદળો અને કલાત્મક થાંભલીઓ, નાની ઓસરી, વચ્ચે નાનો ચોક, પોળના મુખ્ય દરવાજા પર નાના ઝરૂખાયુક્ત એક નાની બંગલી અને સાંકડી ગલી. આ બધી ઓળખને જાળવીને આ આંબલીવાળી પોળમાં જીર્ણોદ્ધારનું કાર્ય પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કરાવ્યું. વળી, પોળની અંદરની સંરચનાના જીર્ણોદ્ધારની સાથે સાથે આ પોળની બહારની બાજુએ મજબૂત કિલ્લા સમી ૨૬૦ ફૂટ લાંબી દીવાલ રચીને તેને તમામ દૃષ્ટિએ વધુ સુરક્ષિત કરી દેવામાં આવી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આ અતિપ્રિય તીર્થ





નવલા શણગાર સજેલી સુશોભિત આંબલીવાળી પોળનું મનોરમ્ય દૃશ્ય...

સમી પોળની યથા શક્ય મરમ્મત કરવાનું તેમના સમયમાં જ નિર્ધારિત થઈ ચૂક્યું હતું. તેઓની આજ્ઞાથી અમદાવાદ મંદિરના પૂર્વ કોઠારી શ્રી સત્સંગિજીવનદાસ સ્વામીએ ઘણો પુરુષાર્થ કર્યો હતો. તેમના પુરુષાર્થથી, આ પોળમાં રહેતા ઘણા બધા સત્સંગી પરિવારોએ અન્ય સ્થળે વસવાટ કરીને પોતાનાં પ્રાસાદિક મકાનો સંસ્થાને ભેટમાં આપ્યાં હતાં અથવા નજીવી રકમે સમર્પિત કર્યાં હતાં. એવાં કુલ ૧૬ મકાનો તેમાં રહેતા પરિવારો દ્વારા સંસ્થાને સમર્પિત થવાથી આ કાર્ય સહજ સંભવિત બન્યું. સંસ્થાનાં સમર્પિત આર્કિટેક્ટ દંપતી શ્રી દીપકભાઈ પોપટ અને તેમનાં ધર્મપત્નીએ હેરિટેજને લક્ષ્યમાં રાખીને સંપૂર્ણ સર્વેક્ષણ-ડોક્યુમેન્ટેશન કર્યું. આર્કિટેક્ટ પ્રશાંતભાઈ અને તેમની ટીમે હેરિટેજને લક્ષ્યમાં રાખીને તે અનુસાર નવરચનાના નકશા તૈયાર કર્યા. સંસ્થાના સમર્પિત હરિભક્ત અશોકભાઈ નારોલા, જસમતભાઈ પટેલ તથા તેમના સાથી યુવાનોએ તે મુજબ નવરચના કરી, જેમાં બ્રહ્મચરણદાસ સ્વામી, આદર્શચિંતનદાસ સ્વામી અને તેમની ટીમે સુંદર સુશોભન કરી આપ્યું. શ્રી ભાવિકભાઈ, શ્રી હરિકૃષ્ણભાઈ, શ્રી પરિમલભાઈ વગેરેએ સ્ટ્રક્ચરલ સેવાઓ કરી.

પરિણામે છેલ્લાં બે-ત્રણ વર્ષની મહેનત બાદ આંબલીવાળી પોળનું કલેવર બદલાઈ ગયું અને બીજા સેંકડો વર્ષો સુધી તેનું અસ્તિત્વ ટકી રહે તેવી સુંદરતા સાથે મજબૂતાઈ પ્રાપ્ત થઈ ગઈ. આમ, એક ઐતિહાસિક પોળને તેની જૂની ઓળખ સાથે નવું જીવન પ્રાપ્ત થઈ ગયું. જ્યાં શાસ્ત્રીજી મહારાજ ખૂબ નિવાસ કરીને વસ્યા હતા એ પ્રાસાદિક હરિમંદિરની ડાબી-જમણી બાજુનાં ૧૬ ફૂટ પહોળાં બે મકાનોને અંદરથી સાથે સાંકળી લેવામાં આવ્યાં. પરિણામે અહીં ઊમટતા હજારો દર્શનાર્થીઓને મુખ્ય ખંડના

દર્શનનો સુંદર લાભ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા થઈ ગઈ. આજુબાજુનાં એ બંને મૂળ મકાનોના કલાત્મક ઝરૂખાઓ, સીડી વગેરેની સજાવટ પણ સુંદરતા સાથે સજાવાઈ ગઈ અને ઉપરના માળે પણ એ ત્રણેય મકાનોને સળંગ કરીને સુંદર હોલ તૈયાર કરી દેવામાં આવ્યો. આ એ જ પ્રાસાદિક જગ્યા, જ્યાં યોગીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, પ્રમુખસ્વામી મહારાજે ખૂબ નિવાસ કર્યો છે. આ ઉપરાંત દરવાજા તરફનાં મકાનોને સાંકળી લઈને નીચે પાર્કિંગ અને ઉપરના માળે ૮૦ x ૬૪ ફૂટનો હરિમંદિરનો વિશાળ હોલ રચાઈ ગયો. આ ઉપરાંત રૂમ-રસોડા-બાથરૂમની સુંદર સુવિધા સાથે ત્રણ મંજિલા બે ભુવનો એવાં રચાયાં કે જેમાં કુલ ૪૦ પરિવારો વસી શકે.

આવા મહાપવિત્ર સ્થાનનો જીર્ણોદ્ધાર પૂર્ણ થતાં જ તેનો વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠાવિધિ અને લોકાર્પણવિધિ તા. ૨૭-૩-૨૦૨૨ના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે માંગલિક મુહૂર્તમાં યોજાઈ ગયો.

સવારે ૭-૦૦ વાગ્યે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, આત્મસ્વરૂપદાસ સ્વામી, શ્રીહરિદાસ સ્વામી, ધર્મતિલકદાસ સ્વામી (કોઠારી) તથા અન્ય સંતો આંબલીવાળી પોળના નવનિર્માણ પામેલા મુખ્ય દ્વાર પર પધાર્યા. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ વર્ષના ઉપક્રમે આ પ્રાસાદિક સ્થાનમાં આજે મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ હોવાથી સૌમાં અનેરો આનંદ છલકાતો હતો. વેદોક્ત મંત્રોના ગાન વચ્ચે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન કર્યું. સંતોએ મુખ્ય પ્રવેશદ્વારની બારસાખનું પૂજન કર્યું. ત્યારબાદ નાડાછડી છોડીને, નારિયેળ વધેરીને જયનાદો વચ્ચે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ હસ્તમાં અમૃતકુંભ ગ્રહીને ઠાકોરજી સાથે ધૂનગાન કરતાં પોળમાં મંગલ પ્રવેશ કર્યો.

પ્રાસાદિક હરિમંદિરના મુખ્ય દ્વાર પર પધાર્યા. અહીંના મુખ્ય દ્વારશાખનું પૂજન પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કર્યું. ત્યારબાદ નાડાછડી છોડીને, અક્ષત પધરાવીને, નારિયેળ વધેરીને પ્રાસાદિક હરિમંદિરમાં શુભ પ્રવેશ કર્યો. વર્ષો સુધી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજની પૂજા કરી હતી તે પ્રાસાદિક મૂર્તિઓનું પૂજન કરીને સૌ સંતો પ્રાસાદિક સ્થાનમાં પધાર્યા. શાસ્ત્રીજી મહારાજના મહાપ્રાસાદિક ખંડમાં ઈશ્વરચરણદાસ સ્વામીએ વેદોક્ત મહાપૂજાવિધિ કરી. આ ખંડની બન્ને બાજુએ સંતો અને મુખ્ય યજમાનો પણ મહાપૂજામાં જોડાયા હતા. બંને ખંડોમાં ખૂબ સુંદર પ્રાસાદિક ચિત્રો અને ફોટોગ્રાફ્સની સંરચના સૌને શાસ્ત્રીજી મહારાજના સમયનો અહેસાસ કરાવતી હતી. સમાંતરે ઉપરના માળે બી.એ.પી.એસ. મંદિરના સભાગૃહમાં પણ મહાપૂજાવિધિ આરંભાયો હતો, જેમાં આ સેવામાં સહયોગ આપનાર હરિભક્તોએ લાભ પ્રાપ્ત કર્યો હતો.

સન ૨૦૦૦માં પ્રમુખવરણી સુવર્ણજયંતી પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે પૂજેલી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિઓને અહીં સુંદર મંચ પર પધરાવવામાં આવી હતી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આ મૂર્તિઓનો પુનઃ પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. બાદ 'સ્વામીજી તો મહાપ્રતાપી એનું ધાર્યું થાય' કીર્તનગાન કરીને જૂની સ્મૃતિઓ તાદૃશય કરી હતી. મૂર્તિઓની સમક્ષ વિવિધ વાનગીઓનો અન્નકૂટ રચીને સંતોએ આરતી-અર્ઘ્ય અર્પ્યું.

આ પ્રસંગે જૂની સ્મૃતિઓમાં ગરકાવ થતાં ઈશ્વરચરણદાસ સ્વામીએ જણાવ્યું: ''આંબલીવાળી પોળનું આ પ્રાસાદિક ઘર એટલે અક્ષરપુરુષોત્તમ નિષ્ઠાનું અલૌકિક પ્રવર્તન સ્થાન.' એમ કહી તેમણે આ પ્રાસાદિક સ્થાનના એકે એક સ્થાનનો મહિમા કહ્યો અને તે સમયમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શને પધારતા હરિભક્તોને સંભારીને વિશેષમાં કહ્યું, 'અહીંયાં શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને પ્રમુખસ્થાન આપીને ચાદર ઓઢાડી અને બહુ ધામધૂમથી એમનું સન્માન કર્યું હતું ત્યારે પ્રમુખસ્વામી મહારાજે પ્રાર્થના કરતાં કહ્યું હતુંઃ 'હું મારા છેલ્લા શ્વાસ સુધી આ સંસ્થાની સેવા કરતો રહું અને શાસ્ત્રીજી મહારાજને રાજી કરું.' એ મુજબ તેઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા કરતા રહ્યા.

એ દિવસે શીખંડ-પૂરીની રસોઈ હતી. હરિભક્તો જમીને પોતપોતાના કામે નીકળી ગયા. તેમનાં એંઠાં વાસણો ચોકડીમાં પડ્યાં હતાં તે બધાં પ્રમુખસ્વામી મહારાજે ઊટકી દીધાં. આવી એક મહાન સંસ્થાનું અલૌકિક દિવ્ય પદ એમને અર્પણ થયું એ જ દિવસે એમણે હરિભકતોનાં એંઠાં વાસણ ઊટકવાની સેવા કરી! આવી બધી અનેક દિવ્ય લીલાઓ આ મકાનમાં થઈ છે. એટલે યોગીજી મહારાજ બોલ્યા હતા કે 'આ અક્ષર ઓરડી છે.' ખરેખર! આ અક્ષર ઓરડી જ છે.

આ અક્ષર ઓરડી અતિ અતિ દિવ્ય અને મહાપ્રસાદીનું સ્થાન છે. પ્રમુખસ્વામી મહારાજ અહીંયાં રહીને ભણ્યા છે. આ પોળમાં ઘરે ઘરે ઝોળી માંગી છે. શાસ્ત્રીજી મહારાજે નાનકડા નારણ'દા(પ્રમુખસ્વામી મહારાજ)ને સામે બેસાડીને સંસ્કૃતના પાઠ આપ્યા છે. આ સ્થાનનો તો મહિમા ગાઈએ એટલો ઓછો છે. અમદાવાદના હજારો હરિભક્તો સવારે પદયાત્રા કરીને અહીંયાં પધારે છે. દર્શન-દંડવત-પ્રાર્થના કરીને ચાદર ઓઢાડે છે તે બધાના મનોરથો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ પૂર્ણ કરે છે, એવું આ અલૌકિક મહાદિવ્ય સ્થાન છે.

આ સ્થાન અતિ મહત્ત્વનું છે. આ સ્થાને અવારનવાર પદયાત્રા કરીને આવવું, માનતા માનવી, પ્રાર્થના કરવી. શાસ્ત્રીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સંકલ્પો પૂર્ણ કરશે કરશે અને કરશે જ. અહીં આવીને આપણે લૌકિક અલૌકિક સંકલ્પ કરીએ અને પ્રમુખસ્વામી મહારાજને ચાદર ઓઢાડીએ તો આપણા સંકલ્પો પૂર્ણ થાય છે. એવું પ્રમુખસ્વામી મહારાજે સૌને વરદાન આપ્યું છે.''

ત્યારબાદ આ જીર્ણોદ્ધારમાં સેવા આપનાર હરિભક્તોને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ બિરદાવ્યા હતા. આ જીર્ણોદ્ધારનું સૂત્ર સંભાળનાર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામીએ સન્માન્યા હતા. આશીર્વચન બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ઉપરના માળે રચાયેલા નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. જે પ્રાસાદિક સ્થાનમાંથી વિશ્વને 'પ્રમુખસ્વામી મહારાજ' નામ પ્રાપ્ત થયું છે તે નામ અને આ સ્થાન આજે લાખો શ્રદ્ધાળુઓ માટે જગતભરમાં એક આદરણીય બની ચૂક્યાં છે. આજે આ મહાપ્રાસાદિક પોળનો જીર્ણોદ્ધાર પ્રસંગ યોજાયો તેની સાથે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનું જાણે એક સુંદર અર્ઘ્ય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે અર્પણ થઈ ગયું! હવેથી અહીં નિયમિત સત્સંગ-ભક્તિ-મહાપૂજાની રમઝટ સાથે હજારો હરિભક્તો અહીં દર્શન-શાંતિ-સુખની અનુભૂતિઓ આવનારી શતાબ્દીઓ સુધી માણતા રહેશે અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અસ્મિતાસભર ઇતિહાસના ઘૂંટ પીને નિષ્ઠાના વાવેતર કરતા રહેશે. ◆



ઉદ્‌ઘાટન સાથે ઈશ્વરચરણદાસ સ્વામીએ સકળશ પોળમાં પ્રવેશ કર્યો.




ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજનું વેદોક્ત પૂજન.



પ્રમુખસ્વામી મહારાજને પ્રાર્થનાપૂર્વક ચાદર ઓઢાડીને વધાવ્યા.

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## કણાદ-સુરતના આંગણે અમૃતની હેલી વરસાવતા સ્વામીશ્રી...

જનજનની સુખાકારી માટે વિચરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તા. ૨૪-૨-૨૦૨૨થી સુરતના કણાદ ખાતે વિરાજી દિવ્ય સત્સંગ લાભ આપી રહ્યા છે. અટલાદરાથી સંતો-ભક્તોની ભાવભરી વિદાય લઈ માર્ગમાં સ્વામીશ્રી ભરૂચના બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા હતા. અહીં ઠાકોરજીનાં દર્શન તેમજ સંતો-ભક્તોને દર્શનલાભ આપી દક્ષિણ ગુજરાતના મહાનગર સુરત પધાર્યા. અહીંના ભક્તો આતુરતાપૂર્વક ગુરુહરિની રાહ જોઈ રહ્યા હતા. બે વર્ષના લાંબા અંતરાલ બાદ સોનાની મૂરત સમી સુરતની ધરા ગુણાતીત સંતની પદરજથી પાવન થઈ ઊઠી હતી.

આ વખતે સુરત પધારેલા સ્વામીશ્રીએ કણાદની ભૂમિ પર પદાર્પણ કર્યું ત્યારે હજારો હરિભક્તોએ તેઓના આગમનને હર્ષોલ્લાસભેર વધાવ્યું હતું.

બાળકો-કિશોરો-યુવકોએ વિવિધ ભક્તિભાવોથી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને અક્ષરબ્રહ્મનાં વધામણાં કર્યાં. સૌના ભક્તિભાવને સ્વીકારી સ્વામીશ્રીએ દર્શનાર્થે ઊમટેલી વિશાળ ભક્તમેદનીને ‘જય સ્વામિનારાયણ’ કહી દર્શનલાભ આપ્યો હતો. ગુરુહરિના આગમન નિમિત્તે વિશેષ વ્રત-તપ-ઉપવાસ કરનારા વ્રતધારીઓ પર અમીદૃષ્ટિ કરી આશિષ વરસાવ્યા હતા. ગુરુહરિની અમીદૃષ્ટિ ઝીલ્યાનો ગજબનો

ઉમળકો સૌના અંતરે અનુભવાતો હતો. સૌનું અભિવાદન ઝીલી સ્વામીશ્રીએ અહીં રચવામાં આવેલા નૂતન સંતનિવાસના વિશાળ ભવન ‘પ્રમુખહૃદય’નું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું હતું. કણાદ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીનું નિવાસસ્થાન ‘પ્રમુખહૃદય’ ખાતે જ હતું.

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણની પ્રાસાદિક ભૂમિ સૂર્યનગરીના આંગણે પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સત્કારતો રૂડો અવસર તા. ૧-૩-૨૦૨૨ના રોજ યોજાયો હતો. ‘અક્ષરબ્રહ્મનાં વધામણાં’ મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલા આ સ્વાગત સમારોહમાં દક્ષિણ ગુજરાતના હજારો ભક્તો-ભાવિકોએ ઇષ્ટદેવ અને ગુરુદેવનાં ચરણે ભાવવંદના કરી તેઓને સત્કાર્યા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અહીં સત્સંગ-ભક્તિની ભાગીરથી વહાવી રહ્યા છે. કોરોનાની ત્રીજી લહેર બાદ નિયમોમાં છૂટછાટ મળતાં સુરત તેમજ દક્ષિણ ગુજરાતનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ગુરુહરિનાં દર્શને ઊમટે છે. વહેલી સવારે પૂજાદર્શનનો લાભ લેવા ઊમટતા હરિભક્તોથી અહીં રચવામાં આવેલો વિશાળ સભામંડપ ભરચક ભરાઈ જાય છે. અક્ષરઝરૂખેથી સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન તથા કથાવાર્તાનું પાન કરીને આબાલ-વૃદ્ધ સૌ દિવ્ય આધ્યાત્મિક અનુભૂતિ કરી રહ્યા છે. સંગીતજ્ઞ સંતો-યુવકોના સુમધુર કંઠે ગવાતાં ભક્તિપદોથી રેલાતા ભક્તિરસમાં સૌ ગુલતાન બને છે. જુદાં જુદાં સત્સંગ કેન્દ્રોમાંથી હજારો હરિભક્તો વિવિધ વ્રત-તપ-ઉપવાસ સાથે પદયાત્રા દ્વારા વિશિષ્ટ ભક્તિ અદા કરે છે. દેશ-પરદેશના હરિભક્તો તેમજ અહીંના વ્યાપાર-ઉદ્યોગ જગતના અનેક અગ્રણીઓ સ્વામીશ્રીનાં સમીપ દર્શન-આશીર્વાદ પામી પરમ શાંતિ અનુભવે છે. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં હરિભક્તો-ભાવિકોને નિત નવા ઉત્સવ-પ્રસંગોમાં સહભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થઈ રહ્યું છે. તાજેતરમાં સ્વામીશ્રીએ અટલાદરા અને કણાદ-સુરત ખાતે આપેલી સ્મૃતિઓનું અહીં આચમન કરીએ...

- અટલાદરા ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ તા. ૩-૨-૨૦૨૨ના રોજ મહેસાણાના નારદીપુર અને સુંવાળા ગામમાં નિર્માણ પામનાર બી.એ.પી.એસ. મંદિરના ખાતમુહૂર્તની ઇષ્ટિકાઓ, કળશનું વેદોક્ત પૂજન કરી નકશા પ્રસાદીભૂત કર્યા હતા. વળી, આજે સ્વામીશ્રીએ ‘ફર્ગીવનેસ’ (અંગ્રેજી) પુસ્તકનું વિમોચન કર્યું હતું.
- તા. ૫-૨-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ ‘વચનામૃતસંગ્રહઃ’(સંસ્કૃત) અને ‘સત્સંગદીક્ષા’(જર્મન ભાષા) શાસ્ત્રનું વિમોચન કર્યું હતું.
- તા. ૭-૨-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ અંબેરાવપુરા(બોચાસણ) ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- તા. ૧૧-૨-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રના ભાગ-૬ના ઓડિયો-ધ્વનિપ્રકાશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- તા. ૨૩-૨-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ મેમકા(સુરેન્દ્રનગર) અને અમદાવાદ ગ્રામ્યના વડોદરા અને વસઈ(ઘનશ્યામ મહારાજ, ગુરુપરંપરા)ના બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- સુરત ખાતેના રોકાણ દરમિયાન તા. ૨૭-૨-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલી ‘BAPS હિન્દી યુટ્યૂબ ચેનલ’નું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું હતું.
- તા. ૮-૩-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ કાકલૂર(ચેન્નાઈ) ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ચેન્નાઈના હરિભક્તો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી રાજીપો વરસાવ્યો હતો.
- તા. ૧૦-૩-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ વ્યારા(સાંકરી)ના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી, વ્યારાના હરિભક્તો પર આશિષ વરસાવ્યા હતા.
- તા. ૧૫-૩-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ કરજણ સત્સંગ વિસ્તારની ઉત્સવ મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક

પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.

- તા. ૧૬-૩-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ મહારાષ્ટ્રના ધૂલિયા શહેરમાં પાંઝરા (Panzara) નદીના કિનારે તપોમયી નીલકંઠવર્ણીના પ્રાસાદિક સ્થાન પર પધરાવવાનાં ચરણારવિંદનું પૂજન કર્યું હતું.
- તા. ૧૯-૩-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ ગોવિંદપુર (ધારી) ખાતે રચાનાર નૂતન મંદિરની ઇષ્ટિકાઓનું પૂજન કર્યું હતું.
- તા. ૨૦-૩-૨૦૨૨ના રોજ દર્શનાર્થે આવેલા ૧૦મા અને ૧૨મા ધોરણના ૧૬૫૦ વિદ્યાર્થીઓને સ્વામીશ્રીએ શુભેચ્છા પાઠવી, ઉજ્જવળ ભવિષ્ય માટે શુભાશિષ અર્પ્યા હતા. ઉપરાંત ૨૨મી માર્ચે સ્વામીશ્રીએ સ્વ-હસ્તે પત્ર લખીને પણ ૧૦મા અને ૧૨મા ધોરણની બોર્ડની પરીક્ષા આપતાં તમામ પરીક્ષાર્થીઓને બળભર્યા આશીર્વાદ પાઠવ્યા હતા.
- તા. ૨૨-૩-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ પલોલ (સોજીત્રા) ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- તા. ૨૮-૩-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ યુ.એસ.એ.ના મર્ટલ બીચ (શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ, શ્રી સીતારામ, શ્રી શિવપાર્વતી, શ્રી હનુમાનજી-ગણપતિજી) અને રાલે (શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી ગુરુપરંપરા શ્રી સીતારામ, શ્રી શિવપાર્વતી, શ્રી હનુમાનજી-ગણપતિજી) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી વિશેષ સ્મૃતિ પ્રદાન કરી હતી.
- તા. ૩૦-૩-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ ફળી (સાંકરી) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. સાથે સાથે મઢી ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની ઇષ્ટિકાઓનું પણ પૂજન કર્યું હતું.
- તા. ૩૧-૩-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ સાદડી (સાંકરી) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- તા. ૨-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ સાંકરી વિસ્તારના કપુરા ખાતે નવીનીકરણ પામેલા અને વલવાડા ખાતે નૂતન રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. આ અવસરે પધારેલા બંને સત્સંગ કેન્દ્રોના હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા.
- તા. ૩-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ સુરતના અઠવા લાઇન્સ અને અડાજણ વિસ્તારમાં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- સૌરાષ્ટ્રના કાશ્મીર તરીકે ઓળખાતું મહુવા એટલે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનું પ્રાગટ્ય તીર્થ અને તીરોધાન તીર્થ. તેઓના તીરોધાન તીર્થમાં માલણ નદીના કાંઠે કલાત્મક સ્મૃતિમંદિર રચાયું છે. આ મંદિરમાં સ્થાપિત થનાર અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુવર્ય ભગતજી મહારાજની મૂર્તિનો પ્રાણ-પ્રતિષ્ઠા વિધિ તા. ૯-૪-૨૦૨૨ના રોજ યોજાયો હતો. પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી તથા સંતોએ કરેલા માંગલિક મહાપૂજાવિધિ બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્ત વિધિપૂર્વક આ મૂર્તિઓમાં પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. સાથે સાથે સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણનાં ચરણારવિંદનું પૂજન પણ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહુવાના ભક્તો પર અમીદૃષ્ટિ કરી સ્વામીશ્રીએ સૌને શુભાશિષ અર્પ્યા હતા.
- તા. ૧૧-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ સુરતના ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- તા. ૧૪-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ હરિયાલ (સાંકરી) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- તા. ૧૬-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ ધરમપુર (તીથલ) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. સાથે આ મંદિરના ધજાદંડ-કળશોનું પૂજન કર્યું હતું.

વળી, આજે સ્વામીશ્રીએ રંભાસ (ડાંગ) ખાતેના જ્ઞાનસેવા વિદ્યાસંકુલમાં રચાનાર નૂતન આયામોની ખાતમુહૂર્તની ઇષ્ટિકાઓનું વેદોક્ત પૂજન કરી આશિષ અર્પ્યા હતા.

- તા. ૧૭-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ કામરેજ (સુરત)ના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિની વેદોક્ત વિધિપૂર્વક પૂજન-પ્રતિષ્ઠા કરી હતી.

ઉપરોક્ત તમામ બી.એ.પીએસ. મંદિરોની મૂર્તિઓની પ્રતિષ્ઠાના સંદર્ભમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું, ''હવે બધાં મંદિરોમાં આ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓ વિરાજશે. એટલે રોજ, નિયમિત મંદિરે જવું. આ પથ્થરની મૂર્તિઓ નથી, સાક્ષાત્ ભગવાન છે. અને પ્રતિષ્ઠા થયા પછી તો સાક્ષાત્ ભગવાન અંગોઅંગમાં વિરાજે છે. એટલે એવી દૃઢ શ્રદ્ધા રાખીને, મનમાં કેફ ને બળ રાખીને આનંદથી ભજન-ભક્તિ-સેવા કરવી. દંડવત-પ્રદક્ષિણા-આરતી કરવાં. અને જેણે જેણે આ મંદિરોમાં સેવા કરી છે તે બધા તને-મને-ધને સુખી થશે.''

ઉપરોક્ત પ્રસંગો ઉપરાંત સુરત ખાતે કણાદની નૂતન ભૂમિ પર સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા વિશિષ્ટ ઉત્સવોના અહેવાલ દ્વારા ગુરુહરિના સાંનિધ્યને માણીએ...

## કણાદ-સુરત ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયા પુષ્પદોલોત્સવ અને શ્રીહરિજયંતી ઉત્સવ...

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે બસ્સો વર્ષ પૂર્વે ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં અનેક ઉત્સવો ઊજવી અસંખ્ય હરિભક્તો અને પરમહંસોના જીવનને આનંદ-ઉલ્લાસથી ભરી દીધું હતું. ઉત્સવો થકી સૌમાં ધર્મ અને ભક્તિના પ્રાણ પૂરી લોકજીવનને પ્રભુ પ્રત્યે અભિમુખ કર્યું હતું. આ જ પરંપરામાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અનેક નાના-મોટા સમૈયા-ઉત્સવોની ભક્તિમય ઉજવણી કરી લાખો ભક્તોનાં જીવનમાં ભક્તિની ભરતીનો રંગ ભરી દીધો હતો. એ જ પરંપરાને જાળવી રાખતા વર્તમાનકાળે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ઉત્સવો દ્વારા સૌમાં અધ્યાત્મનું સિંચન કરી રહ્યા છે.

તા. ૧૮-૩-૨૦૨૨, ધુળેટીના પવિત્ર દિને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં કણાદ-સુરતના આંગણે શાનદાર રીતે પુષ્પદોલોત્સવ ઊજવાયો હતો. કોરોના મહામારીને કારણે છેલ્લાં બે વર્ષથી સ્વામીશ્રીની નિશ્રામાં જાહેરમાં પુષ્પદોલોત્સવ ઊજવાયો નહોતો. આથી આ વર્ષે કણાદ-સુરતને આ ઉત્સવ ઊજવવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. આજથી બાવીસ વર્ષ પૂર્વે સુરતના સંતો-ભક્તોએ પ્રમુખસ્વામી મહારાજને સુરતમાં પુષ્પદોલોત્સવ ઊજવવાની પ્રાર્થના કરી હતી, તે આજે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ફળીભૂત થઈ હતી. આમ તો આ ઉત્સવ સુરતના હરિભક્તો પૂરતો જ સીમિત હતો, પરંતુ ગુરુહરિના સાંનિધ્યમાં આ મહામૂલા અવસરને માણવાનો હરખ કોને ન હોય!? આથી ઠેરઠેરથી ભક્ત-મહેરામણ કણાદ-સુરત ખાતે ઊમટ્યો હતો. સૌનાં હૈયે દિવ્ય આનંદની ભરતી ચઢી હતી. સંતોના માર્ગદર્શન અનુસાર મધ્યાહ્ને ૩:૩૦ વાગ્યાથી સભાસ્થળમાં પ્રવેશ આપવામાં આવ્યો ત્યારથી કણાદ ખાતે નિર્માણાધીન મહામંદિરની વિશાળ ભૂમિ પર ખુલ્લા આકાશમાં હરિભક્તો બેસી ગયા. પોતાની સન્મુખ કલાત્મક રંગમંચ સોહી રહ્યું હતું. તેના ઉચ્ચ આસને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુવર્યો દર્શનલાભ આપી રહ્યા હતા. સભાની શરૂઆત પૂર્વે ૫૫,૦૦૦ જેટલા હરિભક્તો-ભાવિકોથી ઉત્સવ-સ્થળ ખીચોખીચ ભરાઈ ચૂક્યું હતું. સુરત સત્સંગ મંડળના સ્વયંસેવકોની ફોજ ખડે પગે સેવામાં તહેનાત હતી. સભામંચથી દૂર-દૂર બેઠેલા હરિભક્તો-ભાવિકો મંચ પરના વિવિધ કાર્યક્રમો અને સ્વામીશ્રીનાં સમીપ દર્શનનું સુખ લઈ શકે એ માટે બંને બાજુએ વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બરાબર ૫:૩૦ વાગે ધૂન-પ્રાર્થનાથી ઉત્સવનો પ્રારંભ થયો. ઉત્સવનો મર્મ સમજાવતાં પ્રભુચરણદાસ સ્વામીના પ્રાસંગિક પ્રવચન બાદ 'પ્રમુખસ્વામી મહારાજે લગાડેલો દિવ્યતાનો રંગ' વિષયક પ્રવચન આનંદસ્વરૂપદાસ સ્વામી, 'પ્રમુખસ્વામી મહારાજે વિશ્વમાં પ્રવર્તાવેલો સ્વામિનારાયણનો રંગ'


વિષયક પ્રવચન પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કર્યું. અંતમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણાવચનો દ્વારા ઉત્સવમાં ચાર ચાંદ લગાડી દીધા હતા. નિયત સમયે સ્વામીશ્રીનું આગમન થતાં સભાજનોએ ગગનભેદી જયનાદોથી ગુરુહરિને સત્કાર્યા.

આ અવસરે સ્વામીશ્રીના દિવ્ય રંગે રંગાવા ઊમટેલી ભક્તમેદનીને પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં નિષ્ઠાપૂર્વક જોડાવાની હાકલ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''નિષ્ઠાવાન થાય એટલે બધા ભાવ હૃદયમાં આવી જાય - સુહૃદભાવ, દાસભાવ, સંપ. બધા કીમતી ભાવ આવે, આધ્યાત્મિકતા આવે. આધ્યાત્મિક સાધનામાં નિષ્ઠા મુખ્ય છે. એટલે આપણે નિષ્ઠાવાન થવું. જેમ જેમ મહારાજ-સ્વામીનો મહિમા સમજાય એમ નિષ્ઠા વધુ દૃઢ થતી જાય, અને નિષ્ઠા દૃઢ થાય પછી બધું આવે.

પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી ઊજવવાની છે એમાં નિષ્ઠા જોઈએ. નિષ્ઠા હોય અને મહિમા કહીએ તો એ જુદો ટોન આવે. આપણે શતાબ્દીએ બેસી રહેવાનું નથી. અને જેને નિષ્ઠા થાય એ બીજાને વાત કરે જ, એને રહેવાય જ નહીં, એ નિષ્ઠાનું લક્ષણ છે. આ રીતે સમૈયો કરવાનો છે, એ રીતે થઈ જાય એ જ પ્રાર્થના.''

આશીર્વચનની સમાપ્તિ બાદ રંગોત્સવનો પૂર્વવિધિ આરંભાયો. સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનો પૂજન-વિધિ કરીને આરતી ઉતારી. આરતી બાદ વીડિયો દ્વારા પૂર્વેનાં વર્ષોમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પુષ્પદોલોત્સવે આપેલા દિવ્ય લાભની સ્મૃતિ કરવામાં આવી. વીડિયો બાદ સ્વામીશ્રીએ કલાત્મક નાની પિચકારી વડે અક્ષરપુરુષોત્તમ મહારાજ પર રંગાભિષેક કર્યો. સામે છેડે અક્ષરપુરુષોત્તમ મહારાજે પણ પિચકારી વડે સ્વામીશ્રી ઉપર રંગવર્ષા કરી. ભક્ત અને ભગવાનની આ રંગોત્સવ લીલાને માણતા સૌ ધન્ય થઈ ઊઠ્યા. ત્યારપછી સ્વામીશ્રીએ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી વગેરે સંતો ઉપર રંગવર્ષા કરી પ્રસન્નતા વરસાવી હતી. આજના અવસરે સ્વામીશ્રીને વધાવવા વિવિધ મંડળોએ ભક્તિભાવપૂર્વક તૈયાર કરી મોકલેલા કલાત્મક હાર વડીલ સંતોએ સ્વામીશ્રીનાં કરકમળોમાં અર્પણ કરી વિશેષ ભક્તિ અદા કરી હતી.

હવે, સૌની આતુરતાનો અંત આવ્યો. હરિભક્તો જે ક્ષણની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ક્ષણ આવી પહોંચી - ગુરુહરિના રંગે રંગાવાની. નિર્માણાધીન મહામંદિરની ભૂમિ પર રંગોત્સવનો પ્રારંભ થયો.



સ્વામીશ્રીએ પિચકારીઓનું સંચાલન કરતી શણગારેલી છડીઓ ઘુમાવતા રંગોત્સવ આરંભ્યો, તે સાથે જ મંચની બંને બાજુ લગાવેલી પિચકારીઓમાંથી કેસૂડાના રંગોની ધારાઓ દૂર દૂર સુધી વિસ્તરવા લાગી. કેસરિયા જળથી હરિભક્તો અભિષિક્ત થવા લાગ્યા. ઊપડતી લયનાં રંગોત્સવનાં કીર્તનોના તાલે ક્રમબદ્ધ રીતે હરિભક્તો આનંદ-ઉમંગથી નાચતાં મંચ સમક્ષ આવી દિવ્યતાના રંગે રંગાઈ આગળ વધી રહ્યા હતા. સભાસ્થળેથી બહાર નીકળતાં જ ફગવા-પ્રસાદ ગ્રહણ કરી સૌ ઉત્સવની સ્મૃતિઓને વાગોળતાં વાગોળતાં વિદાય થયા હતા. હરિભક્તો બાદ સ્વામીશ્રીએ સંતોને નખશિખ પ્રેમરંગે રંગી દીધા. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં યાહોમ કરવાની કટિબદ્ધતા સાથે સંતોએ આનંદે-ઉમંગે 'મહંત સ્વામીનો નારો છે... હવે અમારો વારો છે! પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવની જય!' વગેરે નારા જોશભેર ગુંજાવ્યા. અને સ્વામીશ્રી રાજી થતાં બોલ્યાઃ 'આજનો ઉત્સવ સર્વોપરી થઈ ગયો.'

આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આજના દિવ્ય ઉત્સવમાં લગભગ એક કલાક કરતાં વધુ સમય સુધી સૌ હરિભક્તો-સંતોને અધ્યાત્મના દિવ્ય રંગથી રંગી અવિસ્મરણીય સ્મૃતિઓ આપી હતી.

## શ્રી સ્વામિનારાયણ જયંતી

તા. ૧૦-૪-૨૦૨૨, ચૈત્ર સુદ નવમીના શુભ દિને કણાદ, સુરતના આંગણે પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનો ૨૪૧મો પ્રાકટ્યોત્સવ ભક્તિભાવથી ઊજવાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સંગે હજારો હરિભક્તો શ્રીહરિના જન્મોત્સવે ભક્તિવંદના કરવા ઊમટ્યા હતા.

વહેલી સવારથી જ ઉત્સવનું મંગલ વાતાવરણ રચાયું હતું. સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી જ શ્રીહરિના જન્મોત્સવનો પ્રારંભ થયો. પૂજાના મંચ પર અક્ષરપુરુષોત્તમ મહારાજને ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. પૂજા દરમ્યાન સંગીતજ્ઞ સંતોએ ઉત્સવપદોનું ગાન કરી ભગવાન સ્વામિનારાયણને ભક્તિવંદના કરી ત્યારે વાતાવરણમાં અનેરી દિવ્યતા છવાઈ ગઈ હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ આશીર્વચનમાં શ્રીજીમહારાજના સર્વોપરીપણાનો અપરંપાર મહિમા કહ્યો હતો. આજના દિને આકરાં વ્રત-તપ કરનાર હરિભક્તો પર સ્વામીશ્રીના અંતરના આશિષ વરસ્યા હતા.

સાયંકાળે કણાદની ભૂમિના વિશાળ પ્રાંગણમાં જન્મોત્સવની મુખ્ય સભા યોજાઈ હતી. ઉત્સવને અનુરૂપ મંચ સજાવવામાં આવ્યો હતો. શ્રીહરિનાં દિવ્ય લીલાચરિત્રોની સ્મૃતિ કરાવતાં ચિત્રોથી મંચ શોભતો હતો. મંચની મધ્યે નીલગગનમાં વિરાજમાન



શ્રીહરિને વંદના કરતા ગુરુવર્યોનાં દર્શન થઈ રહ્યાં હતાં.

સમારંભના પ્રારંભે સંગીતજ્ઞ સંતો-યુવકોએ કીર્તન-ભક્તિ દ્વારા જન્મોત્સવની વિશિષ્ટ સભામાં ઈષ્ટભક્તિ અદા કરી હતી. આ અવસરે 'ભગવાન સ્વામિનારાયણની અદ્વિતીયતા' વિષયક પ્રવચનનો લાભ શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ આપ્યો હતો. ત્યાગવલ્લભદાસ સ્વામી, ઘનશ્યામ-ચરણદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચન દ્વારા શ્રીહરિના દિવ્ય પ્રસંગોનું પાન કરાવ્યું હતું. ત્યારપછીના વિશિષ્ટ કાર્યક્રમમાં ભગવાન સ્વામિનારાયણે જે ઉંમરે જે ચરિત્રો કર્યાં હતાં એ જ ઉંમરના બાળકો-યુવાનોએ શ્રીહરિનાં અલૌકિક કાર્યોની ઝાંખી પ્રસંગો દ્વારા કરાવી હતી. ત્યારબાદ સંતોએ કલાત્મક હાર વડે ગુરુહરિને વધાવી આશિષ પ્રાપ્ત કર્યા હતા.

આજના અવસરે સ્વામીશ્રીએ ઈષ્ટદેવના ગુણ ગાતાં જણાવ્યું: ''આપણે પ્રાપ્તિની વાત કરીએ, ક્યાં મહારાજ ને ક્યાં જીવ? મહારાજે કહ્યું, 'મારો મહિમા હું કહેવા બેસું તો પણ પાર આવે એવો નથી' તો બીજા કોણ પાર પામી શકે? કોઈનું ગજું નહીં!

બીજું, શ્રીજીમહારાજે મોટામાં મોટું કાર્ય કર્યું - ગુણાતીતને ઓળખાવ્યા. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ આ બધાં એમનાં સ્વરૂપો છે. એ ઓળખાવ્યાં અને પ્રગટપણું ચાલુ રાખ્યું. શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી.' એટલે મહારાજે આ ગુણાતીત સ્વરૂપ ઓળખાવ્યા ને એ ચાલુ જ છે.''

સ્વામીશ્રીનાં અમૃતવચનો સૌએ હર્ષભેર વધાવ્યાં. બાદ ઉત્સવના અંતિમ ચરણનો પ્રારંભ થયો. અક્ષરપુરુષોત્તમ મહારાજને સુવર્ણરંગી પારણામાં પધરાવ્યા. તેઓની સમક્ષ અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સ્વામીશ્રી અને સંતોએ આરતી-અર્ઘ્ય અર્પ્યું. આરતી બાદ સંતોએ જન્મોત્સવનાં પદોનું ગાન કર્યું ત્યારે સ્વામીશ્રી અને સંતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજને પારણે ઝુલાવી વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું. મંચ પર બાળ-યુવાવૃંદે *'આજ ધર્મ-ભક્તિને દ્વાર, હરિ પ્રગટ્યા પૂરણકામ...'* કીર્તન પર જોમભર્યા થનગનાટ સાથે ભક્તિનૃત્ય કરી સભાને ડોલાવી દીધી હતી.

આજના પ્રસંગે અઠ્યાવીસ હજાર જેટલા ભક્તો-ભાવિકોએ ગુરુહરિના સાંનિધ્યમાં શ્રીહરિના જન્મોત્સવની દિવ્ય સભાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સાથે સાથે દેશ-વિદેશના લાખો હરિભક્તોએ ઘરે બેઠાં વેબકાસ્ટિંગના માધ્યમથી ઉત્સવ સભાનો લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે આયોજિત આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠિમાં સત્સંગદીક્ષા શાસ્ત્રમાં જીવન ઉન્નતિના વિવિધ દૃષ્ટિકોણ વિષયક લખાયેલા વિવિધ શોધપત્રોનો સંગ્રહ આર્ષ શોધ સંસ્થાન (ગાંધીનગર) દ્વારા પ્રકાશિત 'સત્સંગદીક્ષાપર્યાલોચનમ્' તેમજ 'મૂર્તિપૂજા ઇન સનાતન ધર્મ - બિલિફ્સ એન્ડ ટ્રેડિશન્સ' (અંગ્રેજી) પુસ્તિકાનું આજે સવારે સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

## સત્સંગ સભાઓ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ જ્યાં ઉપસ્થિત હોય ત્યાં સત્સંગનો અનોખો માહોલ છવાયેલો રહે છે. એમાં વળી, સુરતના સત્સંગની વાત જ નિરાળી છે. જ્યારે જ્યારે પ્રમુખસ્વામી મહારાજ સુરત પધારતા ત્યારે અડાજણના બી.એ.પી.એસ. મંદિરની ચોતરફનો વિસ્તાર હરિભક્તોથી છલકતો. સૌનો ઉત્સાહ-ઉમંગ ગગનને આંબતો. એવો જ માહોલ, એવો જ ઉત્સાહ અત્યારે કણાદ ખાતે અનુભવાય છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અહીં પધાર્યા ત્યારથી વિશેષ ને વિશેષ અહીં સત્સંગ-ભક્તિનો રંગ ચડતો ને ચડતો રહ્યો છે. ઉત્સવ-પ્રસંગોની સાથે સાથે સ્વામીશ્રીના પાવન સાંનિધ્યમાં દર રવિવારે તેમજ અન્ય જાહેર રજાના દિવસોએ યોજાતી સત્સંગ સભાનો લાભ લેવા માટે દક્ષિણ ગુજરાતમાંથી ઊમટતા હજારો હરિભક્તો-ભાવિકોથી સભાસ્થળ ખીચોખીચ ભરાઈ જાય છે. વિવિધ વિષયો સાથે યોજાતી સભાઓમાં બાળકો-કિશોરો-યુવકો દ્વારા પ્રસ્તુત થતાં વિવિધ ભક્તિનૃત્યો, પ્રેરણાત્મક સંવાદ, સ્કિટ, અધ્યાત્મનાં ગૂઢ રહસ્યોને ઉકેલતી પ્રશ્નોત્તરી અને સંસ્થાના વિદ્વાન સંતોનાં પ્રેરક પ્રવચનોને માણતાં સૌ બ્રહ્મમહોલમાં રાચે છે. સભાના અંતમાં સ્વામીશ્રીની અમૃતવાણીનો લાભ પ્રાપ્ત કરી હજારો મુમુક્ષુઓ મોક્ષમાર્ગી બને છે.

તા. ૩-૪-૨૦૨૨ના રોજ યુવા તાલીમ કેન્દ્રના યુવકોએ રવિસભામાં પ્રભાવક કાર્યક્રમોની પ્રસ્તુતિ દ્વારા તાલીમ કેન્દ્રમાંથી પોતાને મળેલા અધ્યાત્મના સંસ્કારોનું દર્શન સૌને કરાવ્યું હતું. આ અવસરે સ્વામીશ્રીએ યુવા તાલીમ કેન્દ્રના પ્રથમ સત્રના તાલીમાર્થીઓને આપવામાં આવનાર સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર પ્રસાદીભૂત કરી અઢળક રાજીપો વરસાવ્યો હતો.




# કણાદ-સુરત ખાતે નિર્માણાધીન કલામંડિત બી.એ.પી.એસ. મહામંદિરનો પ્રથમ સ્તંભ આરોપણ કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની પદરજથી પાવન થયેલી સુરત મહાનગરની ભૂમિ પર અડાજણ ખાતે પવિત્ર તાપી નદીના તટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૧૬-૧૨-૧૯૯૬ના રોજ કલામંડિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા કરી અધ્યાત્મનાં દ્વાર ખુલ્લાં મૂક્યાં હતાં. આ મંદિર દ્વારા થતી વિવિધ સત્સંગપ્રવૃત્તિઓથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પડઘમ ગુંજી ઊઠ્યા છે. દિન-પ્રતિદિન વધી રહેલા સત્સંગના કારણે અડાજણનું મંદિર નાનું પડતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરતની ભૂમિ પર નૂતન શિખરબદ્ધ મહામંદિર રચવાનો સંકલ્પ કર્યો. તેઓના સંકલ્પ અનુસાર સંતોએ ભૂમિ પસંદ કરવાનું કામ આરંભ્યું. અને સુરતની ઉત્તરે કણાદ ગામની ભૂમિ પસંદ કરાઈ. સ્વામીશ્રીએ પણ આ ભૂમિ પર કળશ ઢોળ્યો અને તા. ૭-૫-૨૦૧૯, અક્ષય તૃતીયાના પવિત્ર દિને મહામંદિરનો શિલાન્યાસ કર્યો. ત્યારપછી તા. ૩૧-૧-૨૦૨૧ના રોજ નેનપુરમાં બિરાજમાન સ્વામીશ્રીએ આ મહામંદિરના ઐતિહાસિક કાર્યનો મંગલ આરંભ કરાવ્યો ત્યારે અહીં પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીએ વિધિવત્ પૂજન કરી મંદિર નિર્માણકાર્યનો શુભારંભ કરાવ્યો હતો. ત્યારપછી તેનું નિર્માણકાર્ય પૂરવેગે આરંભાયું.

તેના આગળના ચરણ રૂપે, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે નિર્માણાધીન કલામંડિત મંદિરના પ્રથમ સ્તંભરોપણનો અવસર તા. ૨૦-૩-૨૦૨૨ના શુભ દિને યોજાઈ ગયો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, ઈશ્વરચરણદાસ સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી, અન્ય વડીલ સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં સુરત ઉપરાંત દક્ષિણ ગુજરાતમાંથી હજારો હરિભક્તો ઉપસ્થિતિ રહ્યા હતા.

વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાતઃ પૂજા દરમ્યાન કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ પૂર્વાર્ધ મહાપૂજાવિધિ કર્યો. ત્યારબાદ વડીલ સંતોએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા આજના ઉત્સવને વધાવ્યો હતો.

પ્રાતઃ પૂજા બાદ સ્વામીશ્રી મુખ્ય વિધિમાં જોડાયા. અક્ષરપુરુષોત્તમ મહારાજની દિવ્ય દૃષ્ટિ સાથે પ્રથમ સ્તંભ સ્થાપનનો વિધિ આરંભાયો. ધ્રુવ યોગમાં સ્વામીશ્રીએ, જેના પર સ્તંભ સ્થાપિત કરવાનો હતો એ ખરશીલા પર જલધારા કરી. પછી તેની ઉપર સિમેન્ટ પધરાવ્યો. અબીર, ગુલાલ અને કુમકુમ વડે પૂજન કરી પુષ્પો પધરાવ્યાં. વરિષ્ઠ સંતો, વડીલ સંતો તથા અગ્રણી હરિભક્તો પણ તેને અનુસર્યા. ઋચાઓના નાદ વચ્ચે સ્વામીશ્રીના સ્પર્શ સાથે સ્તંભની કુંભી

ખરશીલા પર સ્થપાઈ ત્યારે જયજયકારો ગુંજી ઊઠ્યા. સ્વામીશ્રીએ ચંદનનો સાથિયો કરીને કુંભીનું પૂજન કર્યું. ત્યારબાદ લાલ વસ્ત્રમાં આચ્છાદિત અન્ય એક સ્તંભનું સ્વામીશ્રીએ અનાવરણ કરી પૂજન કર્યું હતું. વરિષ્ઠ સંતોના હસ્તે પણ આ સ્તંભનું પૂજન થયું હતું. ત્યારપછી સૌએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ સહ સ્તંભોની આરતી ઉતારી. પુષ્પ-પાંદડીઓની વર્ષાથી આ ક્ષણોને વધાવવામાં આવી હતી. મંદિર નિર્માણકાર્યની સેવામાં જોડાયેલા સૌનો આભારવિધિ મુનિવંદનદાસ સ્વામીએ કર્યો હતો.




આ અવસરે સૌ પર રૂડા આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું, ‘‘તમામ અક્ષરમુક્તોની હાજરીમાં આ બધો ભવ્ય દિવ્ય વિધિ થયો. આપ બધાને ખૂબ લાભ થશે. અને આ પરંપરાની, હજારો વર્ષની વાત છે એના આ સ્તંભો સાક્ષી રહેશે. સેવા કરનાર બધાને ધન્યવાદ આપવામાં આવે છે.’’

આજના ઐતિહાસિક અવસરે સંતોએ કલાત્મક હાર વડે પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીને વધાવ્યા. મંદિર-નિર્માણમાં વિશેષ સહાયભૂત એન્જિનિયરો, સ્વયંસેવકો, કારીગરો પર સ્વામીશ્રીએ રાજીપાભરી દૃષ્ટિ કરી અંતરના આશિષ વરસાવ્યા હતા. આમ, કણાદ(સુરત)ની ભૂમિ પર અક્ષરધામ સમા મહામંદિરના પ્રથમ સ્તંભ સ્થાપનનો સમારોહ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં રંગેચંગે સંપન્ન થયો હતો. (બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

નૂતન પ્રકાશન

# વચનામૃતમાં બ્રહ્મસૂત્ર સ્વામિનારાયણ ભાષ્ય

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતોના આધારે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અને પ્રેરણાથી બ્રહ્મસૂત્ર સહિત પ્રસ્થાનત્રયી પર ભાષ્યો લખીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ સ્વામિનારાયણીય દાર્શનિક પરંપરાનું વૈદિક મૂળ સ્પષ્ટ કરી આપ્યું છે.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉદ્‌બોધેલાં વચનામૃતો પણ સ્વયં એક પ્રસ્થાન છે, જેમાં તેમણે પોતાના એ મૌલિક આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનની સ્પષ્ટતા કરી છે, જેને આજે આપણે ‘અક્ષરપુરુષોત્તમ દર્શન’ તરીકે ઓળખીએ છીએ. ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત આ અક્ષરપુરુષોત્તમ દર્શન વેદવ્યાસજી દ્વારા પ્રણીત બ્રહ્મસૂત્રોમાં, ઉપનિષદો અને ભગવદ્‌ગીતામાં કેવી રીતે પ્રતિબિંબિત થાય છે? તે સમજવા માટે ‘સ્વામિનારાયણ ભાષ્ય’ને સમજવું અનિવાર્ય છે, પરંતુ સંસ્કૃત ભાષાને કારણે બધા જિજ્ઞાસુઓ માટે એ સંભવિત નથી.




આથી, બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત ષડ્‌દર્શનાચાર્ય પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ આ એક સુંદર ગ્રંથની ભેટ આપી છે, જેમાં તેમણે પ્રસ્થાનત્રયી પૈકી બ્રહ્મસૂત્ર સ્વામિનારાયણ ભાષ્યને કેન્દ્રમાં રાખ્યું છે. ખૂબ બારીકાઈથી અધ્યયન કરીને, ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો અને બ્રહ્મસૂત્રનાં સ્વામિનારાયણ ભાષ્યનો સ્પષ્ટ સંબંધ આ ગ્રંથ દ્વારા પ્રસ્તુત કરીને લેખકે અનેક જિજ્ઞાસુઓ, અભ્યાસીઓ અને મુમુક્ષુઓ માટે એક સરળ અને સ્પષ્ટ રજૂઆત કરી છે. શ્રી વ્યાસજી દ્વારા રચિત બ્રહ્મસૂત્રોની સાક્ષીએ આ ગ્રંથ ભગવાન શ્રી સ્વામિનારાયણના વૈદિક તત્ત્વજ્ઞાનને સમજવામાં વિદ્વાનો અને વિદ્યાર્થીઓને માટે એક મહત્ત્વનું સોપાન બની રહેશે.

**પ્રાપ્તિસ્થાન : સ્વામિનારાયણ અક્ષરપીઠનાં તમામ વિક્રય કેન્દ્રો**

# પૂર્વાંચલમાં તીર્થધામ જગન્નાથપુરીમાં અક્ષરપુરુષોત્તમ દર્શનના ઉદ્‌ઘોષ સાથે પ્રમુખસ્વામી મહારાજનું વિશિષ્ટ બહુમાન



**પુરીના મહારાજા અને પૂર્વ ભારતનાં પાંચ રાજ્યોના પ્રતિષ્ઠિત વિદ્વાનો દ્વારા પ્રમુખસ્વામી મહારાજને સન્માન સુમનાંજલિ અર્પણ...**

**પૂર્વ ભારતમાં 'અક્ષરપુરુષોત્તમ દર્શન'ને સ્વતંત્ર વૈદિક દર્શન તરીકે સમર્થન...**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યે વિવિધ સ્તરે અનેકવિધ પ્રેરણાસભર આયોજનો દેશ-વિદેશમાં ગતિમાન છે. તાજેતરમાં એવું જ એક વિશિષ્ટ આયોજન ભારતીય તત્ત્વજ્ઞાન અને વિદ્વત્તાના ક્ષેત્રે સંપન્ન થઈ ગયું. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન'ના સમર્થન સમારોહ પૂર્વે યોજીને ભારતના ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ વગેરે પ્રાંતોમાં ગણમાન્ય, મૂર્ધન્ય અને પ્રકાંડ વિદ્વાનોએ આ સપ્તમ દર્શનને તો ઉત્સાહથી વધાવ્યું હતું, એ જ શૃંખલામાં તાજેતરમાં પૂર્વીય ભારતમાં એવું જ એક અનોખું સોપાન પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે સંપન્ન થઈ ગયું. તેની એક આછી ઝલક...

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષર-પુરુષોત્તમ દર્શન સનાતન વૈદિક અને સ્વતંત્ર તત્ત્વસિદ્ધાંત છે. આ સત્ય, ભારત તેમજ વિશ્વભરના વિદ્વદ-વર્ગમાં ઉત્તરોત્તર પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આ શૃંખલામાં તાજેતરમાં તીર્થધામ જગન્નાથપુરીમાં તા. ૨૧ થી ૨૩ માર્ચ ૨૦૨૨ સુધી અક્ષરપુરુષોત્તમ દર્શન આધારિત ત્રિદિવસીય દાર્શનિક શાસ્ત્રચર્ચાનો એક અપૂર્વ ઉત્સવ ઊજવાયો.

શાસ્ત્રચર્ચાના પ્રથમ દિવસે પ્રાતઃકાળે ભદ્રેશદાસ સ્વામીએ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્ય શ્રી જગન્નાથજીનાં ચરણોમાં અર્ઘ્યરૂપે અર્પણ કરીને વિશેષ ભક્તિ અદા કરી હતી. આ પ્રસંગે વિવિધ વિશ્વવિદ્યાલયોના



કુલપતિશ્રીઓ તેમજ વેદાંત ક્ષેત્રના મૂર્ધન્ય વિદ્વાન પણ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમ્યાન જગન્નાથ ભગવાન સમક્ષ ઊભા રહી ભાષ્યકારે સ્વરચિત જગન્નાથ સ્તોત્રનું ગાન કર્યું ત્યારે વિદ્વાનોએ આ ઘટનાનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું હતું કે પ્રસ્થાનત્રયી ભાષ્યના રચયિતા સ્વયં પોતાના હસ્તે જગન્નાથજીને ભાષ્ય અર્પણ કરતા હોય એવી આ વિરલ ઐતિહાસિક ઘટના છે. વળી, આદિ શંકરાચાર્યજીએ સ્વયં ભગવાન જગન્નાથજીના મહિમાનું સ્તોત્ર બનાવી ગાન કર્યું હતું, ત્યારબાદ સેંકડો વર્ષો પછી એવી ઘટના બની કે પ્રસ્થાનત્રયી ભાષ્યકારે સ્વયં સ્વવિરચિત સ્તોત્રનું ગાન જગન્નાથજી સમક્ષ કર્યું હોય. આ ઐતિહાસિક પ્રસંગને ઉપસ્થિત સૌએ આનંદથી વધાવ્યો હતો.

તા. ૨૧ની સવારે રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના પુરી ખાતે આવેલા સદાશિવ પરિસરમાં અક્ષરપુરુષોત્તમ દર્શનના સ્વાગતમાં વિદ્વાનો દ્વારા એક અપૂર્વ દાર્શનિક શોભાયાત્રા યોજાઈ હતી. આ શોભાયાત્રામાં અક્ષરપુરુષોત્તમ મહારાજની ધાતુની પ્રતિમા તથા સંપૂર્ણ સ્વામિનારાયણ ભાષ્યને એક પાલખીમાં પધરાવવામાં આવ્યાં હતાં. આ પ્રદેશના પારંપરિક સંગીતની સુરાવલીઓ વચ્ચે વિદ્વાનો દ્વારા થતા વેદપાઠ સાથે યોજાયેલી આ શોભાયાત્રા સદાશિવ પરિસરમાં આવેલા જયદેવ સભાગાર પાસે વિરમી ત્યારે વાતાવરણ દિવ્યતાસભર બની ગયું હતું.

આજથી કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય દિલ્હી તેમજ ઉત્કલ પરિષદ તિરુપતિ દ્વારા આયોજિત ‘અક્ષરપુરુષોત્તમ દર્શન: અન્ય દર્શનો સાથે સંવાદ’ – વિષયક ત્રિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનો આરંભ થઈ રહ્યો હતો. જગન્નાથ-પુરીના મહારાજા મહામાન્ય ગજપતિ દિવ્યસિંહ દેવે મંચ ઉપર પધરાવેલા શ્રી જગન્નાથ ભગવાન, અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને વિશેષ અર્ઘ્ય અર્પણ કરી પરિસંવાદનું ઉદ્‌ઘાટન કર્યું.

આજના પ્રસંગની વિશેષતા દર્શાવતાં તેઓએ કહ્યું કે ‘પ્રમુખસ્વામી મહારાજના જન્મશતાબ્દી અવસરે જગન્નાથજી પાસે ભાષ્ય અર્પણ થયું એ આપણા માટે બહુ મહત્ત્વનો અવસર છે. મહાન સંતોના સાંનિધ્યમાં વિતાવેલી ક્ષણો હૃદયમાં સદાને માટે સ્થાન કરી લે છે. પ્રમુખસ્વામી મહારાજ એવા અતિ મહાન સંત હતા.’ તેમણે પ્રમુખસ્વામી મહારાજને એક પરમ ઉપકારી સંત તરીકે બિરદાવ્યા અને તેમની સાથે વિતાવેલી દિવ્ય ક્ષણોની સ્મૃતિ કરી હતી.

ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ કેન્દ્રીય સંસ્કૃત વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડૉ. શ્રીનિવાસ વરખેડીએ પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્યની વિશેષતા વર્ણવતાં કહ્યું કે ‘આ એવું ભાષ્ય છે, જેમાં કોઈને પૂર્વપક્ષ બનાવીને તેનું ખંડન કરવામાં આવ્યું નથી. અહીં દરેકને સાથે લઈને સૌનો આદર કરીને સ્વપક્ષનું સ્થાપન કર્યું છે. એટલા માટે આ ભાષ્યનું સ્વાગત કરવા માટે આપણે સૌ ઉપસ્થિત થયા છીએ.’ તેઓએ પ્રમુખસ્વામી મહારાજના કાર્યને બિરદાવતાં કહ્યું કે ‘પ્રમુખસ્વામી મહારાજે આવા એક હજાર સંતો, એક હજારથી વધુ મંદિરો, અનેક શિક્ષણ સંસ્થાઓનું નિર્માણ કર્યું છે. તેઓના આશીર્વાદથી પ્રસ્થાનત્રયી પર ભાષ્ય રચાયાં છે. તેઓના સન્માનની આ



ક્ષણ વિશ્વવિદ્યાલયના ઈતિહાસમાં સુવર્ણપૃષ્ઠ બની રહેશે.'

પ્રમુખસ્વામી મહારાજે સમસ્ત વિશ્વમાં અનેકવિધ સમાજોપયોગી પ્રદાનો દ્વારા માનવ સમાજને ઉપકૃત કર્યો છે. આ શૃંખલામાં તેઓનું એક મહાન પ્રદાન છે - શાસ્ત્રપરંપરાનું પોષણ. સ્વામીશ્રીએ અનેક ભાષાઓમાં ગ્રંથોની રચના કરાવીને શાસ્ત્રપરંપરાને પલ્લવિત કરી છે. મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી દ્વારા પ્રસ્થાનત્રયી ઉપર સ્વામિનારાયણ ભાષ્યની રચના કરાવીને ભાષ્યરચનાની પ્રાચીન પરંપરાને ઉજ્જ્વળ કરી છે. પ્રમુખસ્વામી મહારાજના આ પ્રદાનને ધ્યાનમાં રાખીને ઉત્કલ પરિષદ, કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, જગન્નાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, મહર્ષિ વ્યાસદેવ રાષ્ટ્રીય પ્રાચ્યવિદ્યા ગવેષણા કેન્દ્ર તથા અખિલ ભારત અમૃતવાણી સેવા પ્રતિષ્ઠાન જેવી પૂર્વ ભારતની મૂર્ધન્ય સંસ્થાઓ દ્વારા 'શાસ્ત્ર-પરંપરા-કલ્પદ્રુમ' નામનું સન્માન સ્વામીશ્રીનાં ચરણોમાં જગન્નાથપુરીના મહામાન્ય ગજપતિ મહારાજા શ્રી દિવ્યસિંહ દેવના હાથે સમર્પિત કરવામાં આવ્યું.

મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન દ્વારા પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન અનુસાર સંપૂર્ણ પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય લખીને તત્ત્વજ્ઞાન ક્ષેત્રમાં યુગવર્તી પ્રદાન કર્યું છે. તેઓના આ વિશિષ્ટ પ્રદાનને જોઈને પૂર્વ ભારતની સંસ્કૃત અને તત્ત્વજ્ઞાનની પૂર્વોક્ત પ્રસિદ્ધ સંસ્થાઓએ સાથે મળીને ભદ્રેશદાસ સ્વામીને 'ભાષ્યકાર મહાચાર્ય' એવોર્ડ આપવાનો નિર્ણય કર્યો હતો. જગન્નાથપુરીના ગજપતિ મહારાજાના હસ્તે આ સન્માન એનાયત કરવામાં આવ્યું.

## શોધપત્ર પ્રસ્તુતિ અને શાસ્ત્રચર્ચા

'અક્ષરપુરુષોત્તમ દર્શન: અન્ય દર્શનો સાથે સંવાદ' વિષયક ત્રિદિવસીય પરિસંવાદમાં જુદાં જુદાં વિશ્વવિદ્યાલયના વિદ્વાન પ્રાધ્યાપકો અને શોધછાત્રો દ્વારા ૩૪ જેટલાં શોધપત્રો પ્રસ્તુત થયાં. આ શોધપત્રોમાં 'કઠોપનિષદમાં અક્ષરપુરુષોત્તમ દર્શન', 'જિજ્ઞાસાધિકરણના વિચારમાં અદ્વૈતદર્શન અને અક્ષરપુરુષોત્તમ દર્શનની તુલના' જેવા વિવિધ વિષયો ઉપર પ્રસ્તુતિ તથા વિદ્વાનો દ્વારા ચર્ચા-સંવાદ થયાં. આ પરિસંવાદનું મુખ્ય આકર્ષણ એ હતું કે અહીં સ્વયં ભાષ્યકાર સાથે દાર્શનિક વિમર્શનો અવસર પ્રાપ્ત થયો હતો. ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામીએ પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનની વૈદિકતાને શાસ્ત્રોનાં પ્રમાણો સાથે વિશદતાથી રજૂ કરી. ભદ્રેશદાસ સ્વામી પાસેથી દરેક પ્રશ્નના સંતોષકારક ઉત્તરો મેળવીને સર્વે વિદ્વાનોએ અક્ષરપુરુષોત્તમ દર્શનની મૌલિકતા વિશે ખૂબ પ્રસન્નતા દર્શાવી હતી.

આ ચર્ચાની અનુભૂતિને વાચા આપતાં મહર્ષિ વ્યાસદેવ રાષ્ટ્રીય પ્રાચ્યવિદ્યા ગવેષણા કેન્દ્રના સચિવ પ્રો. બુદ્ધેશ્વર ષડંગી, લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના સાહિત્ય વિભાગના પ્રાધ્યાપક ડૉ. ભાગીરથીનંદજી વગેરે વિદ્વાનોએ કહ્યું કે 'ગંગા તો વહેતાં વહેતાં એક જગ્યાએ સમુદ્રમાં મળી જાય છે, પણ આ અક્ષરપુરુષોત્તમ દર્શનની ગંગા વિદ્વાનોના હૃદયમાં સદા વહેતી રહેશે. ભારત ભૂમિ




પર સમયે સમયે આચાર્યો દ્વારા જે મહાન દર્શનો આપવામાં આવ્યાં છે તે જ કડીમાં આ દર્શનનું પણ વિશિષ્ટ સ્થાન છે. હવે આ અભિનવ દર્શનને આગળ વધારવાનું દાયિત્વ આપણું વિદ્વાનોનું છે.'

અનેક વિશ્વ વિદ્યાલયોમાં કુલપતિ પદ શોભાવી ચૂકેલા, અનેક ઉપાધિઓથી વિભૂષિત એવા બહુમાન્ય વિદ્વાન મહામહોપાધ્યાય ડૉ. હરેકૃષ્ણ શતપથીજીએ કહ્યું કે 'ભગવાન સ્વામિનારાયણનું આ અક્ષરપુરુષોત્તમ દર્શન પ્રાસંગિક છે, સમાજનું કલ્યાણ કરનાર છે. આ દર્શનની અસર આખા વિશ્વમાં પડશે. આ દર્શન સામાજિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને પારમાર્થિક એવી પ્રત્યેક દૃષ્ટિથી એક સર્વાંગ સંપૂર્ણ દર્શન છે. આ સંપ્રદાયની ગુરુપરંપરાની વિશેષતા એ છે કે એમાં વૈરાગ્ય છે પણ પલાયનવાદ નથી. સંસારનો ત્યાગ કરીને પણ આ સંપ્રદાયમાં સમાજની સેવા કરવામાં આવે છે. આજે આપણે સંકલ્પ કરીએ કે સમગ્ર વિશ્વમાં સ્વામિનારાયણ દર્શનનો પ્રચાર પ્રસાર કરીશું અને એ દ્વારા શાંતિ અને સદ્‌ભાવની પ્રતિષ્ઠા કરીશું. ભદ્રેશદાસ સ્વામીએ જે ભાષ્યની રચના કરી છે એ હું નિધડકપણે કહી શકું કે ભાષ્ય-વિશ્વની આઠમી અજાયબી છે.'

પરિસંવાદના તૃતીય દિવસે ઉપસ્થિત સૌ વિદ્વાનોએ સરસ્વતી મંદિરમાં આ અભિનવ દર્શનના ભાષ્ય ગ્રંથોનું વિધિવત્ પૂજન તથા ભાષ્યકારનું અભિવંદન કર્યું હતું. વિદ્વાનોએ મંગલમય દિવ્ય વાતાવરણમાં વૈદિક મંત્રોના ઘોષ સાથે ઉત્સાહપૂર્વક પૂજન વિધિમાં ભાગ લઈ ધન્યતા અનુભવી.

પરિસંવાદના અંતિમ સત્રમાં પૂર્વ ભારતનાં પાંચ રાજ્યોમાંથી ૨૫૦ જેટલા વિદ્વાનોની ઉપસ્થિતિ હતી. પુરી સ્થિત શ્રીજગન્નાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. હરિહર હોત્તા, કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના શ્રી સદાશિવ પરિસર ખાતેના નિર્દેશક પ્રો. ખગેશ્વર મિશ્ર, પ્રખર નૈયાયિક પ્રો. વિષ્ણુપદ મહાપાત્ર, અદ્વૈત વેદાંતમાં પારંગત ડૉ. હરેકૃષ્ણ પટ્ટજોષી વગેરે અનેક વિષયોના મૂર્ધન્ય વિદ્વાનો તથા મહાનુભાવોની ઉપસ્થિતિથી આ પ્રસંગની ગરિમા વિશેષ જણાતી હતી.

આ સભામાં 'અનુજ્ઞાપત્રપ્રતીવી' શીર્ષક હેઠળ સમસ્ત વિદ્વદજનોએ સાથે મળીને અક્ષરપુરુષોત્તમ દર્શનને સમર્થન આપતો તામ્રપત્ર પર અંકિત સમર્થન અભિલેખ અર્પણ કર્યો. આ અભિલેખમાં અક્ષરપુરુષોત્તમ દર્શન અંગે વિદ્વાનોના હૃદ્‌ગત અભિપ્રાયનું આલેખન થયું હતું. આ વિદ્વાનોએ એક મહિનાથી પણ વધારે સમય સુધી પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્ય તથા વચનામૃત જેવાં સાંપ્રદાયિક શાસ્ત્રોનું ઊંડાણપૂર્વક આલોડન કરીને અક્ષરપુરુષોત્તમ દર્શનની વૈદિકતા તથા દાર્શનિક ક્ષેત્રમાં અપૂર્વતાને પ્રમાણભૂત રીતે સ્વીકારી હતી.

આ અભિલેખમાં પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત આ અક્ષરપુરુષોત્તમ દર્શન પણ અદ્વૈત-વિશિષ્ટાદ્વૈત વગેરે અન્ય દર્શનોની જેમ સ્વતંત્ર, મૌલિક અને વિશિષ્ટ એવું વૈદિક સનાતન દર્શન છે, એમ સ્પષ્ટપણે નિર્દેશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા વિદ્વાનોએ હસ્તાક્ષર કરીને સમગ્ર પરિસંવાદને દસ્તાવેજી પ્રમાણ આપ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉત્કલ પરિષદના

સચિવ પ્રો. જ્ઞાનરંજન પંડા, ઉત્કલ પરિષદના મુખ્ય ટ્રસ્ટી પ્રો. રાધાગોવિંદ ત્રિપાઠી, ઉત્કલ પરિષદના સભાપતિ પ્રો. સત્યનારાયણ આચાર્ય, સાહિત્યના વિદ્વાન ડૉ. સોમનાથ દાસ વગેરે વિદ્વાનોએ તેમજ આત્મતૃપ્તદાસ સ્વામી, અક્ષરનંદનદાસ સ્વામી, પૂર્ણવત્સલદાસ સ્વામી તથા અન્ય સંતોએ ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

## ઇન્દ્રદ્યુમ્ન સરોવરના તટે અક્ષરપુરુષોત્તમ દર્શનના ભાષ્યનું નિરૂપણ

૨૪ માર્ચના દિવસે સવારે ઇન્દ્રદ્યુમ્ન સરોવરના તટે અક્ષરપુરુષોત્તમ દર્શનનું પ્રથમ ઐતિહાસિક પ્રવચન રાખવામાં આવ્યું હતું. આ પૌરાણિક તીર્થસ્થાનમાં ભગવાન સ્વામિનારાયણ નીલકંઠવર્ણી સ્વરૂપે વિક્રમ સંવત ૧૮૫૩-૧૮૫૪(સન ૧૭૯૭-૧૭૯૮)માં પધાર્યા હતા. જગન્નાથપુરીના છ માસના નિવાસ દરમિયાન તેઓએ અનેકવાર આ સરોવરમાં સ્નાન કર્યું હતું. આ સ્થાનમાં તેની સ્મૃતિ રૂપે એક નાનું મંદિર કરીને પ્રમુખસ્વામી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવ્યા છે. નીલકંઠ પ્રભુ જ્યાં જતા ત્યાં અક્ષરપુરુષોત્તમ દર્શનના સારરૂપ પાંચ અનાદિ તત્ત્વોની વાત કરતા. આ સ્થાનમાં પણ તેઓએ મુમુક્ષુઓને આ વાત કરી હશે એ ભાવના સાથે આજે પૂર્વ ભારતના મૂર્ધન્ય વિદ્વાનોની ઉપસ્થિતિમાં અહીં અક્ષર-પુરુષોત્તમ દર્શનનું ઐતિહાસિક પ્રવચન યોજાયું હતું. આત્મતૃપ્તદાસ સ્વામીએ આ પ્રાસાદિક સ્થાનનો સાંપ્રદાયિક મહિમા સમજાવી અક્ષરપુરુષોત્તમ દર્શનના પ્રવર્તનનો ઇતિહાસ સંક્ષેપમાં રજૂ કર્યો હતો. ત્યારબાદ ભદ્રેશદાસ સ્વામીએ શ્રીમદ્ ભગવદ્ગીતાના અઢારમા અધ્યાયના ૫૪મા શ્લોક પરના સ્વામિનારાયણ ભાષ્યનું પઠન કરીને શાસ્ત્રીય સંસ્કૃતમાં તેની સમજૂતી આપી હતી. આ પ્રવચનના અંતે સર્વે વિદ્વાનોએ પોતાની અનુભૂતિ વર્ણવી હતી. અદ્વૈત વેદાંતના પ્રસિદ્ધ વિદ્વાન શ્રી પ્રભાતરંજન મહાપાત્ર, ભાષ્યગ્રંથોનું વાંચન કરીને ખૂબ પ્રભાવિત થયા હતા. તેમણે આ દર્શન વિષે હૃદયથી અહોભાવ વ્યક્ત કર્યો હતો. અંતમાં સર્વે વિદ્વાનો વતી નિવેદન કરતાં શ્રી હરેકૃષ્ણ શતપથીજીએ કહ્યું કે ‘મારા વીસ વર્ષના સંશયનું આજે સમાધાન મળ્યું છે. હું કહેતો હતો કે શ્રીમદ્ ભગવદ્ગીતા એ વિષાદમાંથી પ્રસાદ તરફની યાત્રા છે. પરંતુ પ્રસાદ કઈ રીતે પ્રાપ્ત થાય એ વિશે મને સ્પષ્ટતા મળતી નહોતી. આજના પ્રવચનમાં અક્ષરપુરુષોત્તમ દર્શનના આધારે જે નિરૂપણ થયું તેમાંથી મને સમજાયું કે જ્યારે બ્રહ્મરૂપ થાય ત્યારે જ પ્રસન્નતા એટલે કે પ્રસાદની પ્રાપ્તિ થાય છે. આ સાંભળીને અર્જુનની જેમ મને પણ મોહ ટળ્યો હોય એવો આનંદ થાય છે. હવે અમે સૌ વિદ્વાનો આ અક્ષરપુરુષોત્તમ દર્શનના સમર્થક, પ્રવર્તક, સૈનિક છીએ.’ ઉપસ્થિત સૌ વિદ્વાનોએ પણ આ વચનોમાં પોતાના અનુમોદનનો સૂર પુરાવ્યો. અંતે સૌએ અક્ષરપુરુષોત્તમ દર્શનના ઉપાસ્ય સ્વરૂપ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી મહારાજને આરતીથી વધાવ્યા.

## ગોવર્ધન પીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્યજી સાથે ભદ્રેશદાસ સ્વામીની દાર્શનિક ગોષ્ઠિ

જગન્નાથપુરીમાં ગોવર્ધન પીઠાધીશ્વર શંકરાચાર્ય પૂજ્યપાદ શ્રી નિશ્ચલાનંદ સરસ્વતી મહારાજની સાથે શ્રીભદ્રેશદાસ સ્વામીની દાર્શનિક ગોષ્ઠિ તા. ૨૫ માર્ચના દિવસે યોજાઈ ગઈ. ભદ્રેશદાસ સ્વામીએ ગોવર્ધન પીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્યજીને પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્ય અર્પણ કર્યાં. અત્યંત સૌહાર્દપૂર્ણ અને દિવ્ય વાતાવરણમાં અક્ષરપુરુષોત્તમ દર્શન વિષયક ગોષ્ઠી થઈ. ભદ્રેશદાસ સ્વામીએ વૈદિક સનાતન ધર્મના શાસ્ત્રો આધારિત પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત તેમની સમક્ષ પ્રસ્તુત કર્યો ત્યારે શંકરાચાર્યજીએ અક્ષરપુરુષોત્તમ દર્શનની વાત સાંભળીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સનાતન ધર્મની રક્ષા તથા સંવર્ધન માટે પ્રવર્તમાન સ્વામિનારાયણ સંપ્રદાયના કાર્યને બિરદાવીને તેઓએ ધન્યવાદ પાઠવ્યા હતા. શ્રીમદ્ શંકરાચાર્યજીએ આ વર્ષે ઊજવાનાર પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ માટે પોતાની શુભકામનાઓ વ્યક્ત કરી હતી. આ રીતે પૂર્વ ભારતની સંસ્કારી પુણ્યભૂમિમાં વિદ્વદ-વર્ગને અક્ષરપુરુષોત્તમ દર્શનનો પરિચય મળતાં આ દર્શન પ્રત્યે સૌને અનેરો સદ્ભાવ અને આકર્ષણ થયું. ◆



# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે યોજાયા તેઓના દિવ્ય જીવન-કાર્યને અર્ઘ્ય અર્પતા સેમિનારો





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે, તેઓશ્રીના દિવ્ય વ્યક્તિત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવીને, તેમનાં જીવનકાર્યને અર્ઘ્ય અર્પતા કાર્યક્રમો વિશ્વભરમાં યોજાઈ રહ્યા છે. આ શૃંખલામાં તાજેતરમાં બે સેમિનાર યોજાઈ ગયા.

## સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે યોજાયો સેમિનાર

તા. ૧૨-૩-૨૦૨૨ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટી -વલ્લભવિદ્યાનગર અને આર્ષ શોધ સંસ્થાન-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સ્વામીશ્રીના દિવ્ય જીવનકાર્યમાંથી પ્રેરણા આપતો સેમિનાર આ યુનિવર્સિટીમાં યોજાઈ ગયો.

આ સેમિનારમાં યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. નિરંજનભાઈ પટેલ, પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિશ્રી ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિક અને ચારુસેટ આણંદના જોઈન્ટ સેક્રેટરી શ્રી વિપુલભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દીપપ્રાગટ્ય વિધિ બાદ યુનિવર્સિટી ખાતેની સ્વામીશ્રીની યાદગાર ક્ષણોની સ્મૃતિ સૌએ વીડિયોના માધ્યમથી માણી. આ પ્રસંગે આદર્શજીવનદાસ સ્વામીએ સ્વામીશ્રીનાં અનેકવિધ કાર્યો અને યોગદાનને વર્ણવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ પણ સ્વામીશ્રીએ માનવઘડતરમાં આપેલા પ્રદાનોનું ભાવપૂર્વક સ્મરણ કર્યું. અંતે શ્રુતિપ્રકાશદાસ સ્વામીના ઉદ્‌બોધન સાથે આ સેમિનાર સંપન્ન થયો હતો.

## ગાંધીનગર ખાતે યોજાયો સેમિનાર

તા. ૧૫-૪-૨૦૨૨ના રોજ અક્ષરધામ ગાંધીનગર ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને આર્ષ સંશોધન સંસ્થાન-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'બાળસંસ્કારના શિલ્પી: પ્રમુખસ્વામી મહારાજ' વિષયક સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ, પૂજ્ય ભગવત્સેતુદાસ સ્વામી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં વિદ્યાનિકેત વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલભાઈ પંચાલ, કવિશ્રી માધવ રામાનુજ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થનાગાન અને દીપપ્રાગટ્ય વિધિ બાદ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન કેન્દ્રો દ્વારા ચાલતી વિવિધ બાળસંસ્કારની પ્રવૃત્તિઓની ઝાંખી સૌએ વીડિયોના માધ્યમથી કરી. પૂજ્ય ભગવત્સેતુદાસ સ્વામીએ બી.એ.પી.એસ. સંસ્થાની વિશ્વવ્યાપી બાળપ્રવૃત્તિ તથા સ્વામીશ્રીએ બાળસંસ્કાર ક્ષેત્રમાં આપેલા પ્રદાનને વર્ણવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ પણ પ્રાસંગિક વક્તવ્યોમાં સ્વામીશ્રીના બાળ-સંસ્કારલક્ષી કાર્યને ખૂબ બિરદાવ્યું હતું. અંતે શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ શતાબ્દી મહોત્સવ અંતર્ગત આગામી કાર્યક્રમોની રૂપરેખા પ્રસ્તુત કરી હતી. ◆

# નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક યોજાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો...

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજે સમસ્ત વિશ્વમાં અનેકવિધ સમાજોપયોગી પ્રદાનો દ્વારા માનવસમાજને ઉપકૃત કર્યો છે. આ શૃંખલામાં તેઓનું એક અદ્વિતીય પ્રદાન છે - મંદિરોનું નિર્માણ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિના મુખ્ય આધારસ્તંભ સમા ૧૨૦૦થી વધુ મંદિરોનું નિર્માણ કરીને દેશ-વિદેશમાં લાખો મુમુક્ષુઓની આધ્યાત્મિક તરસને તૃપ્ત કરવા પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. જીવન ઉત્કર્ષ અને સમાજોત્કર્ષની પ્રવૃત્તિની આહ્‌લેક પોકારતાં આ મંદિરોની સર્જન પરંપરા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં પણ એટલી જ વેગવંતી છે. આ મંદિરોમાં ભારતીય સંસ્કારોનું સિંચન કરતી બાળસભાઓ, પારિવારિક શાંતિ અને કૌટુંબિક મૂલ્યોનું રક્ષણ કરતી સત્સંગસભાઓ, મહિલાઓના સ્વવિકાસને પોષતી મહિલાસભાઓનું નિયમિત આયોજન કરીને સમાજમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યનું સિંચન કરવાનો ભગીરથ પ્રયત્ન કરવામાં આવે છે. તાજેતરમાં આ સર્જન શૃંખલામાં વધુ છ મંદિર નિર્માણ પામ્યાં છે. તે ઉપક્રમે યોજાયેલા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવોની એક ઝલક અહીં પ્રસ્તુત છે.



## વ્યારા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત સત્પુરુષોના પદરજથી પાવન થયેલી દક્ષિણ ગુજરાતની ભાગ્યવંતી ભૂમિ પર દિનપ્રતિદિન બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની હરિયાળી છવાઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ઉદ્‌ઘોષ દક્ષિણ ગુજરાતનાં અંતરિયાળ ગામોમાં પણ થાય તે માટે ખૂબ પરિશ્રમ કર્યો હતો. તેઓના આશીર્વાદથી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સાંકરી, સુરત, તીથલ, સેલવાસ, નવસારી અને ભરૂચમાં શિખરબદ્ધ મંદિરો અને અંતરિયાળ ગામોમાં ઘણાં મંદિરોનું નિર્માણ કર્યું હતું. આ સર્જન શૃંખલામાં તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા શહેરમાં એક વધુ સુવિધાસજ્જ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું છે.

વર્ષો પૂર્વે ભક્તરાજ શ્રી નવનીતભાઈ શાહે યોગીજી મહારાજની આજ્ઞાથી રવિસત્સંગ સભાની શરૂઆત કરીને અહીં સત્સંગની ગંગોત્રીને વહેતી કરી હતી. સ્થાનિક થોડા ભક્તોએ નિરંતર સભા ચાલુ રાખતાં અનેક મુમુક્ષુઓ સત્સંગના યોગમાં આવવા લાગ્યા, જેના પરિણામે નાનકડા બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થયું હતું. આ મંદિરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે તા. ૨૮-૧૧-૧૯૭૬ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો હતો. યોગાનુયોગ સ્વામીશ્રીનો ૫૬મો જન્મજયંતી મહોત્સવ પણ અહીં હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક ઊજવ્યો હતો. તે પછી આ વિસ્તારમાં સત્સંગ પ્રવર્તનનું કાર્ય વધારે ઝડપથી શરૂ થયું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અનેકવખત વ્યારા ક્ષેત્રનાં અંતરિયાળ ગામોમાં કઠિન વિચરણ કરીને આદિવાસીબંધુઓનાં અંધશ્રદ્ધા, વ્યસનો, અને દુરાચારોથી લિપ્ત જીવનને સદાચાર અને સંસ્કારથી ધબકતાં કર્યાં છે. સાંકરી મંદિરથી સ્વામીશ્રીનો સંદેશ લઈને ઘૂમતા સંતો-કાર્યકરોએ કથાવાર્તા અને સમાજોત્કર્ષની અનેકવિધ પ્રવૃત્તિઓ કરીને હજારો પરિવારોનું નૈતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઘડતર કર્યું. પરિણામે આધ્યાત્મિક જાગૃતિનો શંખનાદ થતાં બાળ, યુવા અને મહિલા સત્સંગ પ્રવૃત્તિ વિશેષ અભિવૃદ્ધિ પામી. તેને વિશેષ વેગવંતી રાખવા તાપી જિલ્લામાં એક સુવિધાસજ્જ મંદિરની આવશ્યકતા ઊભી થઈ.

વ્યારાના વતની અને અમેરિકામાં રહેતા નિષ્ઠાવાન ભક્ત શ્રી રમેશભાઈ રોયે ૮ એકર ભૂમિ મંદિર માટે અર્પણ કરતાં સૌનો મંદિર નિર્માણનો સંકલ્પ વધુ વેગવંતો થયો. આ ભૂમિ પર તા. ૧૦-૧૨-૨૦૧૬ના રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પવિત્ર ઉપસ્થિતિમાં મહાયજ્ઞ યોજાયો. ત્યારે સ્વામીશ્રીએ બળભર્યા આશીર્વાદ આપતાં કહ્યું કે મંદિર અને સભામંડપ ભવ્ય અને દિવ્ય તૈયાર થઈ જશે. તેમાં ભગવાન ભજવાનું સૌને સુખ આવશે.

સ્વામીશ્રીના આશીર્વાદથી સૌ હરિભક્તોનો ઉત્સાહ બમણો થયો. પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં નૂતન મંદિરનો ખાતવિધિ યોજાયો અને મંદિર નિર્માણકાર્યની શુભ શરૂઆત થઈ. મંદિર બાંધકામમાં વિશેષ સેવા શ્રી રમેશભાઈ રોય, શ્રી દીપકભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી કિરણભાઈ પટેલ, શ્રી જયેશભાઈ ગાંધી, શ્રી પ્રકાશભાઈ પ્રજાપતિ તથા શ્રી જગદીશભાઈ પ્રજાપતિએ ઉત્સાહપૂર્વક કરી. શ્રી પ્રશાંતભાઈ દેસાઈએ આર્કિટેક્ચર અને શ્રી ભૂપતભાઈ વિઠાણીએ સ્ટ્રક્ચર ડિઝાઇનની સેવા સમર્પણભાવથી કરી. માટીપુરાણની સેવા હરિભક્તોએ શ્રમયજ્ઞ કરીને કરી. આમ સૌના ભક્તિભર્યા પુરુષાર્થથી બે વર્ષમાં સભામંડપ, ગોષ્ઠિ હોલ, સંત કાર્યાલય, સંત આશ્રમ, પૂજારી નિવાસ, સુંદર બગીચા સહિતના બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ સાકાર થયું. આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૦-૩-૨૦૨૨ના રોજ ઢળતી બપોરે વ્યારા શહેરમાં જૂના બી.એ.પી.એસ. મંદિરથી નવનિર્મિત મંદિર સુધી શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી. સુશોભિત રથોમાં વિરાજમાન અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓએ દિવ્ય દૃષ્ટિ કરીને વ્યારા નગરને પાવન કર્યું હતું. વિવિધ આકર્ષણોથી યુક્ત આ નગરયાત્રામાં શહેરના ભાવિક-ભક્તજનો જોડાયા હતા. આજે યોજાયેલી સંધ્યાસભામાં પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ કથામૃતનો લાભ આપ્યો.

સુરત ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૧૦-૩-૨૦૨૨ના રોજ





વ્યારા ખાતે મૂર્તિસ્થાપનવિધિ કરતા કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી તથા મહાપૂજાવિધિમાં જોડાયેલો ભક્ત સમુદાય...

વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ વ્યારા ખાતે તા. ૨૩-૩-૨૦૨૨ના શુભદિને સવારે મહાપૂજાવિધિ બાદ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ નૂતન સભામંડપમાં પ્રાસંગિક સભા યોજાઈ. પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામી અને પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ પ્રેરણાબોધ આપીને સેવાનિષ્ઠ હરિભક્તોને બિરદાવ્યા હતા. આજે સાકાર થયું.

આ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૨૨-૩-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શોભાયાત્રા ગામમાં યોજાઈ ત્યારે સમગ્ર ગામજનો ભક્તિભાવપૂર્વક સંમિલિત થયા હતા.

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા અટલાદરા ખાતે તા. ૨૭-૧૨-૨૦૨૧ના રોજ વેદોક્ત






ઇટોલા ખાતે રચાયેલું બી.એ.પી.એસ. મંદિર તથા તેના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે મહાપૂજાનો લાભ લેતો ભક્ત સમુદાય....

યોજાયેલા રક્તદાન યજ્ઞમાં હરિભક્તોએ ૩૦ બોટલ રક્તનું દાન કર્યું હતું. સાંકરી મંદિરના કોઠારી પુણ્યદર્શનદાસ સ્વામી અને અહીં વિચરણ કરતા આદર્શસેવાદાસ સ્વામી તથા યોગીતીર્થદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ ખૂબ સેવા કરીને ઉત્સવ સફળ બનાવ્યો હતો.

## ઈટોલા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણના અખંડ ધારક ગુણાતીત સત્પુરુષોની પદરજથી પવિત્ર થયેલી ઈટોલાની ભૂમિ પર રચાયેલા નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૨૩-૩-૨૦૨૨ના રોજ યોજાઈ ગયો.

વડોદરા તાલુકાના ઈટોલા ગામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી સત્સંગની શરૂઆત થઈ હતી. અહીં યજ્ઞદર્શનદાસ સ્વામી તથા શુભચરિતદાસ સ્વામીના વિચરણથી સતત સત્સંગની અભિવૃદ્ધિ થતી ગઈ. હરિભક્તોના વ્યક્તિગત જીવનમાં સત્સંગની દૃઢતા થતાં સૌને મંદિર કરવાની થઈ. શ્રી ચિંતનભાઈ ચીમનભાઈ પટેલે પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરતાં સૌ હરિભક્તો તન, મન અને ધનથી મંદિર નિર્માણકાર્યની વિવિધ સેવામાં જોડાઈ ગયા. આ રીતે ટૂંક સમયમાં મંદિર વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી આ મૂર્તિઓનો સ્થાપનવિધિ ઈટોલા ખાતે તા. ૨૩-૩-૨૦૨૨ના રોજ સવારે પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે યોજાયેલા વૈદિક મહાપૂજાવિધિમાં ૧૧૦૦ યજમાનોએ લાભ પ્રાપ્ત કર્યો.

## લીંગસ્થળી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

કાનમ વિસ્તારમાં આવેલું લીંગસ્થળી ગામ એટલે અનેકવાર ગુણાતીત ગુરુવર્યોની ચરણરેણુથી પવિત્ર બનેલી ભૂમિ. આ ગામમાં જ્યારે જ્યારે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પધારતા ત્યારે મહિમાવંત અને સમર્પણનિષ્ઠ ભક્તરાજ રણછોડ ભગત ખડે પગે સેવામાં રહેતા હતા. તેઓને ગામમાં મંદિર રચવાનો ખૂબ જ ઉત્સાહ હોવાથી શાસ્ત્રીજી મહારાજે ભવિષ્યમાં મંદિર થશે તેવા આશીર્વાદ આપ્યા હતા. પરિણામ સ્વરૂપે ગામમાં મંદિર નિર્માણ થયું. તેમાં તા. ૧૮-૫-૧૯૬૯ના શુભ દિવસે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પ્રતિષ્ઠા કરી હતી.

આ મંદિર વર્ષો સુધી હરિભક્તોને સત્સંગ અને ભજન-ભક્તિ કરવાનું ઉત્તમ સ્થાન બન્યું હતું. સંતો નિયમિત વિચરણ કરીને સૌની શ્રદ્ધાને પોષણ આપતા રહ્યા. આમ, ગામમાં સત્સંગની પુષ્ટિ અનેકશઃ થઈ. હરિભક્તો ૨૫ વર્ષથી દરરોજ શેરીસભા કરે છે.

મહિલામંડળ, બાળમંડળ અને સંયુક્તમંડળ પણ કાર્યરત છે. સમયાંતરે મંદિરનું બાંધકામ જર્જરિત થતાં આ પ્રાસાદિક જગ્યા પર જીર્ણોદ્ધારનું કાર્ય આનંદતીર્થદાસ સ્વામી અને શ્રીજીપ્રિયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ આરંભાયું. શ્રી રંજેશભાઈ, કીર્તિભાઈ, ઇન્દુભાઈના વિશેષ સેવા-સમર્પણથી અને હરિભક્તોની યથાશક્તિ સેવાથી મંદિર નિર્માણ પામ્યું.

બી. પટેલ, રમેશભાઈ બી. પટેલ, કેયૂરભાઈ સી. પટેલ, જયંતીભાઈ આર. પટેલ પરિવારે મંદિર માટે ભૂમિ અર્પણ કરી. શ્રી સંદીપભાઈ, સંજયભાઈ(બીલ ગામ), કિરણભાઈ, હનુમાનભાઈ, અશ્વિનભાઈ, મનહરભાઈ, ફકીરભાઈ, મૂકેશભાઈ તથા સત્સંગમંડળના સહિયારા પુરુષાર્થથી મંદિર નિર્માણ પામ્યું.

આ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૬-૩-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં ૧૫૦૦થી વધુ હરિભક્તો શોભાયાત્રામાં ભક્તિભાવપૂર્વક જોડાયા હતા.




લીંગસ્થળી ખાતે મંદિર પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે નગરયાત્રા (ડાબે) તથા નોબાર પ્રતિષ્ઠા પ્રસંગે મંચસ્થ સંતો (જમણે)

આ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે તા. ૧૩-૨-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની સમગ્ર ગામજનોની ઉપસ્થિતિમાં શોભાયાત્રા યોજાઈ.

તા. ૧૬-૧૨-૨૦૨૧ના રોજ અટલાદરા ખાતે પૂજ્ય મહંત સ્વામી મહારાજના પુનિત હસ્તે પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ લીંગસ્થળીમાં તા. ૧૪-૨-૨૦૨૨ના શુભ દિને પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં વેદોક્ત-વિધિપૂર્વક સંપન્ન થયો. ત્યારબાદ સૌએ અન્નકૂટ રચીને પ્રથમ આરતીનો લાભ પ્રાપ્ત કર્યો.

## નોબાર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગુણાતીત સત્પુરુષોનાં ચરણરજથી પુણ્યવંતા જંબુસર તાલુકાના નોબાર ગામમાં તા. ૨૭-૩-૨૦૨૨ના રોજ નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આનંદોલ્લાસપૂર્વક યોજાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કૃપાદૃષ્ટિથી ગામમાં સત્સંગની ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામી રહ્યો છે. આબાલવૃદ્ધ ભક્તોને સત્સંગની વિશેષ દૃઢતા થતાં વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પણ કરવા માટે મંદિરની આવશ્યકતા ઊભી થઈ. શ્રી નગીનભાઈ વી. પટેલ, નરેન્દ્રભાઈ સી. પટેલ, કિરીટભાઈ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સારંગપુરમાં તા. ૨૮-૧૦-૨૦૨૧ના રોજ વેદોક્ત-વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનાવિધિ નોબાર ખાતે તા. ૨૭-૩-૨૦૨૨ના રોજ પૂજ્ય દેવસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આજે યોજાયેલી મહાપૂજામાં ૨૫૦ ભક્તોએ સંમિલિત થઈને ધન્યતા અનુભવી હતી. પ્રતિષ્ઠાવિધિ બાદ પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય સંતોએ આશીર્વચન પાઠવીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

અહીં વિચરણ કરતા જ્ઞાનવીરદાસ સ્વામી તથા યજ્ઞજીવનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ હરિભક્તોની સેવાથી મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થતાં ગામમાં ભક્તિભાવનું અનોખું મોજું ફરી વળ્યું હતું.

## બહાદરપુર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

છોટા ઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં બહાદરપુર ગામમાં સન ૧૯૭૯માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ગામજનોના ભક્તિભાવથી પધાર્યા હતા ત્યારથી સત્સંગની

શરૂઆત થઈ. પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને દિવ્યસ્વરૂપદાસ સ્વામીએ અનેકવખત અહીં પધારીને ખૂબ પુરુષાર્થ કરીને સત્સંગને વેગ આપ્યો છે. સન ૨૦૦૫માં પૂજ્ય મહંત સ્વામી મહારાજે એક મકાનમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી. હરિભક્તો ભક્તિભાવથી આ મંદિરમાં નિયમિત રીતે સત્સંગ લાભ લેતા હતા. તે મકાન જર્જરિત થતાં હરિભક્તોએ નૂતન મંદિર રચવાનો સંકલ્પ કર્યો. આ ભૂમિ પર તા. ૧૨-૧૨-૨૦૧૯ના રોજ સંતો દ્વારા ખાતમુહૂર્ત થયું અને મંદિરનિર્માણનું મંડાણ થયું. આ કાર્યમાં મુખ્ય સેવા-સહયોગ અમેરિકા નિવાસી શ્રી યોગેશભાઈ અંબાલાલ પટેલ, નરેનભાઈ પટેલ તથા પંકજભાઈએ આપ્યો. સાથે સાથે રાજુભાઈ અને કલ્પેશભાઈ તથા ગામજનોની સેવા પણ નોંધપાત્ર રહી.

આ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે ત્રિદિવસીય પારાયણ યોજાયું, તેમાં જનમંગલદાસ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો. તા. ૨૧-૩-૨૦૨૨ના રોજ સંતોની ઉપસ્થિતિમાં વ્યસનમુક્તિનો કાર્યક્રમ યોજાયો, જેમાં અનેક ગામબંધુઓ વ્યસન મુક્ત થવા પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા. તા. ૨૩-૩-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની આનંદોલ્લાસપૂર્વક શોભાયાત્રા યોજાઈ. આ શોભાયાત્રાનાં દર્શન કરીને ગામજનોએ ધન્યતા અનુભવી હતી. આજે યોજાયેલી સંધ્યાસભામાં મંદિર નિર્માણમાં સહયોગી થનાર ભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું.

તા. ૧૬-૧૨-૨૦૨૧ના રોજ અટલાદરા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૪-૩-૨૦૨૨ના રોજ પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી સભામાં પૂજ્ય સંતોએ ગામની સુખાકારી તથા સત્સંગની અભિવૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

## અંબેરાવપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બોરસદ તાલુકાના અંબેરાવપુરા ગામમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.





બહાદરપુર મંદિરમાં સ્થાપિત મૂર્તિઓ (ડાબે), અંબેરાવપુરામાં મૂર્તિઓનો સ્થાપનવિધિ કરતા ભક્તવત્સલદાસ સ્વામી (જમણે)

આ ગામમાં રહેતા ખોડસિંહ શેઠ કાર્યકર અધિવેશનમાં ઉત્તીર્ણ થયેલા. તે વખતે તેઓ પ્રમુખસ્વામી મહારાજ પાસે આશર્વાદ લેવા આવ્યા. આશીર્વાદ લેતી વેળાએ પ્રમુખસ્વામી મહારાજને ખોડસિંહે કહ્યું કે 'સ્વામી! અમારા ગામમાં મંદિર બનાવો તો સારું.' પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી વિદ્યાનગર છાત્રાલયની મૂર્તિઓ અંબેરાવપુરાના નાનકડા મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી. ધીમે ધીમે સત્સંગનો વ્યાપ વધતાં મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. જીર્ણોદ્ધાર પામેલા બી.એ.પી.એસ. મંદિરમાં નૂતન મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૯-૨-૨૦૨૨ના રોજ સંપન્ન થયો હતો. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે યજ્ઞ તથા મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. જેનો સેંકડો ભક્તોએ લાભ લીધો હતો.

તા. ૭-૨-૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અટલાદરા ખાતે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામી અને સંતોએ વેદોક્તવિધિપૂર્વક અંબેરાવપુરા મંદિરમાં કર્યો હતો. આ પ્રસંગે પ્રાસંગિક સમારોહ યોજાયો હતો. અહીં વિચરણ કરતા દિવ્યમંગલદાસ સ્વામી તથા નૈષ્ઠિકમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ અનેકવિધ સેવાઓ કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ◆

# સ્વામિનારાયણ અક્ષરધામ, દિલ્હી ખાતે પ્રમુખસ્વામી મહારાજને અર્પણ થઈ શાનદાર શતાબ્દી વંદના



તા. ૧૮ એપ્રિલ ૨૦૨૨ના રોજ રાજધાની દિલ્હી સ્થિત સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે એક વિશિષ્ટ શતાબ્દી વંદના સમારોહ ભવ્યતા અને દિવ્યતાથી ઊજવવામાં આવ્યો, જેમાં ઉત્તર ભારતના કુલ હજારો ભક્તો, ભાવિકો અને આદરણીય મહેમાનોએ ઉપસ્થિત રહીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે પોતાની ભાવ-અંજલિ અર્પણ કરી કૃતાર્થતા અનુભવી હતી. દિલ્હી, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ઉત્તરપ્રદેશ, અને ઉત્તરાખંડ સહિત વિવિધ રાજ્યોના હરિભક્તોએ અને અનેક લબ્ધપ્રતિષ્ઠિત મહાનુભાવોએ આ અવસરે લાભ માણ્યો હતો.

સન ૨૦૦૫માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સંનિધિમાં ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સહિતના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં જે દબદબાભેર અક્ષરધામ ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો, તેની જ જાણે આજે પુનરાવૃત્તિ થતી હોય તેવું અનુભવાતું હતું.

સંધ્યા સમયે અક્ષરધામનું વિશાળ પ્રાંગણ ભાવિક ભક્તોથી હકડેઠઠ ભરાઈ ચૂક્યું હતું. અક્ષરધામ મહામંદિરના દ્વાર સન્મુખ પોડિયમ જ વિશાળ મંચ સુશોભિત હતો. પિછવાઈમાં રંગીન રોશનીથી ઝળહળતું વિરાટ અક્ષરધામ મહામંદિર જાણે ભક્તોનું સ્વાગત કરતું હોય તેવું ભાસતું હતું.

સાંજે ૬:૦૦ વાગ્યે યુવાનોની સવાદ્ય કીર્તનભક્તિ બાદ મંચસ્થ સંતોએ ઉત્સવનું મંગલાચરણ કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો.

મહોત્સવના આરંભમાં બાળકો દ્વારા 'દિવ્યમ્ ભવ્ય-ભવ્યાતિ ભવ્યમ્' એ સ્વાગત નૃત્યના તાલે વાતાવરણને દિવ્ય બનાવી દીધું. પૂજ્ય ધર્મવત્સલદાસ સ્વામીએ પરમ

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિના સંવાદોની ઝાંખી કરાવી, ત્યારપછી પૂજ્ય મુનિવત્સલદાસ સ્વામી અને પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની વિશિષ્ટ કાર્યશૈલી પ્રસ્તુત કરીને સ્વામીશ્રીના ગુણોનો પ્રકાશ પાથર્યો. પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે છેલ્લા ૧૭ વર્ષથી અક્ષરધામ સમગ્ર વિશ્વ માટે સંવાદિતાનો સંદેશ પ્રસરાવી રહ્યું છે. પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી અને પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામીએ અક્ષરધામના પ્રભાવ અને સામાજિક પ્રદાન વિષે ઉદ્‌બોધન કર્યું.

પૂજ્ય આનંદસ્વરૂપ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની અહંશૂન્યતા વિષે અનુભવેલા પ્રસંગોનો અદ્‌ભુત લાભ આપ્યો. પ્રમુખસ્વામી મહારાજે કરેલી સેવાની ગાથા ગાતા સંવાદો અને નૃત્યોની સાંકળ પણ ઉર્જાપ્રેરક હતી.

ત્યારબાદ જે લોકોના અંધકારમય જીવનમાં અક્ષરધામ દ્વારા નવજીવનનો પ્રકાશ પથરાયો હતો તેવા પ્રેરક પ્રસંગોની ગાથા રજૂ થઈ. અત્યારે નવજીવનના ઉલ્લાસમાં સુખી જીવન જીવતાં એવા કેટલાય ભાવિકોને મંચ પર બોલાવી આશીર્વાદ આપવામાં આવ્યા. પ્રવક્તા આત્મતૃપ્તદાસ સ્વામીએ ગરિમાગંગાએ સૌને વિશેષ આનંદથી છલકાવી દીધા. સદ્‌ગુરુ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરક પ્રસંગવર્ષા વરસાવી પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે સ્વામીનાં ચરણોમાં અહોભાવપૂર્વક વંદના કરી.

કાર્યક્રમના અંતમાં સુરત ખાતે બિરાજતા ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામીના વિશાળ સ્ક્રીન પર દર્શન થયાં. મહંત સ્વામી મહારાજે આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતું, 'અક્ષરધામ સર્જીને પ્રમુખસ્વામી મહારાજે આ માનવજાત પર ઉપકાર કર્યો છે. તેઓ મનથી અલિપ્ત હતા. તેઓ સદા માનતા કે બધું ભગવાન અને ગુરુ જ કરે છે અને એમના આશીર્વાદથી જ બધું થાય છે.'

ત્યાર બાદ વિશાળ સ્ક્રીન પર જ પ્રમુખસ્વામી મહારાજના અક્ષરધામના ઉદ્‌ઘાટન સમયનાં વચનોની સ્મૃતિ કરવામાં આવી. તેમાં તેઓએ અક્ષરધામ સર્જનના હેતુ વિષે જણાવ્યું હતું કે 'અમે આ જે અક્ષરધામ બનાવ્યું છે એ દેખાવ કરવા કે સ્પર્ધા માટે નથી કર્યું. ગુરુ યોગીજી મહારાજની આજ્ઞા અને ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપવા, બધાના કલ્યાણ માટે કર્યું છે.'

સભાના અંતે 'શત શત વરસ સરે' એ ગીત પર યુવાનોએ મશાલનૃત્ય પ્રસ્તુત કર્યું. મંચ અને મંદિરનાં પગથિયાં પર ઉભેલા મશાલધારી યુવાનોની સાથે વડીલ સંતોએ પણ મશાલ ધારણ કરીને પ્રમુખસ્વામી મહારાજને શતાબ્દી વંદના કરી. ત્યાર બાદ ઉપસ્થિત હજારો ભક્તોએ દીપ પ્રગટાવી ભગવાન અને ગુરુહરિને આરતીનું અર્ઘ્ય અર્પણ કર્યું ત્યારે સમગ્ર પરિસરમાં જાણે અનંત તારલાઓ ઉતરી આવ્યા હોય તેવું દૃશ્ય સર્જાયું હતું.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌને આગામી ડીસેમ્બરમાં અમદાવાદ ખાતે ઉજવાનાર મુખ્ય શતાબ્દી મહોત્સવમાં પધારવા માટે આમંત્રણ આપ્યું. અંતે મહાપ્રસાદ લઈ અહોભાવ સાથે સૌ વિદાય થયા. આમ, દિલ્હીના આંગણે પ્રમુખસ્વામી મહારાજને શતાબ્દી પર્વે વંદના કરતો એક અદ્વિતીય સમારોહ સંપન્ન થઈ ગયો. ◆



# બ્રિટિશ વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને ગાંધીનગર ખાતે સ્વામિનારાયણ અક્ષરધામની યાત્રા કરીને શ્રીહરિને અર્પી પુષ્પાંજલિ



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ગાંધીનગર ખાતે નિર્માણ પામેલું સ્વામિનારાયણ અક્ષરધામ સૌનાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સમયાંતરે અનેક મહાનુભાવો અહીં પધારીને ભારતીય શિલ્પ-સ્થાપત્ય અને અધ્યાત્મનો પરિચય પ્રાપ્ત કરીને ગૌરવ અનુભવતા રહે છે. તાજેતરમાં તા. ૨૧-૪-૨૦૨૨ના રોજ સાંજે ૪ વાગે ઇંગ્લેન્ડના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરની ખાસ દર્શન-મુલાકાતે પધાર્યા હતા.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી ઇંગ્લેન્ડના પ્રધાનમંત્રી શ્રી બોરિસ જોન્સનનું હિન્દુ પરંપરાગત શૈલીથી સ્વાગત કર્યું હતું. માનનીય પ્રધાનમંત્રીશ્રીના સ્વાગત માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ઇંગ્લેન્ડના ભારત ખાતેના હાઈ કમિશનર શ્રી એલેક્સ એલિસ, તેમજ નિસડન, લંડન ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રતિનિધિ શ્રી સંજય કારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને બ્રહ્મવિહારીદાસ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણ, અવતારો, દેવો અને ભારતના મહાન ઋષિઓની સ્મૃતિમાં ૨૩ એકરની વિશાળ ભૂમિ પર રચાયેલા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સંકુલ સ્વામિનારાયણ અક્ષરધામનો પરિચય આપ્યો હતો. પ્રાચીન ભારતીય પરંપરાગત સ્થાપત્ય શૈલીમાં રચાયેલું 'સ્વામિનારાયણ અક્ષરધામ' શ્રદ્ધા, જ્ઞાન અને સંવાદિતા જેવાં હિન્દુ આધ્યાત્મિક મૂલ્યોના સંદેશાઓ પ્રસારિત કરે છે. મંદિરનાં દર્શન કરીને ભાવવિભોર થઈ પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું: 'આ અક્ષરધામ મંદિર તમામ મંદિરોના સારાંશ સમું છે. વિશ્વભરમાં રચાયેલાં તમારાં અદ્‌ભુત મંદિરોનું અહીં પ્રતિબિંબ જોવા મળે છે.'



માનનીય પ્રધાનમંત્રીશ્રીએ અક્ષરધામ સંકુલના મુખ્ય મંદિર તરફ પ્રયાણ કર્યું ત્યારે માર્ગમાં ભારતીય પરંપરાગત વસ્ત્ર પરિધાનમાં સજ્જ બાળકોએ ભારતીય અને બ્રિટિશ રાષ્ટ્રધ્વજને લહેરાવીને પરંપરાગત નૃત્ય દ્વારા તેઓનું સ્વાગત કર્યું હતું.

અક્ષરધામ મહામંદિરમાં તેઓએ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ પુષ્પો અર્પણ કરીને આદર વ્યક્ત કર્યો હતો. અક્ષરધામની કલા-કારીગરીથી પ્રભાવિત થઈને તેઓએ આ અદ્વિતીય સ્થાપત્યની ખૂબ પ્રશંસા કરી હતી. પ્રેમ, શાંતિ, સહિષ્ણુતા, અહિંસા, સહ-અસ્તિત્વ અને વૈશ્વિક સંવાદિતાના સંદેશને વિશ્વભરમાં વહાવતા અક્ષરધામનું નિર્માણ કરવા માટે હજારો સ્વયંસેવકો અને કલાકારોને પ્રેરણા આપનાર આધ્યાત્મિક ગુરુ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે અહોભાવ દર્શાવીને તેઓએ તેમને હૃદયપૂર્વક ભાવાંજલિ અર્પી હતી. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે હાલ વિશ્વભરમાં આયોજિત થઈ રહેલા વિવિધ કાર્યક્રમો તેમજ આગામી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૨ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન ૩૦ દિવસ સુધી ભવ્યતાથી ઊજવાનાર પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ માટે પ્રધાનમંત્રીશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

અક્ષરધામના પ્રદર્શન ખંડો દ્વારા પ્રસરતાં શાંતિ, વૈશ્વિક સંવાદિતા, સમાજ ઉત્કર્ષ અને મૂલ્યનિષ્ઠ જીવનના સંદેશાઓની પ્રશંસા કરતાં બ્રિટિશ વડાપ્રધાન અભિષેક ખંડમાં આવી પહોંચ્યા હતા. અહીં તેઓએ શ્રી નીલકંઠ વર્ણી પર પવિત્ર જળનો અભિષેક કરીને વિશ્વમાં શાંતિ અને સંવાદિતા પ્રસરે તે માટે પ્રાર્થના કરી હતી.

મંદિર મુલાકાતના અનુભવનું વર્ણન કરતા બ્રિટિશ પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, 'બી.એ.પી.એસ. મંદિરની પ્રત્યેક મુલાકાત મને મારા ઊર્ધ્વગમન થયાનો તેમજ પ્રગાઢ આધ્યાત્મિકતાનો અનુભવ કરાવે છે. આપનાં નિઃસ્વાર્થ કાર્યો, મૂલ્યો અને સૌજન્ય વિશ્વ સમસ્તના વિકાસમાં અદ્‌ભુત પ્રદાન કરી રહ્યાં છે.'

ભારત અને વિશ્વનાં તમામ પ્રસાર માધ્યમોએ બ્રિટિશ વડાપ્રધાનની આ અક્ષરધામ-યાત્રાની નોંધ લીધી હતી. પોતાના વિધિવત્ સંદેશ, વીડિયો તેમજ અભિપ્રાય સાથે બ્રિટિશ વડાપ્રધાને યુનાઈટેડ કિંગડમ સરકારની ઑફિશિયલ ટ્વિટ કરતાં અક્ષરધામની આ યાત્રાને અનોખું મહત્ત્વ આપતાં જણાવ્યું હતું કે 'We are deepening our partnership of peace and prosperity with India. With its connections to the UK's own Neasden Temple, the Swaminarayan Akshardham Temple in Gujarat is a true symbol of the strong links between India and the UK.'

આમ, વડાપ્રધાનશ્રીની આ અક્ષરધામ યાત્રા ભારતના વિકાસનું એક મહત્ત્વનું સોપાન બની રહી. ◆

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિરદાવી યુક્રેન-પોલેન્ડ સરહદ પરની બી.એ.પી.એસ. સેવાઓને...



તાજેતરમાં તા. ૧૬-૪-૨૦૨૨ના રોજ રાજધાની દિલ્હીમાં ખાતે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે, વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને બ્રહ્મવિહારીદાસ સ્વામીની શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી. બપોરે ૧ વાગે યોજાયેલી આ મુલાકાતના આરંભે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસાદિક પુષ્પહારથી શ્રી નરેન્દ્રભાઈને સન્માન્યા હતા. આ પ્રસંગે બ્રહ્મવિહારી સ્વામીએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા કોવિડ-૧૯ના વિકટ સમયમાં આરંભથી લઈને આજ પર્યંત ચાલી રહેલી રાહત સેવાઓથી અવગત કર્યા હતા, જેમાં લાખો દર્દીઓ તથા પરિવારોને સંસ્થા દ્વારા અપાયેલી મેડીકલ, ખાદ્યસામગ્રી અને આર્થિક સહાયની વિગતોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. દ્વારા કચ્છના ભૂકંપ વેળાએ કરવામાં આવેલ સેવાકાર્યોની પણ સ્મૃતિ કરી હતી. યુક્રેનની બોર્ડર પર પોલેન્ડમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને મદદ કરવા માટે બી.એ.પી.એસ. સંસ્થાએ તાત્કાલિક ધોરણે કરેલાં સેવાકાર્યોને પણ તેમણે હૃદયપૂર્વક બિરદાવ્યાં હતાં.

આગામી ડિસેમ્બર મહિનામાં અમદાવાદ ખાતે ઊજવાનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ અંગે પણ તેમણે ઊંડો રસ દાખવ્યો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સાથેના કેટલાંક અવિસ્મરણીય સંસ્મરણોને વાગોળીને તેઓએ જણાવ્યું હતું કે તેમની આધ્યાત્મિક પ્રગતિમાં અને તેમના આધ્યાત્મિક વિચારોના ઘડતરમાં પ્રમુખસ્વામી મહારાજે ખૂબ મોટું યોગદાન આપ્યું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં અબુધાબી અને બાહરીન ખાતે બી.એ.પી.એસ. દ્વારા બંધાઈ રહેલ હિન્દુ મંદિરોની તેમણે સરાહના કરી હતી. વડાપ્રધાનશ્રીના ઓફિશિયલ ટ્વીટર પરથી પણ તેઓએ જણાવ્યું હતું કે Met senior BAPS Sadhus, Ishwarcharan Swami and Brahmavihari Swami. Appreciated BAPS relief work in the time of COVID-19 and during the Ukraine crisis. Discussed the upcoming birth centenary celebrations of HH Pramukh Swami Maharaj Ji and recalled his rich contribution to society. એક કલાકથી વધુ સમય માટે ચાલેલી આ શુભેચ્છા મુલાકાતના અંતે સંતો અને વડાપ્રધાનશ્રીએ ભગવાન સ્વામિનારાયણ તેમજ મહંત સ્વામી મહારાજની સ્મૃતિ સહિત વિશ્વભરમાં વ્યાપેલા ભારતીયોના સર્વાંગી ઉત્કર્ષ માટે પ્રાર્થના કરી હતી. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## અબુધાબી મંદિરની મુલાકાતે શ્રી ઓમ બિરલા



તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા નિર્માણાધીન બી.એ.પી.એસ. હિંદુ મંદિર, અબુધાબીની દર્શન-મુલાકાતે પધાર્યા હતા. તેમની સાથે શ્રી આયેશા મોહમદ અલ મુલ્લા (સભ્ય, ફેડરલ નેશનલ કાઉન્સિલ યુ.એ.ઈ.), શ્રી સુશીલકુમાર મોદી (સભ્ય, લોકસભા) સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મંદિર નિર્માણકાર્ય નિહાળીને બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ચાલી રહેલા સેવાકાર્યની પ્રશંસા કરી હતી. ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી એન.વી. રમનાએ પણ દુબઈ એક્સપોમાં ૨૦૨૦ પેવેલિયનમાં ખાસ બી.એ.પી.એસ. પ્રદર્શનની મુલાકાત લઈને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ◆

## સારંગપુરમાં યોજાઈ મેડિકો સ્ટુડન્ટ્સ કોન્ફરન્સ



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી તબીબી વિદ્યાર્થીઓમાં નૈતિકતા, પ્રામાણિકતા, સેવાભાવનાના સિંચન દ્વારા સ્વસ્થ અને સદાચારી સમાજના સર્જન માટે પ્રતિવર્ષે 'Medico Spiritual Student Conference'નું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં સ્વામીશ્રીના આશીર્વાદથી સારંગપુર ખાતે તા. ૧૪ અને ૧૫ એપ્રિલ, ૨૦૨૨ના રોજ આ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ગુજરાત અને પરપ્રાંતમાં મૅડિકલ ક્ષેત્રની એલોપથી, આયુર્વેદ, હોમિયોપથી, ડેન્ટલ અને ફિઝિયોથેરાપી વિદ્યાશાખામાં અભ્યાસ કરતાં ૫૨૦થી વધુ તબીબ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ સહભાગી થયાં હતાં. ◆

## સાંકરીથી ચાણસદ સુધીની સાઈકલયાત્રા



'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ' તથા 'સાંકરી મંદિર સુવર્ણ મહોત્સવ'ના ઉપક્રમે સાંકરી ક્ષેત્રના ૧૦૦ બાળકોએ તા. ૧૪-૨-૨૦૨૨ના રોજ સાઈકલયાત્રા યોજીને ગુરુહરિનાં ચરણે વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. સાંકરી મંદિરથી ૧૮૦ કિ.મી. નું અંતર કાપીને બીજા દિવસે સૌ ચાણસદ પધાર્યા હતા. અહીં ૪૨,૪૦૩ માળા, ૭,૧૭૩ દંડવત્, ૭,૬૦૦ પ્રદક્ષિણા, ૧૬૯ સત્સંગદીક્ષા પાઠ અને ૧૧૦ પ્રમુખ શતદલ પરિમલ પુસ્તિકાનું વાંચન કર્યું હતું. બાળકોની સેવામાં કાર્યકરો અને સંતો જોડાયા હતા. રથમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન અને કીર્તનોના સંગે બાળકોએ આ યાત્રાનો ભક્તિમય આનંદ લીધો હતો. ◆

(અનુસંધાન પૃષ્ઠ ૯ પરથી)

વાર-તહેવારની ઉજવણી થાય એકી અવાજે બધા ભેગા થાય.

દરેક પોળનું સંચાલન લોકો સાથે મળીને કરતા, જેમાં સૌનો સહયોગ મળી રહેતો. ક્યારેક પોળના સ્થાનિક રીતરિવાજો પણ ઘડવામાં આવે, અને તેનું પાલન ન કરનારને યોગ્ય દંડ પણ અપાતો. પોળના સુચારુ વહીવટ માટે નિશ્ચિત ફંડ પણ એકત્રિત કરવામાં આવતું.

અમદાવાદની પોળોની સ્થાપના જ એવી રીતે કરવામાં આવી હતી કે બસ્સો-ત્રણસો વરસના લાંબા સમય દરમ્યાન કુદરતી, રાજકીય આપત્તિ કે આર્થિક આંધીઓ તેને તારાજ કરી શકી નથી. ૧૮૧૯માં ધરતીકંપ થયો અને ૧૮૬૮, ૧૮૭૫, ૧૯૨૭, ૧૯૭૧, ૨૦૦૧માં પૂર તથા ભૂકંપ આવ્યાં છતાં પોળોમાં કોઈ મોટું નુકસાન થયું નથી.

પોળોનાં મકાનો મોટાભાગે ત્રણ માળિયાં મકાન. અને તેમાં હવા-ઉજાસ માટે આજની એન્જિનિયરિંગ ટેક્નોલોજીને ટક્કર મારે તેવી સુવિધાઓ.

પોળનાં મકાનોની મોટે ભાગે એક સરખી લાંબી અને ઊંડી તલ-રચના.

પોળનું સ્થાપત્ય કે આર્કિટેક્ચર શહેરી કે અર્બન જીવનશૈલીમાં એક નવી જ ભાત પાડે છે. પોળના દરેક મકાનને બહાર એક ઓટલા-બેઠક સાથેનું પ્રવેશદ્વાર હોય. અંદરની રચના એકબીજા સાથે એવી રીતે સંકળાયેલી હોય કે જેથી પારિવારિક જીવનની ઘનિષ્ઠતા સહેજે અનુભવાય. પોળના દીવાલ પરનાં મકાનોની રચનામાં મહદંશે નાની પાતળી ઈંટો સાથે ચૂનાનું ચણતર અને તેમાં વચ્ચે લાકડાઓની ફ્રેમનો પણ ઉપયોગ કરવામાં આવતો. તેના કારણે દીવાલની શોભા અને મજબૂતાઈ - બન્ને મહોરી ઊઠતાં. પોળની અંદર જે તે સમયે સૌ શોખીનોએ લાકડાની સુંદર નકશી-કારીગરીયુક્ત ઝરૂખાઓ, ગવાક્ષો, કલાત્મક થાંભલીઓ અને સુંદર રંગરોગાન સાથેની છત વગેરેની અદ્‌ભુત રચના કરી હતી, જેની જાહોજલાલી આજેય અચંબિત કરે તેવી છે.

આડી હરોળમાં એક બીજાને સહારે ઊભેલા પ્રત્યેક મકાનમાં, બહારની થોડી ઊંચી ઊભણી પર થાંભલીઓ સાથેની નાની ઓટલી વટાવી અંદર પ્રવેશો, એટલે પ્રવેશતાં જ ખડકી આવે, જેની એક બાજુ બાથરૂમ-ચોકડીની વ્યવસ્થા હોય. ત્યારબાદ અંદર આગળ વધતાં નાનો ચોક આવે, જે ઉપરના માળ સુધી કઠેડા સાથે ખુલ્લો હોય. ત્યારપછી ઓસરી આવે, ઓસરીની એક કોરે રસોડું અને પાણિયારું હોય, અને પાછળના ભાગમાં એક પરસાળ આવે. અહીં ઘરનું અનાજ સંગ્રહવાની ગજાર હોય. અને છેલ્લે આરામ ખંડો હોય. અહીં ઘરની તિજોરી હોય. વચ્ચેના ચોકમાંથી કે પરસાળમાંથી ઉપરના માળે જવાની વ્યવસ્થા હોય અને છેક ઉપરથી અંદર હવા-ઉજાસ આવે તેવી સુંદર વ્યવસ્થા હોય. અમદાવાદના સ્થાપત્ય વિશે લખતાં પ્રસિદ્ધ ઇતિહાસ લેખક રત્નમણિરાવ ભીમરાવ નોંધે છે કે દરેક ઘરની અંદર ચોકની બાજુમાં રસોડું, પાણિયારું તો કાઢેલું હોય, પણ દરેક ઘરમાં ઘરમંદિરની રચના અવશ્ય હોય. ઘરની નીચે મોટે ભાગે અવશ્ય ટાંકું હોય જ, જ્યાં વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં આવે અને આખા વર્ષ સુધી તેનો ઉપયોગ કરવામાં આવે. પાણીની જરૂરિયાત ઉપરાંત ઘરની અંદર ટાંકું રચવા પાછળ એક બીજું પણ કારણ હતું, એ હતું ઠંડકનું કારણ. ઉનાળામાં અસહ્ય તાપમાનમાં પાણીની આસપાસ બેઠકો ઉપર આરામ લઈ શકાય એવાં ટાંકાં પણ ઘણાં મકાનોમાં બનાવવામાં આવતાં. ઘરના પાછલા અને આગલા ભાગ ઉપર જવા માટે સરસ મજાની કઠેડીઓ સાથે કલાત્મક દાદરો પણ હોય. ઘરની ભીંતોમાં લાકડાના કોતરકામવાળા કંદોરા નાખીને શોભા વધારવામાં આવી હોય. ક્યાંક ક્યાંક બહાર સુંદર ચિતરામણ ચલાવવામાં આવે.

આવી અનેક ભાતીગળ વિશેષતાઓથી શોભતી અમદાવાદની એ ગીચ પોળો આજે ભલે એક જુનવાણી ઇતિહાસની જર્જરિત સ્મૃતિ તરીકે આધુનિકતાની આબોહવામાં લોકોની ઉપેક્ષાઓ સહન કરી રહી હોય, પરંતુ તેમાંથી વહી નીકળેલાં આંદોલનો ક્યારેય નજરઅંદાજ કરી શકાશે નહીં. અમદાવાદની એવી પોળોમાંથી ઠેર ઠેર સ્વામિનારાયણીય અસ્મિતાનાં આંદોલનો વહ્યાં છે, જેમાં આંબલીવાળી પોળનું સ્થાન ઇતિહાસ ક્યારેય અવગણી શકશે નહીં. બહુ ઓછા લોકો જાણતા હશે કે આજે વિશ્વભરમાં વ્યાપેલા

આધ્યાત્મિક ચેતના - બી.એ.પી.એસ.ના પાયાની એક ચિનગારી પ્રગટાવવામાં આ પોળનું અનન્ય ઐતિહાસિક યોગદાન રહ્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે તેઓના પ્રિય તીર્થ સમી, નવા શણગાર સજીને સજ્જ થયેલી, અને પોળના વારસાને હવે આવનારા કેટલાય સમય સુધી જાળવવા મક્કમ થયેલી આંબલીવાળી પોળને આ અંક સમર્પિત છે.

– સાધુ અક્ષરવત્સલદાસ ◆

## વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અંગે... | શિક્ષણ સેવા...

પ્રતિવર્ષે આર્થિક સહાયની જરૂરિયાતવાળા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સ્વામિનારાયણ વિદ્યાપીઠ ટ્રસ્ટ દ્વારા ફંડની મર્યાદામાં રહીને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. જરૂરિયાતવાળી વ્યક્તિઓએ આ અંગે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અરજી કરવા વિનંતીઃ **૧.** સહાય માટેનું અરજીપત્ર મેળવવા માટે જે તે વિસ્તારમાં મંદિરના પૂજ્ય કોઠારી સ્વામી/અધિકૃત વ્યક્તિને રૂબરૂ મળી અરજીપત્ર મેળવી લેવું. **૨.** જૂનાં અરજીપત્રો સ્વીકારવામાં આવશે નહીં. **૩.** વિદ્યાર્થીઓએ તા. ૧૬-૭-૨૦૨૨ સુધીમાં માહિતી ભરી અરજીપત્ર તેમના વિસ્તારના પૂજ્ય કોઠારી સંત/અધિકૃત વ્યક્તિને મોકલી આપવું. **૪.** અરજીપત્રકો પ્રમાણિત કરનારે બધી વિગતો ચકાસ્યા બાદ જ ભલામણ કરવી. **૫.** રૂ. ૧૦/-ના સ્ટેમ્પવાળું પોતાનું નામ-સરનામું લખેલા કવર સાથે પણ અરજીપત્ર મંગાવી શકાશે. **૬.** તમામ અરજીપત્રો તા. ૩૦-૭-૨૦૨૨ સુધીમાં અમદાવાદ શિક્ષણ વિભાગમાં મોકલી આપવાનાં રહેશે.

**નોંધઃ પ્લે ગ્રૂપ, નર્સરી - કે. જી. માટે સહાય આપવામાં આવતી નથી, તેની નોંધ લેશો. કોઠારી સ્વામી/અધિકૃત વ્યક્તિને ખાસ વિનંતી કે વિગતો ભરીને આવેલા ફોર્મની ચકાસણી કરી પછી જ આપનો અભિપ્રાય જણાવવો. માર્કશીટ અને ફી ભરેલી પહોંચની ઝેરોક્ષ સાથે બીડવી ફરજિયાત છે.**

**સંપર્કઃ શિક્ષણ વિભાગ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ધર્મસદન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪** ◆

## ક્રમિકા


૩. **પોળ-સંસ્કૃતિમાંથી વિકસેલા અમદાવાદમાં એક નિરાળા આધ્યાત્મિક આંદોલનની ગાથા** - સાધુ અક્ષરવત્સલદાસ

૧૦. **ઇતિહાસની ચિરંતન પળો**
- દીક્ષા ભૂમિ આંબલીવાળી પોળ (૧૪)
- ગુરુકુળ ભૂમિ આંબલીવાળી પોળ (૧૬)
- ભિક્ષા ભૂમિ આંબલીવાળી પોળ (૧૮)
- જ્યાંથી વિશ્વને ચિરંતન ભેટ મળી (૨૦)
- સેવા ભૂમિ આંબલીવાળી પોળ (૨૨)

૨૪. **યજ્ઞપુરુષ પોળ સજ્જ થઈ નવલા શણગારે...**

૩૦. **સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

૩૯. **પૂર્વાંચલમાં તીર્થધામ જગન્નાથપુરીમાં અક્ષરપુરુષોત્તમ દર્શનનો ઉદ્‌ઘોષ**

૪૪. **પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન-કાર્યને અર્ઘ્ય અર્પતા સેમિનારો**

૪૫. **નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં યોજાયા પ્રતિષ્ઠા ઉત્સવો**

૫૦. **સ્વામિનારાયણ અક્ષરધામ, દિલ્હી ખાતે શાનદાર શતાબ્દી વંદના**

૫૨. **બ્રિટિશ વડાપ્રધાનશ્રી ગાંધીનગર અક્ષરધામની દર્શન-મુલાકાતે**

૫૪. **શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે સંતોની શુભેચ્છા મુલાકાત**

૫૫. **લોકસેવા અને આધ્યાત્મિક સેવાના વિવિધ કાર્યક્રમો**

૫૮. **અક્ષરવાસ - અભિનંદન**



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૪, અંક : ૫, મે, ૨૦૨૨**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી

**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસજી
સ્વામિનારાયણ અક્ષરપીઠ

**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ

**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ,
સાધુ વિવેકસાગરદાસ

**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ,
સાધુ અક્ષરવત્સલદાસ

**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ

**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ :** રૂા. ૧૯૦/-

**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-

**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**

**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**

**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

## પૂજ્ય મહામંડલેશ્વર સ્વામી શ્રી હરિનારાયણાનંદજી, પટના, ઉં.વ. ૯૨, અક્ષરવાસ તા. ૧૦-૪-૨૦૨૨




દિલ્હી ખાતે સન ૧૯૫૬માં રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદ, શ્રી ગુલઝારીલાલ નંદાજી વગેરેના પ્રયાસોથી સ્થપાયેલા અખિલ ભારત સાધુ સમાજના આદિ મહામંત્રી અને ભારતના પ્રખર સંતવર્ય મહામંડલેશ્વર સ્વામી શ્રી હરિનારાયણાનંદજીનો તાજેતરમાં તા. ૧૦-૪-૨૦૨૨ના રોજ ૯૨ વર્ષની વયે અક્ષરવાસ થવાથી ભારતીય સંતસમાજને એક અપૂરણીય ખોટ પડી છે. મૂળ બિહારના સિવાન જિલ્લાના કોટવલિયા ગામમાં જમીનદાર પરિવારમાં જન્મેલા આ વિદ્વાન સંતવર્યે સંન્યાસની દીક્ષા લઈને ભારતના સંતસમાજની એકતા માટે ખૂબ દીર્ઘકાળ સુધી અવિસ્મરણીય પ્રયાસો કર્યા હતા. પટના ખાતે બિહાર સાંસ્કૃતિક વિદ્યાપીઠ આશ્રમના સ્થાપક તરીકે તેમણે અનેક સામાજિક સેવાઓ કરી હતી. સન ૧૯૮૧માં અમદાવાદ ખાતે ઊજવાયેલા ભગવાન શ્રીસ્વામિનારાયણના દ્વિશતાબ્દી મહોત્સવ પર્વે, મહોત્સવના પ્રેરણામૂર્તિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અધ્યક્ષ પદે તેઓએ અખિલ ભારત સાધુ સમાજની રજતજયંતીનું મહાસંમેલન યોજ્યું હતું ત્યારથી તેઓ પ્રમુખસ્વામી મહારાજના અનન્ય ગુણાનુરાગી બની ગયા હતા. પ્રમુખસ્વામી મહારાજનું સંતત્વ, પ્રમુખસ્વામી મહારાજે સંસ્કૃતિના ઉદ્‌ઘોષ માટે કરેલો પ્રચંડ પુરુષાર્થ અને સ્વામીશ્રીએ સર્જેલા વિરાટ વિરક્ત સંતસમાજના તેઓ હંમેશાં ગુણાનુરાગી બની રહ્યા હતા. તેઓ વિશ્વમાં જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં પ્રમુખસ્વામી મહારાજને એક આદર્શ સંત તરીકે જ નહીં, પરંતુ સ્વયં પરમાત્માના સ્વરૂપ તરીકે બિરદાવતા રહ્યા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા સાથેનો તેમનો આત્મીય સંબંધ છેવટ સુધી એવો ને એવો સ્નેહસભર જાળવીને સંસ્થાના એક અદના સ્વજન બની રહ્યા હતા. જીવનભર ભારતીય સંતસમાજના ઉત્કર્ષ માટે પ્રવાસરત રહીને સતત પ્રયત્ન કરનાર સ્વામીશ્રી હરિનારાયણાનંદજી એક નિઃસ્પૃહ અને ત્યાગી-વિતરાગી-તપસ્વી સંત મહાપુરુષ હતા. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પીને તેઓના જીવન-કાર્ય-સંદેશને હૃદયપૂર્વક બિરદાવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થનાઓ કરી છે.

## ભક્તરાજ ભરતભાઈ ધીરુભાઈ વઘાસિયા, જસદણ, ઉં.વ. ૪૮, અક્ષરવાસ તા. ૧૨-૪-૨૦૨૨



જસદણ ક્ષેત્રનાં અગ્રણી કાર્યકર શ્રી ભરતભાઈ વઘાસિયા ક્ષેત્રીય કાર્યાલય સંચાલક તરીકે અને ત્યારબાદ અંતિમ શ્વાસ સુધી જસદણ ક્ષેત્રનાં અગ્રણી કાર્યકર તરીકે નિષ્ઠાપૂર્વક સેવા કરતા રહ્યા. તેઓએ પોતાના વહાલસોયા એકના એક પુત્ર(સાધુ અખંડકીર્તનદાસ)ને તાજેતરમાં ચાણસદ ખાતે ઊજવાયેલા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં ચરણે અર્પણ કર્યા હતા. જીવનની અંતિમપળોમાં ચહેરા પર નિષ્ઠાની ખુમારી અને સેવા કરવાની તત્પરતા અનેરી છલકતી હતી. તેઓના અક્ષરવાસથી જસદણ સત્સંગમંડળને સેવાનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ડૉ. બાબુલાલ કારિયા, લંડન, ઉં.વ. ૮૭, અક્ષરવાસ તા. ૨૩-૪-૨૦૨૨



લંડનના નિષ્ઠાવાન હરિભક્ત ડૉ. બાબુલાલ કારિયા, પૂર્વ આફ્રિકાના સંનિષ્ઠ ભક્તરાજ શ્રી ગોરધનદાસ ભટ્ટેસાના જમાઈ તરીકે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના યોગમાં આવ્યા હતા, ત્યારથી તેઓ સંસ્થાના એક સમર્પિત હરિભક્ત-સેવક તરીકે જોડાઈ ગયા હતા. સન ૧૯૭૦માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ લંડન ખાતે પધાર્યા ત્યારે પાયાના સેવકોમાંના તેઓ એક હતા. શ્રી બાબુભાઈએ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી લંડનના બી.એ.પી.એસ. સત્સંગ વિકાસમાં ખૂબ સેવાઓ કરી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો અપાર રાજીપો પ્રાપ્ત કરનાર શ્રી બાબુભાઈના અક્ષરવાસથી લંડન સત્સંગમંડળને સેવાભાવી હરિભક્તની ખોટ પડી છે તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## અભિનંદન | શ્રી કેયૂર નરેન્દ્રકુમાર શર્મા : પીએચ.ડી. થયા



નવસારી સત્સંગમંડળના સંનિષ્ઠ યુવક પ્રો. કેયૂર નરેન્દ્રકુમાર શર્માએ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, મૅડિસિન વિદ્યાશાખામાં Optometry વિષય અંતર્ગત ‘An Evaluation of objective visuals outcomes and subjective visual experience after bilateral implantation of toric Intraocular lenses’ વિષય ઉપર મહાનિબંધ લખીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. હાર્દિક અભિનંદન...













## દેશ-વિદેશમાં મહાનુભાવો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની દર્શન-મુલાકાતે...

(૧) શતાબ્દી મહોત્સવના ઉપક્રમે યોજાયેલા પારિવારિક શાંતિ અભિયાનના અભિવાદન સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ, અમદાવાદ. (૨) ધુલિયા ખાતે કેન્દ્રીય મંત્રીશ્રી નીતિનભાઈ ગડકરી અભિષેક વિધિમાં. (૩) દુબઈ એક્સ્પોમાં બી.એ.પી.એસ. પેવિલિયનની મુલાકાતે ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી એન. વી. રમના. (૪) લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલા અને મહાનુભાવોએ અબુધાબી નિર્માણાધીન મંદિરની મુલાકાત લીધી.

Swaminarayan Prakash Gujarati, May-2022, Published on 1-5-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.









## ભારતીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા બ્રિટિશ વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન અને બી.એ.પી.એસ. પરિવારનું સ્નેહમિલન

તાજેતરમાં રાજધાની દિલ્હી ખાતે અને ગુજરાતમાં ગાંધીનગર ખાતે ભારત અને બ્રિટનના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ માનનીય શ્રી બોરિસ જોન્સનની બી.એ.પી.એસ. પરિવાર સાથેની સહજ મુલાકાત યોજાઈ ગઈ. દિલ્હી ખાતે વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાને શ્રી નરેન્દ્રભાઈ સાથે મુલાકાત દરમ્યાન બી.એ.પી.એસ.ના વરિષ્ઠ સદ્‌ગુરુવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તથા પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી. ગાંધીનગર ખાતે અક્ષરધામ પરિસરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને અંજલિ અર્પીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરતા બ્રિટિશ વડાપ્રધાનશ્રી બોરિસ જોન્સનનું અભિવાદન કરતા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas